વર્ષ 2 અંક 02

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

16-31 જુલાઈ, 2021
નિઃશુલ્ક વિતરણ

ટોક્યો ઓલિમ્પિક

## ખેલેગા ખિલેગા ઇન્ડિયા

યુવા ભારતને રમતગમતમાં મજબૂત અને સોફ્ટ પાવર બનાવવાની કવાયત

# કારગીલ વિજય દિવસ

## અદમ્ય સાહસના 22 વર્ષ



પહાડ પર થતા યુધ્ધમાં સૌથી ઉપર બેઠેલો હોય તેને ફાયદો થાય છે. એમાંય જો કોઇ સેના 18,000 ફુટની ઊંચાઇ પર હોય અને બીજી સેના નીચેથી હૂમલો કરવાની હોય તો જીત અશક્ય છે. પણ આજથી 22 વર્ષ પહેલાં ભારતીય સેનાએ એ શક્ય કરી બતાવ્યું. આટલી મોટી ઊંચાઇ પર યુધ્ધ થયાની વિશ્વની આ વિરલ ઘટના છે. દુશ્મન દ્વારા તોપમારા વચ્ચે આપણા સૈનિકોએ પોતાના જીવ હથેળી પર લઇને એક પછી એક દરેક શિખર પર ત્રિરંગો લહેરાવ્યો, જયાં દુશ્મન દેશના સૈનિકો ઘુસી આવ્યા હતા..26 જુલાઇ, 1999નાં રોજ પૂરા થયેલાં કારગીલ યુધ્ધમાં ભારતનો વિજય થયો. કારગિલ દિવસની 22મી વરસીએ ત્રિરંગાની ગરિમા જાળવી રાખવા લડનાર દરેક વીર જવાનને નમન..

“ઉપર પહાડો પર બેઠેલો દુશ્મન અને નીચે લડી રહેલી આપણી સેના, આપણા વીર જવાન. પણ, જીત પહાડની ઊંચાઇની નહીં, ભારતની સેનાના ઊંચા મનોબળ અને વીરતાની થઇ. હું તમામ દેશવાસીઓ તરફથી આપણા આ વીર જવાનોની સાથે સાથે એ વીર માતાઓને પણ નમન કરું છું, જેમણે માં ભારતીના સાચા સપૂતોને જન્મ આપ્યો.

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**”

ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**
વર્ષ 2 ,અંકઃ 02 | 16-31 જૂલાઈ, 2021

**સંપાદક**
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,નવી દિલ્હી

પરામર્શ સંપાદક
**સંતોષકુમાર**

ટીમ
**વિભોર શર્મા, ચંદન કુમાર ચૌધરી, સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), કોટેરુ શ્રાવણી (તેલુગુ), નદીમ અહેમદ (ઉર્દુ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ)**

ડિઝાઈન ટીમ
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા, દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણઃ**વિબા પ્રેસ (પ્રા.) લિમિટેડ સી-66/3, ઓખલા ઈન્ડસ્ટ્રિયલ એરિયા, ફેઝ-2, નવી દિલ્હી-110020**

**સંદેશાવ્યવહાર સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003
ઈમેલઃ response-nis@pib.gov.in

RNI No. :
DELGUJ/2020/78810

# અંદરના પાને..

## ઉત્કૃષ્ટ દેખાવની ઉજ્જવળ આશા



**કવર સ્ટોરી**
દેશની 65 ટકા વસતિ 35થી નીચેની વય ધરાવે છે. ટોક્યો ઓલિમ્પિકમાં ભારતના ખેલાડીઓનો જુસ્સો મજબૂત છે અને આ વખતે વધુ ચંદ્રકો મેળવીને નવો વિક્રમ સર્જવાની આશા છે પેજ 12-20
.
રમતગમતરાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) કિરણ રિજિજુ સાથે મુલાકાત પેજ 21-23



**દ્રઢ વિશ્વાસ અને પ્રોત્સાહનથી સુધારા**
કોવિડના સમયમાં પડકારો વચ્ચે ભારતે આત્મનિર્ભરતાના માર્ગ પર ચાલવાની શરૂઆત કરીઃ વડાપ્રધાનનો વિશેષ લેખ પેજ 6-8

**ફ્લેગશિપ યોજના**
**વડીલોને આર્થિક સ્વતંત્રતા આપતી સ્કીમ**
પ્રધાનમંત્રી વય વંદના યોજનાથી નિવૃત્તિ પછીની આર્થિક ચિંતા દૂર પેજ 24-25

**કૌશલ્ય વિકાસથી સ્વસ્થ ભારત-સશક્ત ભારતનો માર્ગ સરળ**



કૌશલ્ય વિકાસના આગામી તબક્કામાં વિશેષ ક્રેશ કોર્સ દ્વારા તૈયાર થશે કોવિડ યોદ્ધા પેજ 28-29

**સમાચાર સાર** પેજ 4-5
**અર્થતંત્રને રાહતનો બુસ્ટર ડોઝ** પેજ 9
કોવિડના સંકટ સમયમાં રૂ. 6 લાખ કરોડથી વધુની આર્થિક સહાયતા
**સમાજનું ઋણ ચૂકવવાની શીખ આપનારા ઉદ્યોગપતિ**
ભારતરત્નથી રતન ટાટાને શ્રદ્ધાંજલિ પેજ 10
**સમુદ્રમાં શોધને પ્રોત્સાહન આપવાની દિશામાં પગલું**
કેબિનેટની બેઠકના મહત્વના નિર્ણયો પેજ 11
**યોગ બન્યું કોવિડ કવચ**
7મા યોગ દિવસ પ્રસંગે વિશેષ પેજ 30-31
**વિશ્વનું સૌથી મોટું મફત રસીકરણ અભિયાન**
કોરાના સામેની લડાઈમાં રસીકરણમાં ભારતનો વિક્રમ પેજ 32-34
**જમીન સંરક્ષણની દિશામાં ભારત પર વિશ્વનો ભરોસો**
વડાપ્રધાનનું યુએનમાં સંબોધન પેજ 35
**ટોય સેક્ટરમાં આત્મનિર્ભરતા તરફ ભારતનાં ડગ**
રમકડાંના વૈશ્વિક બજારમાં હિસ્સો વધારવામાં આવશે પેજ 36-37
**જ્યારે કલમ બની આઝાદીની મશાલ**
બાલ ગંગાધર તિલક અને મુંશી પ્રેમચંદની કહાની પેજ 38-39
**ટેક્સ ભરવો હવે વધુ સરળ બન્યો** પેજ 40
**ભારતની સાંસ્કૃતિક ચેતનામાં અંકિત અયોધ્યા** પેજ 41
**સેવા અને નિષ્ઠાને સમર્પિત સીઆરપીએફ** પેજ 42-43



**મફતનું મનોરંજન**
માત્ર એક વાર રૂ. 1200થી રૂ. 1500 ખર્ચીને ડીડી ફ્રી ડીશ વસાવીને જીવનભર મફતમાં જૂઓ 160થી વધુ ચેનલો પેજ 26-27

# સંપાદકની કલમે

સાદર નમસ્કાર,

કેન્દ્ર સરકારની નવી રસીકરણ નીતિ શરૂ થયાના પ્રથમ દિવસે દેશભરમાં 86 લાખ રસીના ડોઝ આપવાનો વિક્રમ સર્જાયો હતો, જે મહામારી સામે લડવાની સરકારની પ્રતિબધ્ધતા દર્શાવે છે. રસીકરણ ઝૂંબશમાં ભારત અન્ય દેશો કરતાં ઘણું આગળ છે. હવે સરકારે કોવિડ સામેની લડાઇ મજબૂત કરવા ફ્રન્ટલાઇન વર્કર્સને કૌશલ્ય તાલીમ આપીને ભવિષ્ય માટેની તૈયારી પણ શરૂ કરી દીધી છે.

ભારતના યુવાનો રાષ્ટ્રને તમામ ક્ષેત્રોમાં ઝડપી પ્રગતિના માર્ગ પર લઈ જવા આતુર છે. યુવાનોની નવીન અને ટેકનિકલ કુશળતા દેશને મહામારી સામે અસરકારક રીતે લડવા મદદ કરી રહી છે. ભારત ઓલિમ્પિકમાં તેનું કૌવત બતાવવા સજ્જ છે, ત્યારે રમતવીરોનો ઉત્સાહ અને દેશવાસીઓનો ઉન્માદ વધી રહ્યો છે. ભારતીય ટીમમાં કેટલાંક રમતવીરો ગામડાં અને નાના શહેરોમાંથી આવે છે, જેમણે દેશનું પ્રતિનિધિત્વ કરવા અનેક અવરોધો પાર કર્યા છે. ટોક્યો ઓલિમ્પિક પર ભારતની ઊંચી આશા છે. આશાસ્પદ ખેલાડીઓને ભવિષ્ય માટે તૈયાર કરી શકાય તે માટે સરકારે કેટલાંક કાર્યક્રમો શરૂ કર્યા છે. 'ખેલો ઇન્ડિયા' જેવી પહેલ, ઓલિમ્પિકની જરૂરિયાતને પહોંચી વળે તેવી યોજનાઓ અથવા અંતરિયાળ વિસ્તારોમાંથી પ્રતિભાશાળી ખેલાડીઓને ઓળખવા પર ફોકસને કારણે દેશમાં નવું સ્પોર્ટસ કલ્ચર વિકસ્યું છે. સમાજ અને રાષ્ટ્ર માટે સ્પોર્ટસ હવે જીવનશૈલી તરીકે ઊભરી રહ્યું છે. ટોક્યો જઈ રહેલા આપણા રમતવીરો અને રમતગમત દ્વારા વિશ્વમાં સોફ્ટ પાવર બનવાની ભારતની મહત્વાકાંક્ષા આ અંકની કવર સ્ટોરી બની છે.

પ્રધાનમંત્રી વય વંદના યોજનાનો હેતુ વરિષ્ઠ નાગરિકોનું સશક્તિકરણ કરવાનો છે. પ્રામાણિક કરદાતાઓની સરળતા માટે e-ફાઇલિંગ 2.0 પોર્ટલનો પ્રારંભ, જમીન સંરક્ષણ માટે સંયુક્ત રાષ્ટ્ર ખાતે ભારતની પ્રતિબધ્ધતા, કોરોના મહામારીમાં કઇ રીતે યોગ નવી આશા તરીકે ઊભરી રહ્યું છે અને દેશમાં હાથ ધરવામાં આવેલા વિવિધ સુધારા પર પ્રકાશ પાડતો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો બ્લોગ આ અંકના મુખ્ય આકર્ષણો છે. ડીડી ફ્રી ડીશમાં મામૂલી રકમ ભરીને આજીવન મનોરંજન સુવિધાઓ મળવાથી ડીટીએચ દુનિયામાં તે અગ્રણી બની રહી છે, જે ગ્રામીણ ભારત માટે આશીર્વાદ સમાન છે.

અમૃત મહોત્સવ શ્રેણીમાં આ અંકમાં સ્વાતંત્ર્ય સેનાની લોકમાન્ય તિલક અને પોતાની કલમથી આઝાદીની ક્રાંતિ જગાવનાર પ્રસિધ્ધ હિન્દી સાહિત્યકાર મુન્શી પ્રેમચંદના પ્રદાનનું વર્ણન કરવામાં આવ્યું છે. ભારત રત્ન મેળવનાર દેશના એક માત્ર ઉદ્યોગપતિ અને સમાજને ઋણ ચૂકવનાર જેઆરડી ટાટાના 117માં જન્મદિવસે શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે.

કોવિડ પ્રોટોકોલનું પાલન કરીને સ્વસ્થ રહો, સુરક્ષિત રહો અને તમારા સૂચનો મોકલતાં રહો

સરનામું: રૂમ નંબર-278, બ્યૂરો ઓફ
આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
બીજો માળ, સૂચના ભવન, નવી દિલ્હી-110003
ઇમેલઃ **response-nis@pib.gov.in**

જયદીપ ભટનાગર
**(જયદીપ ભટનાગર)**

# પ્રતિભાવ...




મહર્ષિ પતંજલિએ શરૂ કરેલી યોગ પ્રણાલિને આગળ ધપાવવા કેન્દ્ર સરકારની પહેલથી શરૂ થયેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંગેનો વિસ્તૃત લેખ આપતો ન્યૂ ઈન્ડિયા સમાચારનો અંક મેળવીને આનંદ થયો. એ સ્થાપિત હકીકત છે કે યોગનો અભ્યાસ કરીને યોગ્ય જીવનશૈલી અપનાવીએ તો વ્યક્તિ તંદુરસ્ત અને સુખી રહી શકે છે. માનવજીવનનો આ જ અંતિમ ધ્યેય છે. જીવલેણ કોવિડ મહામારી હજુ પૂરી નથી થઈ અને કેસો ઓછા થવાથી આપણે સંતુષ્ટ થવાની જરૂર નથી એવો સંદેશો તમે સઘન પૃથક્કરણ અને કોરોના યોદ્ધાઓની તસવીરો સાથે આપ્યો. પ્રથમ લહેર બાદ આપણે કાળજી ન રાખતાં તેનું પરિણામ આપણે જોયું છે. ભૂતકાળમાં બનેલી સારી કે ખરાબ ઘટનાઓમાંથી આપણે બોધ લેવાનો છે. કટોકટીનો એ યુગ અને તેની અસરોએ આપણને લોકશાહી અને પ્રજા ભાગીદારીનું મહત્વ શીખવ્યું.

**જગદીશ શર્મા**

jagdishsharma@ignou.ac.in

## તમારા સૂચનો અમને મોકલો

### સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ

રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ,
નવી દિલ્હી-110003

**ઈમેલ: response-nis@pib.gov.in**

ન્યૂ ઈન્ડિયા સમાચારની લેટેસ્ટ આવૃત્તિમાં અનેક લેખો માહિતીપ્રદ છે. લોકોએ યોગાભ્યાસ કરવો જોઈએ, જેનાથી રોગો સામે લડવાની શક્તિ વધે છે. મેગેઝીનમાં સારા વિષયો પસંદ કરવામાં આવે છે. નવા અંકની રાહ જોતા હોઈએ છીએ.

khalidhera786@gmail.com

માહિતી મેળવવા માટે ન્યૂ ઈન્ડિયા સમાચાર અત્યંત વિશ્વાસપાત્ર સ્રોત છે. આ મેગેઝીન સ્પર્ધાત્મક પરીક્ષા માટે ખૂબ ઉપયોગી છે, વિષયવસ્તુ સારા હોય છે અને ભાષા પણ ઉત્તમ હોય છે. આ રીતે લેટેસ્ટ અપડેટ આપતા રહેશો. ભવિષ્ય માટે શુભકામના.

જ્યોતિ પાંડે
**jyotipandey0102@gmail.com**

મારા જેવા વિદ્યાર્થીને વર્તમાન સમાચારોથી માહિતગાર રાખવા બદલ આભાર. મેગેઝીનમાં વિવિધ વિષયોને લઈને વિગતવાર માહિતી આપવામાં આવે છે. હું આ મેગેઝીનની આતૂરતાપૂર્વક રાહ જોતો હોઉં છું. સરકારી યોજનાઓની વિગતવાર માહિતી વાંચીને ઘણો લાભ થાય છે.

**harshruhi12@gmail.com**

રાષ્ટ્રીય મહત્વ ધરાવતા તમામ મુદ્દાઓ અંગે વાચકોને અપડેટ રાખવા બદલ ન્યૂ ઈન્ડિયા સમાચારની સમગ્ર ટીમનો આભાર. તમારું મેગેઝીન ખરેખર બહુ સારું કામ કરે છે. સમગ્ર ભારત વતી ફરી એક વાર આભાર.

**વૃતિકા થોરિયા**
vrutikathoria@gmail.com

આવા મેગેઝીન દેશ અને દેશવાસીઓની પ્રાથમિક જરૂરિયાત છે, જે દેશ અને સરકારની યોજનાઓ, કાર્યો અને લક્ષ્યોથી સામાન્ય માણસને પરિચીત કરાવે છે. આપનું મેગેઝીન વધુને વધુ લોકો સુધી પહોંચે તે માટેનો પ્રયાસ કરો.

**સીતા રામ શર્મા 'ચેતન'**
srschetan@gmail.com

# સલામત ડિજિટલ લેવડદેવડ માટે રાષ્ટ્રીય હેલ્પલાઈન

ડિજિટલ લેવડદેવડની લોકપ્રિયતા વધી રહી હોવાથી કેન્દ્ર સરકાર સલામત ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થા પૂરી પાડવા નવી પહેલ કરી રહી છે. સાઈબર ગુનાને કારણએ થતું નાણાંકીય નુકસાન ઘટાડવા ગૃહ મંત્રીએ રાષ્ટ્રીય હેલ્પલાઈન 155260 અને રિપોર્ટિંગ પ્લેટફોર્મનો પ્રારંભ કર્યો છે. આ હેલ્પલાઈન અને રિપોર્ટિંગ પ્લેટફોર્મમાં સાઈબર ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ પોતાનું નાણાંકીય નુકસાન અટકાવી શકે તે માટે વ્યવસ્થાતંત્ર પુરું પાડ્યું છે. આ હેલ્પલાઈન નંબરનો ઉપયોગ હાલમાં છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (છત્તીસગઢ, દિલ્હી, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તેલંગાણા, ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશ) કરે છે, જે દેશની 35 ટકાથી વધુ વસતિને આવરી લે છે. શરૂ થયાના બે મહિનાની અંદર હેલ્પલાઈને 155260 લોકોનાં રૂ. 1.85 કરોડ ગુનેગારોના હાથમાં જતા બચાવ્યા છે. હેલ્પલાઈન અને તેનું સંલગ્ન પ્લેટફોર્મ નીચે પ્રમાણે કામ કરે છેઃ

- સાઈબર ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ હેલ્પલાઈન નંબર 155260 પર કોલ કરે છે, આ હેલ્પલાઈન સંબંધિત રાજ્ય પોલિસ સંભાળે છે.
- પોલિસ ઓપરેટર સિટિઝન ફાઈનાન્સિયલ સાઈબર ફ્રોડ રિપોર્ટિંગ એન્ડ મેનેજમેન્ટ સિસ્ટમમાં છેતરપિંડી થઈ હોય તે ટ્રાન્ઝેક્શનની વિગતો અને કોલ કરનાર વ્યક્તિની વિગતો ટિકિટના સ્વરૂપમાં નોંધે છે.



- જે ખાતામાંથી નાણાંની ઉચાપત થઈ હોય તે બેન્ક, વોલેટ કે મર્ચન્ટ વગેરેને આ ટિકિટ મોકલવામાં આવે છે.
- ભોગ બનેલી વ્યક્તિને ફરિયાદનો એકનોલોજેમેન્ટ નંબર મોકલવામાં આવે છે. આ વ્યક્તિએ 24 કલાકની અંદર એકનોલેજમેન્ટ નંબર સાથેની સંપૂર્ણ વિગતો નેશનલ સાઈબરક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (https://cybercrime.gov.in/) પર રજૂ કરવાની રહેશે.
- સંબંધિત બેન્ક હવે રિપોર્ટિંગ પોર્ટલ પર ડેશબોર્ડ પર ટિકિટ જોઈ શકશે અને તેની ઈન્ટરનલ સિસ્ટમ પર વિગતો ચકાસી શકે છે.
- જો ઉચાપત થયેલા નાણાં હજુ પણ ઉપલબ્ધ હોય તો બેન્ક તેને 'હોલ્ડ' પર રાખે છે, એટલે કે ગુનેગાર એ પૈસા ઉપાડી ન શકે. જો એ નાણાં અન્ય બેન્કમાં જતા રહ્યા હોય તો જે બેન્કમાં પૈસા ટ્રાન્સફર થયા હોય તે બેન્કમાં ટિકિટ ટ્રાન્સફર થાય છે. પૈસાને ગુનેગારોના હાથમાં જતા રોકવામાં ન આવે ત્યાં સુધી આ પ્રક્રિયાનું પુનરાવર્તન થાય છે.

# સોનાનું હોલમાર્કિંગ ફરજિયાત કરાયું

ભારતીય ગ્રાહકોનું સોના પ્રત્યેનો મોહ જાણીતો છે, ખાસ કરીને ગૃહિણીઓને સોનાના આભૂષણો પહેરવાનો શોખ હોય છે. સોનાની ખરીદી ફેશન અને સામાજિક દરજ્જાનું પ્રતીક હોવાની સાથે સાથે ભવિષ્યની



સલામતી માટે શાણપણભર્યું રોકાણ પણ છે, જે મુશ્કેલીના સમયમાં કામ લાગે છે. મહિલાઓ અને ગ્રામીણ લોકો સોનામાં રોકાણને શ્રેષ્ઠ વિકલ્પ માને છે. લગ્ન સમારોહમાં સોનાનાં આભૂષણો ભેટ આપવાની આપણે ત્યાં પરંપરા છે. સોનામાં ભેળસેળ અથવા નકલી સોના સામે ગ્રાહકોને રક્ષણ આપવા કેન્દ્ર સરકારે સોના માટેનું હોલમાર્ક ફરજિયાત બનાવ્યું છે. આને કારણે ગ્રાહકોને શુધ્ધ સોનાની ખાતરી અને સંતોષ મળશે તેમજ જ્વેલર્સની વિશ્વસનિયતા વધશે.

# 2022 માટે પદ્મ એવોર્ડ્સ માટેનાં નોમિનેશન મોકલો

સમાજ અને દેશનાં કલ્યાણ માટે ચૂપચાપ કામ કરતા ગુમનામ નાયકોનું સન્માન કરવાની કેન્દ્ર સરકારની પ્રતિબધ્ધતાને કારણે પદ્મ પુરસ્કાર 'જન પદ્મ' થઈ ગયાં છે. 2022નાં પદ્મ એવોર્ડ્સ માટે નોમિનેશનની અંતિમ તારીખ 15 સપ્ટેમ્બર છે.



આ એવોર્ડ ત્રણ કેટેગરીમાં આપવામાં આવે છે, પદ્મવિભૂષણ, પદ્મભૂષણ અને પદ્મશ્રી. કોઈ પણ ક્ષેત્રમાં અસાધારણ પ્રદાન કરનાર વ્યક્તિને આ એવોર્ડ આપવામાં આવે છે. પદ્મ એવોર્ડ્સ પોર્ટલ https://padmaawards.gov.in/AboutAwards.aspx. પર જ ઓનલાઈન માધ્યમથી નોમિનેશન સ્વીકારવામાં આવશે. પદ્મ એવોર્ડસ અંગેના નિયમો https://padmaawards.gov.in/AboutAwards.aspx. પર ઉપલબ્ધ છે.

# વૈશ્વિક નેતાઓમાં પીએમ મોદીને સર્વોચ્ચ એપ્રુવલ રેટિંગ



એપ્રુવલ રેટિંગના સંદર્ભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના તમામ નેતાઓની સરખામણીમાં સૌથી આગળ છે, એમ અમેરિકન ડેટા ઇન્ટેલિજન્સ ફર્મ મોર્નિંગ કન્સલ્ટનો નવો સરવે જણાવે છે. વડાપ્રધાનનું વૈશ્વિક એપ્રુવલ રેટિંગ 66 ટકા છે, જે યુએસ, યુકે, રશિયા, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, કેનેડા, બ્રાઝિલ અને જર્મની સહિતના 13 દેશો કરતાં ઊંચું છે. આ રેટિંગ પ્રમાણે અમેરિકન પ્રમુખ જો બાઇડન, જર્મન ચાન્સેલર એંજલા મર્કેલ, કેનેડાના વડાપ્રધાન ટ્રુડેઉ અને ફ્રેન્ચ પ્રમુખ મેક્રોં વડાપ્રધાન મોદી કરતા પાછળ છે.




## KVICના વેચાણમાં 8 ટકાનો વધારો નોંધાયો

ભારતના ગામડાંના ઉદ્યોગસાહસિકોએ આપણને કઈ રીતે આપત્તિને અવસરમાં પલટી શકાય તેનો પાઠ શીખવ્યો છે. આ મહામારી દરમિયાન પણ ખાદી અને ગ્રામોદ્યોગ પંચ (KVIC)એ તેનું અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ નોંધાવ્યું છે. 'આત્મનિર્ભર ભારત' અને 'લોકલ ફોર વોકલ'ની હાકલે આ ક્ષેત્રને વેગ આપ્યો છે. ખાદી ઈ-પોર્ટલનો પ્રારંભ ઉપરાંત માસ્ક, નેચરલ પેઈન્ટ, હેન્ડ સેનિટાઇઝર્સ જેવી અનેક પ્રોડક્ટને કારણે મહામારી દરમિયાન ટર્નઓવરમાં વધારો નોંધાયો છે. વર્ષ 2020-21માં KVICએ રૂ. 95,741 કરોડનું વાર્ષિક ટર્નઓવર નોંધાવ્યું હતું, જે 2019-20માં રૂ. 88,887 કરોડની સરખામણીમાં 7.71 ટકા વધુ હતું. આ જ રીતે, 2020-21માં ગ્રામોદ્યોગ પ્રોડક્ટ્સનું વેચાણ રૂ. 92,214.03 કરોડ હતું, જે 2019-20માં રૂ. 84,675.29 કરોડ હતું. 2015-16ની સરખામણીમાં ખાદી અને ગ્રામોદ્યોગ ક્ષેત્રના એકંદર ઉત્પાદનમાં 101 ટકાનો તીવ્ર વધારો નોંધાયો હતો, જ્યારે આ સમયગાળામાં કુલ વેચાણ 128.66 ટકા વધ્યું હતું.

## અભૂતપુર્વ કામગીરી બદલ સુદાનમાં ભારતીય શાંતિ સૈનિકોને યુએન ચંદ્રકો



ભારતીય લશ્કર તેના સાહસ અને ભરોસાને કારણે વિશ્વના ખૂણામાં પણ પ્રશંસા મેળવી રહ્યું છે. સરહદ પર સલામતી સુનિશ્ચિત કરવાની હોય કે કોવિડ મહામારી દરમિયાન દેશમાં મદદ કરવાની હોય કે પછી શાંતિ સૈનિક દળ તરીકે વિશ્વના કોઇ પણ ભાગમાં કામગીરી કરવાની હોય, ભારતીય લશ્કરના સાહસનું વિશ્વભરમાં સન્માન થયું છે. દક્ષિણ સુદાનમાં યુનાઇટેડ નેશન્સ મિશન (UNMISS) માં 135 ભારતીય શાંતિરક્ષકોને સામેલ કરવામાં આવ્યા છે, જેમની અભૂતપુર્વ કામગીરી બદલ પ્રતિષ્ઠીત યુનાઇટેડ નેશન્સ મેડલ અર્પણ કરવામાં આવ્યો છે. યુએન શાંતિરક્ષક અભિયાનોમાં સૌથી વધુ લશ્કરી પ્રદાન કરનારા દેશોમાં ભારત અગ્રણી છે. હાલમાં 12માંથી આઠ યુએન મિશનમાં ભારતના આશરે 5500 સૈનિકો ફરજ નિભાવી રહ્યા છે.



# દ્રઢ નિર્ધાર અને પ્રોત્સાહનો દ્વારા રાજ્યોમાં સુધારા

**નવા ભારતમાં રાષ્ટ્ર નિર્માણની દિશામાં અભિગમ બદલાયો છે. દેશમાં નવા વિચારોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે અને કોરાના મહામારીમાં આપત્તિને અવસર માનીને સુધારા કરવામાં આવી રહ્યા છે. કેન્દ્ર-રાજ્ય ભાગીદારીના સમવાયી માળખાને મજબૂત કરવું, રચનાત્મક નીતિઓ ઘડવી અને નાગરિકોને સક્ષમ નેતાગીરી પૂરી પાડવી કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મિડિયા પ્લેટફોર્મ 'લિન્કડઇન' પર યુવાનો અને વ્યાવસાયિકો સાથે પોતાના વિચારો રજૂ કર્યા.**

■ **નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

કોવિડ મહામારીએ વિશ્વભરની સરકારો માટે નીતિ-ઘડતરના સંદર્ભમાં અનેક નવા પડકારો સર્જ્યા છે. ભારત પણ તેમાં અપવાદ નથી. સાતત્યતા સુનિશ્ચિત કરવાની સાથે સાથે જન કલ્યાણ માટે પૂરતા સંસાધન ઊભાં કરવા સહિતના અનેક મોટાં પડકાર છે. વિશ્વભરમાં નાણાંકીય કટોકટીની પૃષ્ઠભૂમિમાં ભારતીય રાજ્યો 2020-21માં નોંધપાત્ર ઋણ એકત્ર કરી શક્યા હતા એ તમે જાણો છો?

**તમારા માટે એ કદાચ એ સુખદ આશ્ચર્ય હશે કે 2020-21માં રાજ્યો વધારાના રૂ. 1.06 લાખ કરોડ એકત્ર કરી શક્યા હતા.**

કેન્દ્ર-રાજ્યો વચ્ચેની ભાગીદારીના અભિગમને કારણે સંસાધનોની ઉપલબ્ધિમાં

નોંધપાત્ર વધારો થઈ શક્યો હતો. અમે કોવિડ-19 મહામારી સામે આર્થિક રીતે કઈ રીતે સામનો કરવો તેની યોજના ઘડતી વખતે એ સુનિશ્ચિત કર્યું કે, અમારા ઉપાય દરેક રાજ્ય માટે સરખા ન હોય.

**અલગ અલગ વિભાગોમાં ફેલાયેલા રાજ્યો ધરાવતા સમવાયી દેશ માટે રાષ્ટ્રીય સ્તરે નીતિ ઘડવી એ ખરેખર પડકારજનક હતું. પણ અમને અમારી સમવાયી રાજનીતિ પર વિશ્વાસ હતો અને કેન્દ્ર-રાજ્ય ભાગીદારીની ભાવના સાથે આગળ વધ્યા.**

મે 2020માં આત્મનિર્ભર ભારતના પેકેજના ભાગ રૂપે ભારત સરકારે જાહેરાત કરી કે રાજ્ય સરકારને 202-21 માટે વધુ ઋણ લેવાની મંજૂરી આપવામાં આવશે. જીએસડીપીના બે ટકા વધારાનું ઋણ લેવા મંજૂરી આપવામાં આવી તેમાંથી એક ટકા એ શરતે મંજૂરી આપી કે રાજ્યએ કેટલાંક આર્થિક સુધારા પર અમલ કરવો પડશે. સુધારા માટે આ ફેરફાર ભારતના પબ્લિક ફાઈનાન્સમાં અપવાદરૂપ છે. આ એક ધક્કો હતો, જેનાથી રાજ્યોને વધારાના નાણાં મેળવવા માટે પ્રગતિશીલ નીતિઓ અપનાવવા પ્રોત્સાહન આપવામાં આવ્યું. આ પ્રયોગનાં પ્રોત્સાહક પરિણામ આવ્યા એટલું જ નહીં, એ માન્યતા પણ તોડી કે નક્કર આર્થિક નીતિઓના સમર્થકો મર્યાદિત છે. જે ચાર સુધારા સાથે વધારાનું ઋણ સંકળાયેલું હતું (દરેક સુધારા સાથે જીડીપીના 0.25 ટકા રકમ સંકળાયેલી હતી) તેન બેવિશેષતા હતી.

**પ્રથમ, દરેક સુધારો લોકો, ખાસ કરીને ગરીબ, નબળાં અને મધ્યમ વર્ગનું જીવન ધોરણ સુધારવા (ઈઝ ઓફ લિવિંગ) સાથે સંકળાયેલો હતો. બીજું, આ સુધારા નાણાંકીય સાતત્યતાને પણ પ્રોત્સાહન આપે છે. 'વન નેશન વન રેશન કાર્ડ' પોલિસી હેઠળ રાજ્ય સરકારોએ એ સુનિશ્ચિત કરવાનું હતું કે રાજ્યમાં નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ (NFSA) અંતર્ગત તમામ રેશન કાર્ડ તમામ પરિવારજનોના આધાર નંબર સાથે સંકળાયેલા હોય અને રેશનિંગની તમામ દુકાનોમાં ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ ડિવાઈસ હોય.**

આનો મુખ્ય લાભ એ છે કે પરપ્રાંતિય શ્રમિકો દેશમાં ગમે ત્યાંથી તેમનું અનાજ ખરીદી શકે છે. નાગરિકોને આ લાભ તો થયો, સાથે સાથે બોગસ કાર્ડ અને ડુપ્લિકેટ સભ્યો પણ નાબૂદ થયા. 17 રાજ્યોએ આ સુધારા કર્યા અને તેમને રૂ.



37,600 કરોડનું વધારાનું ઋણ મંજૂર કરવામાં આવ્યું.

**'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'માં સુધારો કરવાના હેતુથી કરવામાં આવેલા બીજા સુધારામાં રાજ્યોએ એ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે સાત કાયદા હેઠળના વેપાર સંબંધિત લાઈસન્સનું રીન્યુઅલ માત્ર ફી ચૂકવવાથી ઓટોમેટિક, ઓનલાઈન તેમજ બિન-વિવેકાધીન રીતે કરવાાં આવે.**

રાજ્યોએ કમ્પ્યુટરાઈઝ્ડ રેન્ડમ ઈન્સ્પેક્શન સિસ્ટમનો અમલ કરવાનો હતો અને 12 કાયદા હેઠળ સતામણી અને ભ્રષ્ટાચાર ઘટાડવા પૂર્વ નોટિસ આપવી જરૂરી હતી. કુલ 19 કાયદાને આવરી લેતા આ સુધારા 'ઈન્સ્પેક્ટર રાજ'થી સૌથી વધુ પિડાતા સુક્ષ્મ અને ઉદ્યોગ સાહસોને મદદરૂપ છે. આ સુધારાઓથી રોકાણનું વાતાવરણ સુધરે છે, રોકાણ વધે છે અને ઝડપી વૃદ્ધિ થાય છે. 20 રાજ્યોએ આ સુધારાઓ અમલી કર્યા છે અને તેમને વધારાના રૂ. 39,521 કરોડનું ઋણ આપવામાં આવ્યું હતું. 15મું નાણાં પંચ અને કેટલાંક શિક્ષણવિદોએ નક્કર મિલકત વેરા પ્રણાલિ અપનાવવા પર ભાર મૂક્યો છે.

**ત્રીજા સુધારામાં રાજ્યોએ મિલકત વેરો અને પાણી-ગટર ચાર્જના લઘુતમ દરોને શહેરી વિસ્તારોમાં અનુક્રમે મિલકતના વ્યવહારો માટેની સ્ટેમ્પ ડ્યુટીની માર્ગદર્શિકા મૂલ્યને અનુરૂપ અધિસૂચિત કરવું જરૂરી છે. આનાથી શહેરી ગરીબો, મધ્યમવર્ગને ગુણવત્તાસભર સેવાઓ મળશે, માળખાકીય સુવિધાઓને ટેકો મળશે અને વૃદ્ધિને વેગ મળશે.**



> **હવે પરપ્રાંતિય શ્રમિકો દેશના કોઈ પણ સ્થળેથી પોતાનું રેશન ખરીદી શકે છે. નાગરિકોને આ લાભ ઉપરાંત બોગસ કાર્ડ અને ડુપ્લીકેટ સભ્યોનાં નામ નાબૂદ થવાનો પણ આર્થિક લાભ છે**

મિલકત વેરો પણ પ્રગતિશીલ છે અને આ રીતે શહેરી વિસ્તારોમાં ગરીબોને સૌથી વધુ લાભ થશે. આ સુધારાથી નગરપાલિકાના કર્મચારીઓને પણ લાભ થાય છે, જેમને ઘણી વાર મજૂરીની ચૂકવણીમાં વિલંબનો સામનો કરવો પડે છે. 11 રાજ્યોએ આ સુધારાઓ પૂરા કર્યા અને તેમને રૂ. 15,957 કરોડનું વધારાનું ઋણ આપવામાં આવ્યું.

**ચોથો સુધારો હતો ખેડૂતોને મફતમાં વીજ પુરવઠાના બદલામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT)નો અમલ.**

રાજ્યોએ રાજ્યવ્યાપી યોજના ઘડવી જરૂરી હતી, જેમાં વર્ષના અંત સુધીમાં એક જિલ્લામાં પ્રાયોગિક ધોરણે વાસ્તવિક અમલ કરવાનો હતો. જીએસડીપીના 0.15 ટકાનું વધારાનું ઋણ આ યોજના સાથે સંકળાયેલું હતું. ટેકનિકલ અને કમર્શિયલ ખોટ માટે અને આવક-ખર્ચ વચ્ચેનો તફાવત ઘટાડવા (પ્રત્યેકમાં જીએસડીપીના 0.05 ટકા) કોમ્પોનન્ટ પૂરાં પાડવામાં આવ્યાં હતાં. તેનાથી વિતરણ કંપનીઓની નાણાંકીય સ્થિતિ સુધરે છે, જળ અને ઊર્જા સંચયને પ્રોત્સાહન મળે છે અને નાણાંકીય તથા ટેકનિકલ કામગીરી સુધરવાથી સેવાની ગુણવત્તામાં સુધારો થાય છે. 13 રાજ્યોએ ઓછામાં ઓછો એક કોમ્પોનન્ટ લાગુ કર્યો, જ્યારે છ રાજ્યોએ ડીબીટી કોમ્પોનન્ટ લાગુ કર્યો. પરિણામે, રૂ. 13,201 કરોડના વધારાના ઋણની મંજૂરી આપવામાં આવી.

એકંદરે, 23 રાજ્યોએ રૂ. 2.14 લાખ કરોડની ક્ષમતામાંથી રૂ. 1.06 લાખ કરોડનું વધારાનું ઋણ લીધું. પરિણામે, 2020-21 માટે રાજ્યોને આપવામાં આવેલી કુલ ઋણ મંજૂરી (શરતી અને બિનશરતી) પ્રારંભિત જીએસડીપીના અંદાજના 4.5 ટકા હતી.

**ભારત જેવા જટિલ પડકારો ધરાવતા વિશાળ દેશમાં આ અનોખો અનુભવ હતો. આપણે ઘણી વાર જોયું છે કે વિવિધ કારણોસર યોજનાઓ અને સુધારાઓ પર વર્ષો સુધી કોઈ અમલ થતો નથી. આ ભૂતકાળની વાત છે. હવે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ સાથે મળીને મહામારીના સમયમાં પણ ટૂંકા સમયગાળામાં જનતાલક્ષી સુધારાઓ દાખલ કર્યા. 'સબકા સાથ, સબકા વિકાસ'ના અભિગમને અપનાવવાને કારણે આ શક્ય બન્યું હતું. આ સુધારાઓ પર કામ કરનારા અધિકારીઓ સૂચવે છે કે વધારાનું ભંડોળ આપવાના આ પ્રોત્સાહન વગર નીતિઓ ઘડવામાં વર્ષો લાગી જાત. ભારતે 'દ્રઢ વિશ્વાસ અને પ્રોત્સાહન'થી સુધારાનું નવું મોડલ જોયું છે.**

મહામારીના કપરા સમયમાં નાગરિકોની સુવિધા માટે આ નવી નીતિઓ અમલી બનાવવામાં આગેવાની લેનારા તમામ રાજ્યોનો હું આભારી છું. 130 કરોડ ભારતીયોની ઝડપી પ્રગતિ માટે આપણે સાથે મળીને કામ કરતા રહીશું.

●

**https://www.narendramodi.in/hi/23-06-2021-reforms-by-conviction-and-incentives-555837**

# અર્થતંત્રને બુસ્ટર ડોઝ



**કોવિડને કારણે જનજીવનની સાથે સાથે અર્થતંત્ર પર પણ વિપરીત અસર પડી છે. સરકારે 'જાન ભી જહાન ભી'ના મૂળ મંત્ર સાથે સમયાંતરે અનેક પગલાં ભર્યા છે. ગરીબો, ગ્રામીણો અને ખેડૂતોને નડી રહેલી આર્થિક મુશ્કેલી હળવી કરવા કેટલાંક પગલાં લેવામાં આવ્યા હતા. સાથે સાથે, લોકોનું જીવન ધોરણ સુધારવા અને મહામારીને કારણે અસરગ્રસ્ત ક્ષેત્રોને રાહત પૂરી પાડવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા. હવે, નાણાં મંત્રીએ કોરોનાની બીજી લહેરથી અસરગ્રસ્ત ક્ષેત્રો માટે આઠ નવા પેકેજની જાહેરાત કરી છે.**

### કોવિડ અસરગ્રસ્ત ક્ષેત્રો માટે લોન ગેરન્ટી સ્કીમ

- આ નવી યોજના હેઠળ વેપારી એકમોને રૂ. 1.1 લાખ કરોડનું વધારાનું ધિરાણ મળી રહેશે, તેમાં આરોગ્ય ક્ષેત્ર માટે રૂ. 50,000 કરોડનો સમાવેશ થાય છે.
- નાણાં મંત્રીએ પર્યટન સહિતના અન્ય ક્ષેત્રો માટે રૂ.60,000 કરોડની જાહેરાત કરી હતી, જેનો વ્યાજ દર 8.5 ટકા રહેશે.

### આત્મનિર્ભર ભારત રોજગાર યોજના (ANBRY) લંબાવાઈ

- આત્મનિર્ભર ભારત રોજગાર યોજનાને 30 જુન, 2021થી લંબાવીને 31 માર્ચ, 2022 કરવામાં આવી છે. આ યોજના હેઠળ આશરે 80,000 સંસ્થાઓના 21.40 લાખ લોકોને લાભ મળ્યો છે.
- આ યોજના અંતર્ગત રૂ. 15,000થી ઓછી માસિક આવક ધરાવતા 58.50 લાખ અંદાજિત લાભાર્થીઓને રૂ. 22,810 કરોડ ફાળવવામાં આવ્યા છે.

### જાહેર આરોગ્ય માટે રૂ. 23,220 કરોડ ફાળવાયા

- આ યોજનમાં જન આરોગ્ય પર ખર્ચ કરવામાં આવ્યો છે, જેમાં બાળકો અને પીડિયાટ્રિક કેર/પીડિયાટ્રિક બેડ્સ પર એક વર્ષ માટે ખાસ ભાર મૂકવામાં આવશે
- તેમાં માનવ સંસાધન ક્ષમતા વધારવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જે મેડિકલ વિદ્યાર્થીઓ અને નર્સને રોજગારી પૂરી પાડશે
- કેન્દ્ર, જિલ્લા અને પેટા-જિલ્લા સ્તરે આઈસીયુ બેડ અને ઓક્સિજન પુરવઠો વધારવામાં આવશે

### પર્યટન ક્ષેત્ર માટેની મોટી જાહેરાતો

- આંતરરાષ્ટ્રીય મુસાફરી શરૂ થઈ જાય પછી ભારતમાં આવનારા પ્રથમ પાંચ લાખ પર્યટકોએ વિઝા ફી નહીં ચૂકવવી પડે. આ સ્કીમ 31 માર્ચ, 2022 સુધી અમલી છે. એ પહેલાં પાંચ લાખ વિઝા અપાઈ જાય તો સ્કીમ બંધ કરવામાં આવશે. પર્યટક માત્ર એક જ વાર આ માફીનો લાભ લઈ શકશે.
- ટ્રાવેલ એજન્સીઓને રૂ. 10 લાખ સુધીની અને ટુરિસ્ટ ગાઈડ્સને રૂ. એક લાખ સુધીની લોન

### પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

- સરકાર 80 કરોડ ગરીબોને મફતમાં રેશન પુરું પાડવા રૂ. 93,869 કરોડ ખર્ચશે. આ યોજના પાછળ કુલ રૂ. 2,27,841 કરોડ ખર્ચવામાં આવશે.
- નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ અંતર્ગત મેથી નવેમ્બર 2021 સુધી પાંચ કિલો અનાજ પૂરું પાડવામાં આવશે.

### પૂર્વોત્તર ભારતના રાજ્યોમાં કૃષિ વિકાસ પર ભાર

- નોર્થ ઈસ્ટ રિજનલ એગ્રીકલ્ચરલ માર્કેટિંગ કોર્પોરેશન માટે રૂ. 77.45 કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. વચેટિયાઓ અને એજન્ટોને દૂર કરીને ખેડૂતોને 10થી 15 ટકા ઊંચી કિંમત આપવાની યોજના છે.
- બજેટમાં રૂ. 85,413 કરોડની ફાળવણી ઉપરાંત રૂ. 14,775 કરોડની વધારાની ખાતર સબસિડી ઉપલબ્ધ કરવામાં આવશે

### નિકાસને પ્રોત્સાહન

- રૂ. 33,000 કરોડનાં પ્રોત્સાહન દ્વારા નિકાસને વેગ આપવા પર ભાર મૂકવામાં આવશે.

### તમામ ગામડાંમાં ઈન્ટરનેટ જોડાણ

- ડિજિટલ ઈન્ડિયા હેઠળ તમામ ગામડાંને બ્રોડબેન્ડ હેઠળ આવરી લેવામાં આવશે, જેનાં માટે રૂ. 19,041 કરોડ ખર્ચવામાં આવશે. ભારતનેટના પીપીપી મોડલ હેઠળ 16 રાજ્યોમાં આ યોજનાનો અમલ થશે.

### પીએલઆઈનો સમયગાળો લંબાવવામાં આવ્યો

- અગાઉ જાહેર કરવામાં આવેલી પર્ફોર્મન્સ લિન્ક્ડ ઈન્સેન્ટિવ્સ (PLI) યોજનાને એક વર્ષ માટે લંબાવવામાં આવી છે. ●

# સમાજનું ઋણ ચૂકવવાની શીખ આપનારા ઉદ્યોગપતિ



**જહાંગીર રતનજી દાદાભોય ટાટાનું પ્રદાન માત્ર ઉદ્યોગજગત પૂરતું જ સિમીત નહોતું. સમાજસેવામાં પણ તેમનું એટલું જ મોટું પ્રદાન હતું. કર્મચારીઓ અને મેનેજમેન્ટ વચ્ચે સૌહાર્દપૂર્ણ સંબંધો, પરિવારની ભાવના અને વિશ્વાસની પરંપરાની શરૂઆત તેમણે કરી હતી, જે હવે કેન્દ્ર સરકારના નવા શ્રમ કાયદાનો આધાર બન્યો છે. ભારતના પ્રથમ કમર્શિયલ પાયલટ હોવાની સાથે સાથે એર ઇન્ડિયાનો પાયો નાખવાનો શ્રેય પણ તેમને જાય છે...**

પેરિસમાં 29 જુલાઇ, 1904નાં રોજ જન્મેલા જેઆરડી (જહાંગીર રતનજી દાદાભોય) ટાટા, એ રતનજી દાદાભોય ટાટા અને સુઝેન બ્રિઅરનું બીજું સંતાન હતા. તેમના પિતા દેશના અગ્રણી ઉદ્યોગ જૂથ ટાટા ગ્રૂપના સ્થાપક જમશેદજી ટાટાના પિતરાઇ હતા. માતા ફ્રેન્ચ હોવાથી તેમણે મોટા ભાગનું બાળપણ ફ્રાન્સમાં વીતાવ્યું. કેમ્બ્રિજમાંથી એન્જિનિયરીંગ પુરું કર્યા પછી તેમણે ફ્રેન્ચ લશ્કરમાં એક વર્ષની ફરજિયાત લશ્કરી તાલીમ લીધી. તેઓ લશ્કરમાં કારકીર્દિ બનાવવાની ઇચ્છા ધરાવતા હતા, પણ પિતાએ ભારત બોલાવી લીધા. પતિ સાથે ઇન્ફોસિસની સ્થાપના કરવા ટેલ્કો છોડનારાં સુધા મૂર્તિને જેઆરડીએ સલાહ આપેલી, "કોઇ કામ અધૂરા મનથી શરૂ ન કરવું. હંમેશા વિશ્વવાસપૂર્વક કામ શરૂ કરો અને જ્યારે સફળ બનો ત્યારે સમાજને કંઇક પાછું આપો. સમાજ તમને ઘણું આપશે. આપણે સમાજની પણ કાળજી લેવી જોઇએ."

**ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્ન મેળવનાર તેઓ દેશના એક માત્ર ઉદ્યોગપતિ છે. 117મા જન્મદિવસે જેઆરડી ટાટાને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ.**

1925માં તેઓ કોઇ પણ પગાર લીધા વિના ટાટા સન્સમાં જોડાયા. ભારે મહેનત અને પ્રતિબધ્ધતાના જોરે તેઓ માત્ર 38 વર્ષની વયે ટાટા ગ્રૂપના ચેરમેન બન્યા. એ સમય ભારતના સ્વતંત્રતા સંઘર્ષનો હતો. એક વાર જેઆરડીએ કહેલું, તેઓ આઝાદીની લડાઇમાં ભાગ લેવા માગતા હતા, પણ એમ વિચારીને વિચાર માંડી વાળ્યો કે તેઓ દેશમાં ઔદ્યોગિકીકરણને આગળ ધપાવીને રાષ્ટ્રની સેવા સારી રીતે કરી શકશે. તેઓ ટાટા ગ્રુપના ચેરમેન બન્યા ત્યારે ગ્રુપમાં કુલ 14 કંપનીઓ હતી. 26 જુલાઇ, 1988નાં રોજ ચેરમેનપદ છોડ્યું ત્યારે ગ્રુપ 85 કંપનીઓ ધરાવતું હતું. ગ્રુપનું ટર્નઓવર રૂ. 680 કરોડથી વધીને રૂ. 34,000 કરોડે પહોંચી ગયું હતું.

કર્મચારીલક્ષી નીતિઓ માટે જાણીતા જેઆરડી ટાટાના વડપણ હેઠળ કંપનીએ કર્મચારીઓ માટે આઠ કલાકનો કામકાજ સમય નક્કી કર્યો હતો. કર્મચારીઓનું કલ્યાણ કરવાના હેતુથી તેમનું સૌથી મહત્વપૂર્ણ પ્રદાન હતું પ્રોવિડન્ટ ફન્ડ. ફેક્ટરીમાં અકસ્માતના સંજોગોમાં કર્મચારીને વળતર આપવાનો નિયમ પણ તેમણે શરૂ કર્યો હતો. ઉદ્યોગોમાં કોર્પોરેટ હ્યુમન કલ્ચર શરૂ કરવાનો શ્રેય પણ તેમને જાય છે. 1957માં તેમને પદ્મ વિભૂષણ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

તેઓ દેશના પ્રથમ કોમર્શિયલ પાયલટ હોવાની અનોખી સિધ્ધિ ધરાવે છે. તેઓ ભારતમાં ઉડ્ડયન ક્ષેત્રના પ્રણેતા છે, જેમણે ટાટા એરલાઇન્સના નામે દેશની પ્રથમ નેશનલ એરલાઇન શરૂ કરી, જે પછીથી એર ઇન્ડિયા તરીકે જાણીતી બની. હવાઇ દળે તેમને 1948માં ઓનરરી ગ્રુપ કેપ્ટનની રેન્ક આપી હતી. એ પછી 1966માં એર કોમોડોર અને 1974માં ઓનરરી એર વાઇસ માર્શલ બનાવવામાં આવ્યા.

1962માં ચીન સામેનું યુધ્ધ ચરમસીમા પર હતું, ત્યારે લશ્કરમાં નવી ભરતી કરી શકાય તે માટે તેમણે વડાપ્રધાન રાષ્ટ્રીય આપત્તિ રાહત ભંડોળમાં રૂ. 30 લાખનું દાન આપ્યું હતું. ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ, ટાટા મેમોરિયલ કેન્સર રિસર્ચ સેન્ટર એન્ડ હોસ્પિટલ, ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ, નેશનલ સેન્ટર ફોર પર્ફોર્મિંગ આર્ટ્સ અને નેશનલ ઇન્સ્ટિ. ઓફ એડવાન્સ્ડ સ્ટડીઝની સ્થાપનામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. વસતિ નિયંત્રણ કાર્યક્રમને પ્રોત્સાહન આપવા બદલ 1992માં તેમને પ્રતિષ્ઠીત યુએન પોપ્યુલેશન એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. 29 નવેમ્બર, 1993નાં રોજ 89 વર્ષની વયે તેમનું અવસાન થયું. ●

કેબિનેટના નિર્ણયો

# મધદરિયે શોધખોળને પ્રોત્સાહન આપવા મહત્વનો નિર્ણય


વિશ્વના 70 ટકા ભાગમાં સમુદ્ર છે, જે આપણા જીવનનો મહત્વનો હિસ્સો છે. ઊંડા સમુદ્રના 95 ટકા હિસ્સા સુધી હજુ શોધખોળ કરવામાં આવી નથી. ભારત ત્રણ બાજુએથી સમુદ્રોથી ઘેરાયેલો છે અને દેશની આશરે 30 ટકા વસતિ દરિયાકિનારે વસે છે. આમ, સમુદ્રનું મહત્વ ઘણું છે. સમુદ્રને કારણે મત્સ્યઉદ્યોગ, એક્વાકલ્ચર, પર્યટનનો વિકાસ થાય છે, લોકોને રોજગારી મળે છે. એટલે જ તેને બ્લુ ઇકોનોમી કહેવામાં આવે છે. સમુદ્ર અનાજ, ઊર્જા, ખનીજ, ઔષધિઓનું સંગ્રહસ્થાન છે અને હવામાન તથા આબોહવા પર અસર કરે છે. યુનાઇટેડ નેશન્સે 2021-2030નાં દાયકાને 'ડિકેડ ઓફ ઓશન સાયન્સ ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' તરીકે જાહેર કર્યો છે. દરિયાઇ રીતે ભારતનું અનોખું ભૌગોલિક સ્થાન છે. દેશનો 7517 કિલોમીટર લાંબો દરિયાકિનારો નવ રાજ્યો અને 1382 ટાપુઓને અડીને છે. આ બાબતને ધ્યાનમાં રાખતા કેન્દ્ર સરકારે મધ દરિયે શોધખોળને પ્રોત્સાહન આપવા પગલાં લીધાં છે. આ ઉપરાંત મંત્રીમંડળે નવેમ્બર સુધીમાં રૂ. 67,000 કરોડથી વધુનો ખર્ચ કરીને ખેડૂતોને કિફાયતી ભાવે ખાતર અને 81 કરોડ લાભાર્થીઓને અનાજની જોગવાઇ પણ કરી છે. કેન્દ્રીય મંત્રીમંડળે મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સને પ્રોત્સાહન આપવાની દિશામાં મહત્વનાં પગલાં લીધાં છે.

**નિર્ણયઃ બ્લુ ઇકોનોમીને પ્રોત્સાહન આપવા ભૂવિજ્ઞાન મંત્રાલયની 'ડીપ ઓશન મિશન'ની દરખાસ્ત**

**અસરઃ**

- આ મિશનનો હેતુ દરિયાના પેટાળમાં ધરબાયેલા સંસાધનોની શોધખોળ કરવાન અને દરિયાઇ સંસાધનોના સાતત્યપૂર્ણ ઉપયોગ માટે ડીપ-સી ટેકનોલોજી વિક્સાવવાનો છે.
- પાંચ વર્ષ સુધી ચાલનારા આ મિશનનો અંદાજિત ખર્ચ રૂ. 4077 કરોડ છે, જે તબક્કા વાર રીતે અમલી બનાવવામાં આવશે. ત્રણ વર્ષ (2021-2024) માટેનાં પ્રથમ તબક્કાનો અંદાજિત ખર્ચ રૂ. 2823.4 કરોડ રહેશે.
- વિશેષ ઉપકરણો, જહાજોની ડિઝાઇન, વિકાસ અને ફેબ્રિકેશન અને જરૂરી માળખું વિક્સાવવાથી ભારતીય ઉદ્યોગ, ખાસ કરીને એમએસએમઇ અને સ્ટાર્ટ-અપ્સને વેગ મળશે.

**● નિર્ણયઃ ખેડૂતોને કિફાયતી ભાવે ખાતર મળી રહે તે માટે ફોસ્ફેટિક એન્ડ પોટેસિક (P&K) ખાતર પરની સબસિડીને કેબિનેટે મંજૂરી આપી.**



પ્રતિ કિલોગ્રામ સબસિડી રેટ (રૂપિયામાં)

| N (નાઇટ્રોજન) | P (ફોસ્ફરસ) | K (પોટાશ) | S (સલ્ફર) |
|---|---|---|---|
| 18.789 | 45.323 | 10.116 | 2374 |

વધારાની સબસિડીની આ વ્યવસ્થાથી આશરે રૂ. 14,755 કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે

**અસરઃ** ખેડૂતોને કિફાયતી દરે P&K ખાતર મળી રહે તે સુનિશ્ચિત કરવા સરકાર પ્રતિબધ્ધ છે. આ સબસિડી ખાતર કંપનીઓને NBS દરે જારી કરવામાં આવશે, જેથી ખેડૂતોને કિફાયતી દરે ખાતર મળી શકે. આ વ્યવસ્થાને કારણે સરકાર પર રૂ. 14,775 કરોડનો અંદાજિત સબસિડી બોજ પડશે.

**નિર્ણયઃ મિનિમમ ગવર્મેન્ટ મેક્સિમમ ગવર્નન્સનો અમલ કરવાની દિશામાં વધુ એક પગલું ભરતાં કેન્દ્રીય મંત્રીમંડળે સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન સાથે સેન્ટ્રલ રેલસાઇટ વેરહાઉસ કંપની લિમિટેડનાં મર્જરને મંજૂરી આપી.**

**અસરઃ**

- આને કારણે ગુડ્ઝ-શેડ લોકેશન્સ નજીક ઓછામાં ઓછા 50 રેલસાઇટ વેરહાઉસ સ્થાપવામાં સરળતા રહેશે.
- જાહેર સાહસોમાં 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ'ને પ્રોત્સાહન મળશે અને ખાનગી ક્ષેત્રની કાર્યક્ષમતામાં પણ સુધારો થશે.
- આનાથી 9.49 લાખ માનવદિનની સમકક્ષ રોજગારની તકો સર્જાવાની સંભાવના છે. તેનાથી સરકારના ખર્ચમાં રૂ. પાંચ કરોડનો ઘટાડો થશે ●

# રમતગમત બન્યું રાષ્ટ્રીય આંદોલન

**દેશની આશરે 65 ટકા વસતિ 35 વર્ષથી નીચેની વયની હોવાથી રમતગમતમાં અગ્રણી દેશોમાં ટોચનું સ્થાન ધરાવવાની ભારતની આશા ઉજ્જવળ બની જાય છે. ભારતની મહત્વાકાંક્ષા લશ્કરી સત્તા કે આર્થિક મહાસત્તા બનવા પૂરતી મર્યાદિત ન રહેવી જોઈએ. રમતગમત ક્ષેત્રમાં પણ દેશ તાકાતવાન હોય એ જરૂરી છે. આપણા સામાજિક જીવનના ભાગ રૂપે રમતગમતને પ્રોત્સાહન આપવામાં સરકાર કોઈ કસર બાકી રાખતી નથી. ઓલિમ્પિક જેવા આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતના ખેલાડીઓ ભારતનું નામ રોશન કરે તે માટે સરકાર તમામ પ્રયાસો કરી રહી છે. રમતગમતને પ્રોત્સાહન આપવા માટે લેવામાં આવેલા વિવિધ પગલાંને કારણે ટોક્યો ઓલિમ્પિકમાં 100થી વધુ રમતવીરો ક્વોલિફાય થયા છે.**

**#cheer4india**



“

**SPORTSને સરળતાથી આ રીત સમજી શકાયઃ**
**S એટલે સ્કિલ (કુશળતા)**
**P એટલે પ્રીઝર્વન્સ (ધીરજ)**
**O એટલે ઓપ્ટિમિઝમ (આશાવાદ)**
**R એટલે રિઝિલન્સ (લચીલાપણું)**
**T એટલે ટેનાસિટી (મક્કમતા)**
**S એટલે સ્ટેમિના (તાકાત)**

***રમતગમતથી ખેલદિલીની ભાવના આવે છે, જે મેદાનમાં અને મેદાન બહાર મહત્વની છે. એટલે જ હું ઘણી વાર કહેતો હોઉં છું”- જો ખેલે, વો ખિલે***

**નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

”



ભારતની ઓલિમ્પિક ટીમ ટોક્યો ઓલિમ્પિકમાં તેનું કૌવત બતાવવા સજ્જ છે. ટોચના ખેલાડીઓ સુવર્ણચંદ્રક મેળવે તેનાં પર બધાંની નજર છે. ભારતની ઓલિમ્પિક ટીમના સભ્ય સૌરભ ચૌધરી મેરઠ (ઉત્તરપ્રદેશ)ના કાલીના ગામના વતની છે. 12 મે, 2002નાં રોજ ખેડૂત પરિવારમાં જન્મેલા સૌરભની કહાની રસપ્રદ છે. બાળપણથી તેને શૂટિંગમાં રસ હતો. ગામમાં યોજાતા મેળામાં ફુગ્ગાઓ ફોડવાનો શોખ ધરાવતો સૌરભ હવે ટોક્યો ઓલિમ્પિક ખાતે વિશ્વના ટોચના શૂટર્સ સાથે સ્પર્ધા કરશે. તેના ગામમાં એક શૂટિંગ રેન્જ છે, જ્યાં બાળકોની ભીડ રહેતી હતી. આ જોઈને સૌરભને શૂટિંગમાં રસ જાગ્યો. પણ માતા ઈચ્છતી હતી કે તે અભ્યાસ પર ધ્યાન આપે. જો કે, શૂટિંગની સાથે સાથે અભ્યાસ પર પણ ધ્યાન આપીશ એવી ખાતરી બાદ માતાએ તેને પરવાનગી આપી. સૌરભના કોચે તેના પરિવારજનોને તાલીમ માટે સૌરભને એક પિસ્તોલ ખરીદી લાવવા જણાવ્યું. પિતા જગમોહન સિંહ ચૌધરી ખેતી કરતા હતા અને આર્થિક સ્થિતિ એટલી બધી સારી નહોતી છતાં પુત્રમાં સંપૂર્ણ વિશ્વાસ હોવાથી તેમણે લોન લીધી. તેઓ કહે છે, “મેં રૂ. 1.75 લાખની લોન લઈને પિસ્તોલ ખરીદી.” નજીકના બિનોલી ગામમાં રહેતા તેના કોચ અમિત શ્યોરાણ અને તેમની શૂટિંગ એકેડેમીમાં તાલીમની પધ્ધતિ અનોખી હતી. તેઓ કહે છે, “હું ઈંટોથી તાલીમ આપું છું. ખેલાડીના હાથમાં ઈંટ લટકાવી દઉં છું કારણ કે સમગ્ર નવર્સ સિસ્ટમ હાથમાં જ હોય છે અને શૂટિંગ માટે તેને ખાસ રીતે રાખવો પડે છે. સૌરભ મારી પાસે આવ્યો તે સમયે ટીનના શેડની નીચે શૂટિંગ રેન્જ હતી. ગરમીમાં જ્યારે તાપમાન 40 ડિગ્રીને વટાવી દે ત્યારે પણ સૌરભ એ કાળઝાળ ગરમીમાં ઊભો રહેતો. હું એને કહેતો કે થોડો આરામ કરી લે, તો એ કહેતો, હજુ થોડી વાર ગુરૂજી, પછી આરામ કરીશ. આ ‘હજુ થોડી વાર’નો અભિગમ તેને ત્યાંથી અહીં સુધી લઈ આવ્યો.”

સૌરભે તેની કારકિર્દી 2016નાં ISSF (ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન)ના જુનિયર વર્લ્ડ કપથી શરૂ કરી હતી. એ વર્ષે તહેરાનમાં આયોજિત વર્લ્ડ ચેમ્પિયનશીપમાં તે રજતચંદ્રક જીત્યો. 2018માં તેણે પોતાનું સામર્થ્ય પુરવાર કર્યુ અને એશિયન ગેમ્સમાં સુવર્ણચંદ્રક જીતનાર સૌથી યુવા શૂટર પણ બન્યો. એ જ વર્ષે એશિયન એર ગન ચેમ્પિયનશીપમાં 10 મીટર એર પિસ્ટોલ, મિક્સ્ડ ટીમમાં સફળતા મેળવી. એ પછી તેનું નિશાન સચોટ લાગવા માંડ્યું. 2019માં બે વ્યક્તિ સુવર્ણચંદ્રક જીતવાની સાથે સાથે સૌરભે ISSFમાં ચારેય વર્લ્ડકપ પોતાનાં નામે કર્યા અને ટોક્યો ઓલિમ્પિકમાં પોતાનું સ્થાન પાકું કરી લીધું. જો કે તે નથી માનતો કે તેણે સર્વસ્વ હાંસલ કરી લીધું છે.

લાઈમલાઈટથી દૂર રહેતા સૌરભનું કહેવું છે, “મારે પોતાનું સર્વશ્રેષ્ઠ આપવાનું છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને કેન્દ્ર સરકારની ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS)થી અમને ઘણી સગવડતા મળી છે.” લોકડાઉન દરમિયાન ટોક્યો ઓલિમ્પિકની તૈયારી માટે સરકારે તેને ઘરમાં પ્રેક્ટીસ કરવા જરૂરી સાધનો પૂરાં પાડ્યાં. પોતાનાં સચોટ નિશાનની મદદથી ટોક્યો તરફ નજર જમાવનાર સૌરભ 60થી

# ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS)
# લક્ષ્ય તરફ વધતાં કદમ...



**આજના આધુનિક વિશ્વમાં રાષ્ટ્રની તાકાત માત્ર લશ્કરી કે આર્થિક આધારે જ ન માપી શકાય. રમતગમત ક્ષેત્રમાં દેશના ખેલાડીઓનો દેખાવ પણ તેને સોફ્ટ પાવર તરીકે સ્થાપિત કરી શકે છે.**

- ટોક્યો ઓલિમ્પિક માટે TOPSમાં ટોચના 160 ખેલાડીઓને સમાવવામાં આવ્યા હતા. આ ખેલાડીઓને તાલીમ આપવા માટે વિશ્વના શ્રેષ્ઠ કોચની ભર્તી કરવામાં આવી હતી. ખેલાડીઓના સાધનો અને વિદેશી સ્પર્ધાઓમાં ભાગ લેવા પર્સનલ અને ફિટનેસ ટ્રેઈનર ઉપલબ્ધ કરાવવાનો તમામ ખર્ચ રમતગમત મંત્રાલય ઉપાડે છે.
- TOPSમાં સમાવિષ્ટ હોકી ટીમની મહિલાઓ અને પુરૂષો માટે બેંગલોરમાં સ્પેશિયલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે મીરાબાઇ ચાનુ, વિનેશ ફોગટ, નીરજ ચાવલા, બજરંગ પુનીયા, સૌરભ ચૌધરી, વિકાસ ક્રિશ્નન સહિતનાં અનેક ખેલાડીઓ માટે વિદેશમાં વિશેષ તાલીમ વ્યવસ્થા કરવામાં આવી હતી.
- TOPS હેઠળ પસંદ થયેલા ખેલાડીઓને ટ્રેક સપોર્ટ, રિસર્ચ એનાલિસ્ટ્સ સહિતની મદદ અને આધુનિક ટેકનોલોજી સાથેની તમામ સુવિધા પૂરી પાડવામાં આવે છે. આનાથી ખેલાડીઓ પર મોનિટરિંગ કરવામાં અને તેમનો દેખાવ સુધારવામાં મદદ મળે છે.

**2014થી 2020 દરમિયાન ખેલો ઈન્ડિયા હેઠળ ખેલાડીઓને રૂ. 83 કરોડની શિષ્યવૃત્તિ, TOPS હેઠળ રૂ. 24 કરોડની શિષ્યવૃત્તિ આપવામાં આવી છે. 2014 પહેલાં આ રકમ શૂન્ય હતી.**

વધુ સુવર્ણચંદ્રક જીતી ચૂક્યો છે.

સૌરભની જેમ ભાલા ફેંક (જેવલિન)ના ચેમ્પિયન નીરજ ચોપડાએ પણ નહોતું વિચાર્યું કે તે એક દિવસ ઓલિમ્પિક સુધી પહોંચી જશે. હરિયાણાના ખંદ્રાગાંવના ખેડૂત સતીશ અ સરોજદેવીને ત્યાં 24 ડિસેમ્બર, 1997નાં રોજ નીરજનો જન્મ થયો. બાળપણથી તંદુરસ્ત શરીર સૌષ્ઠવ ધરાવતા નીરજને પિતાએ જીમ ચાલુ કરાવી દીધું. પાણીપતના સ્પોર્ટ્સ સ્ટેડિયમનાં આ જીમમાં જ નીરજે પ્રથમ વાર ભાલો જોયો અને જાણે સારા ભવિષ્ય તરફ તેને ફેંક્યો. નીરજ કહે છે, "પ્રથમ વાર ભાલો જોયો અને ફેંક્યો ત્યારે જ મનમાં નક્કી કરી લીધું કે મારે આ રમત રમવી છે." તેના કોચ જીતેન્દ્ર જગલાન પણ કહે છે, "મેં નીરજને ભાલો ફેંકાવીને જોયું તો મને લાગ્યું કે આ છોકરાની અંદર અસાધારણ યોગ્યતા છે."

પણ પોતાની મહત્વાકાંક્ષાઓ પૂરી કરવા નીરજ પાસે પૂરતી સુવિધાઓ નહોતી. આવા સમયે ભારતીય લશ્કર તેની મદદે આવ્યું. નીરજ 2016માં લશ્કરમાં જોડાયો અને ત્યારથી તેનું સંપૂર્ણ ધ્યાન રમતગમત પર જ છે. એક વાર મિત્રો સાથે બાસ્કેટબોલ રમતાં રમતાં કાંડા પર ફ્રેક્ચર થયું અને ચાર-પાંચ મહિનાઓ સુધી ભાલા ફેંકથી દૂર રહેવાની ફરજ પડી. સાજા થયા પછી તે 2016ની સાઉથ એશિયન ગેમ્સમાં પ્રથમ સુવર્ણચંદ્રક જીત્યો. અન્ડર-20 IAAF વર્લ્ડ ચેમ્પિયનશીપ્સમાં નીરજે પોતાનો બીજો સુવર્ણચંદ્રક મેળવીને નવો જુનિયર વિશ્વ વિક્રમ સ્થાપ્યો. 2017ની એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ્સ જીત્યા પછી નીરજ 2018માં કોમનવેલ્થ ગેમ્સમાં સુવર્ણચંદ્રક જીતનાર પ્રથમ


# ₹44

## કરોડથી વધુ ખર્ચ છેલ્લાં ત્રણ વર્ષમાં TOPS સહિતના 32 ખેલાડીઓ પાછળ


**SAI અને TOPS સહિતના ખેલાડીઓ વચ્ચે સંકલન જળવાઈ રહે તે માટે સ્પેશિયલ રિલેશનશીપ મેનેજરની વ્યવસ્થા કરવામાં આવી છે**

- TOPSમાં સમાવિષ્ટ દરેક એથ્લેટને દર મહિને રૂ. 5,000નું આઉટકમ એલાઉન્સ આપવામાં આવે છે. આ ઉપરાંત, આ ખેલાડીઓના દેખાવની પણ સમીક્ષા કરવામાં આવે છે.
- સિનિયર અને જુનિયર લેવલ પર TOPS ડેવલપમેન્ટ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત, મિશન ઓલિમ્પિક સેલે 2024 અને 2028ની ઓલિમ્પિક ગેમ્સને ધ્યાનમાં રાખીને TOPS સ્કીમ માટે 12 ઈવેન્ટમાંથી 259 ખેલાડીઓની યાદી તૈયાર કરી છે.
- એથ્લેટિક્સ, આર્ચરી, બેડમિન્ટન, સાઈકલિંગ, ટેબલ ટેનિસ, જૂડો, બોક્સિંગ, વેઈટ લિફ્ટીંગ, રેસ્ટલિંગ, રોવિંગ અને સ્વિમિંગ જેવી રમતોના પ્રતિભાશાળી ખેલાડીઓને હાલમાં TOPS ડેવલપમેન્ટ સ્કીમ અંતર્ગત હાલમાં તૈયાર કરવામાં આવી રહ્યા છે.

## કોમનવેલ્થમાં ટોચનાં રમતવીરો




## એશિયાડમાં ટોચનાં રમતવીરો




**દેશમાં સ્પોર્ટ્સ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે મણીપુરમાં દેશની પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટી સ્થાપવામાં આવી છે. સ્પોર્ટ્સ ક્વોટામાં મલખમ, રોલ બોલ સહિતની 20 રમતોને સમાવવામાં આવી છે. આમ, સ્પોર્ટ્સ ક્વોટામાં કુલ રમતોની સંખ્યા વધીને 63 થઈ છે.**

ભારતીય બન્યો. આ તેનો પ્રથમ જ પ્રયાસ હતો. એ જ વર્ષે જાકાર્તામાં એશિયન ગેમ્સમાં તેણે પોતાનો રેકોર્ડ સુધાર્યો.

મહિલાઓ પણ ભારતની ઓલિમ્પિક અપેક્ષાઓમાં પાર ઉતરી રહી છે. હરિયાણાના જઝ્ઝર જિલ્લાના ગોરિયા ગામની રહેવાસી મનુ ભાકરે શૂટિંગ સ્પર્ધાઓમાં અનેક સિધ્ધિઓ હાંસલ કરી છે. 16 વર્ષની વયે ISSF વર્લ્ડકપમાં પોતાની નજીકની હરીફ અને બે વારની વિજેતાને હરાવીને સુવર્ણચંદ્રક મેળવનારી તે સૌથી યુવાન ભારતીય છે. 2018માં ખેલો ઈન્ડિયા ગેમ્સમાં શાનદાર પ્રદર્શન બાદ તેણે કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ મેળવ્યો. 2018નાં અંતે તેણે આર્જેન્ટીનામાં યુથ ઓલિમ્પિકમાં વુમન્સ 10 મીટર એર પિસ્ટોલમાં સુવર્ણચંદ્રક મેળવ્યો. દેશને તેનાં પર ઊંચી આશા છે. ટોક્યો ઓલિમ્પિકમાં તે અત્યંત વ્યસ્ત રહેશે, કારણ કે તે ત્રણ સ્પર્ધામાં ભાગ લઈ રહી છે. મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં સૌરભ ચૌધરી સાથે તેની જોડી છે.

કોવિડ લોકડાઉન દરમિયાન સરકારે તેને ટોક્યો ઓલિમ્પિક માટે સજ્જ રહેવા માટે તાલીમ મળી રહે તે માટે તેનાં ઘેર જરૂરી વ્યવસ્થા કરી આપી હતી. ટોક્યો જતાં પહેલાં મનુએ જણાવ્યું કે, "તમે કઠિન મહેનત કરતા હોય તો સફળતાની કોઈ સરહદ હોતી નથી. હું શરૂઆતથી જ આવું માનતી આવી છું." ખેલો ઈન્ડિયા દ્વારા અચાનક લાઈમલાઈટમાં આવેલી મનુ કહે છે, હું માનું છું કે આ શ્રેષ્ઠ સ્કીમ છે. તે માત્ર ખેલાડીઓને જ નહીં, દર્શકોને પણ પ્રોત્સાહન આપે છે. તે દરેકને રાષ્ટ્ર માટે કંઈક કરવા માટે પ્રેરણા આપે છે. તે રમતવીરોને તાલીમ માટેનાં પૂરતા સાધનો અને

# ખેલો ઈન્ડિયા અને નેશનલ ટેલેન્ટ સર્ચ પ્રોગ્રામને કારણે ભારતની અપેક્ષાઓમાં વધારો

**ખેલો ઈન્ડિયાને કારણે દેશમાં નવી ખેલ પ્રતિભાઓને ઓળખવામાં મદદ મળી છે. 2016માં શરૂ કરવામાં આવેલી આ સ્કીમ પાયાના સ્તરના પ્રતિભાશાળી ખેલાડીઓને તૈયાર કરે છે અને ઓલિમ્પિકમાં સારો દેખાવ કરવા માટે મંચ પૂરો પાડે છે. 2017માં ખેલો ઈન્ડિયાની સમીક્ષા કર્યા બાદ તેને 12 વર્ટિકલ્સમાં વિભાજીત કરવામાં આવ્યું હતું.**

## રમતનાં મેદાનોનો વિકાસ

**દેશમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

| 2008–2014 | 2014–2020 |
|---|---|
| 38 | 267 |

**11,227**

રમતના મેદાનોને જિયો ટેગ કરવામાં આવ્યા, જેથી મહત્તમ ઉપયોગ થઈ શકે. તેની તમામ માહિતી પૂરી પાડતી મોબાઈલ એપ લોંચ કરવામાં આવી હતી.



## કમ્યુનિટી કોચિંગમાં સુધારો

**14,595** કોચને પાયાના સ્તરના પ્રતિભાશાળી ખેલાડીઓને પસંદ કરવા તાલીમ આપી



## રાજ્યકક્ષાના ખેલો ઈન્ડિયા સેન્ટર્સ

કોચ અને ખેલાડીઓને યોગ્ય રીતે તાલીમ આપવા માટે વિવિધ રાજ્યોમાં આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલો ઈન્ડિયા સેન્ટરના સ્વરૂપમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સ્થાપવામાં આવ્યા હતા. આ માટે, કેન્દ્રીય રમતગમત મંત્રાલય દ્વારા રાજ્યોને નાણાંકીય સહાય આપવામાં આવી છે.



**09** શાળાઓને રાજ્ય કક્ષાના કેન્દ્રોમાં પરિવર્તિત કરવામાં આવી છે

**24** રાજ્ય કક્ષાના ખેલો ઈન્ડિયા સેન્ટર્સનો 23 રાજ્યોમાં પ્રારંભ

## વાર્ષિક રમત સ્પર્ધાઓ

ખેલો ઈન્ડિયા સ્કીમ હેઠળ રમતના પ્રચાર માટે વાર્ષિક રમત સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. આપણી શાળાઓ અને કોલેજોમાં ખરી પ્રતિભા ધરબાયેલી છે. ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સ, ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ અને ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ દ્વારા ભારતમાં રમતગમતને પ્રોત્સાહન આપવામાં આવ્યું.



## પ્રતિભા શોધ અને તેમનો વિકાસ

જિલ્લા અને બ્લોક સ્તરે પ્રતિભાશાળી ખેલાડીઓને શોધી શકાય તે માટે ઝોન વાર ટેલેન્ટ સર્ચ ટીમ તૈયાર કરવામાં આવી હતી. ખેલાડીઓ પોતાની સિદ્ધિઓ અપલોડ કરી શકે તે માટે ટેલેન્ટ સર્ચ પોર્ટલ લોંચ કરવામાં આવ્યું.

ખેલો ઈન્ડિયા સ્કીમ હેઠળ 2967 એથ્લેટ્સ પસંદ કરવામાં આવ્યા છે.

**335** રમતવીરોને દર મહિને રૂપિયા 10,000 આપવામાં આવે છે



## માળખાકીય સુવિધાઓનો ઉપયોગ અને સુધારણા

હોકી ટ્રેક, જીમ, ફુટબોલ ટર્ફ, ઈન્ડોર હોલ અને સ્પોર્ટ્સ હોસ્ટેલ તૈયાર કરીને વિવિધ રમતો માટેની સુવિધાઓનાં વિસ્તરણ માટે નવી પહેલ હાથ ધરવામાં આવી હતી.



અત્યાર સુધી 34 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 267 પ્રોજેક્ટ્સ મંજૂર કરવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે રૂ. 200 કરોડ અલગથી આપવામાં આવ્યા છે.

રોજગારી પૂરી પાડીને તેમની નાણાંકીય જરૂરિયાતો સંતોષે છે.”


આ જ રીતે, દિવ્યાંશ સિંઘ પંવાર જેવા રમતવીરોને ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS) અંતર્ગત તૈયાર કરવામાં આવ્યા છે. ઓલિમ્પિક મેડલ જીતવાની અપેક્ષા ધરાવતા પંવારે પિતાના આગ્રહથી શૂટિંગને પોતાની કારકિર્દી બનાવી. તેના પિતા ડોક્ટર છે, જ્યારે માતા નર્સ છે. તે 12મા ધોરણમાં વિજ્ઞાન શાખામાં અભ્યાસ કરી રહ્યો છે. શૂટિંગમાં કારકિર્દી બનાવવામાં ઊંચો ખર્ચ થાય છે અને તેના જેવા રમતવીરો માટે TOPSએ મોટો ટેકો આપ્યો છે. ખેલો ઈન્ડિયા જેવી રમત સ્પર્ધાને કારણે પંવરની પ્રતિભા જાણવા મળી. તેણે ખેલો ઈન્ડિયાની બે આવૃત્તિમાં ભાગ લીધો હતો. તેણે દિલ્હીમાં 2018માં યોજાયેલા શાળાકીય રમતોત્સવમાં અને 2019માં પૂણેમાં આયોજિત યુવા રમતોત્સવમાં ભાગ લીધો હતો. 2019માં ભારતની સિનિયર્સની ટીમમાં સ્થાન મેળવ્યા પછી બેઈજિંગ વર્લ્ડ કપમાં રજતચંદ્રક જીત્યો. આ સિદ્ધિને કારણે ટોક્યો ઓલિમ્પક્સમાં મેન્સ 10 મીટર રાઈફલ ઈવેન્ટ માટે પસંદગી થઈ.

ટોક્યો ઓલિમ્પિકમાં ભાગ લઈ રહેલા મોટા ભાગના ખેલાડીઓ નાના શહેરો અને ગામડાંમાંથી આવે છે. તેમની



## વિદ્યાર્થીઓની શારિરીક ચુસ્તતા

નાની ઉંમરમાં બાળકોમાં રમતગમતની પ્રતિભા વિકસાવવા અને તેમને શારિરીક રીતે ફીટ રાખવા 69,000થી વધુ ટ્રેનર્સની મદદ લેવામાં આવી. ખેલો ઈન્ડિયા મોબાઇલ એપ લોંચ કરવામાં આવી, જેનાં દ્વારા બાળકો પોતાની ફીટનેસનું આકલન કરી શકે છે. અત્યાર સુધી 23 લાખથી વધુ બાળકો તેનો ઉપયોગ કરી ચૂક્યા છે. ફિટ ઈન્ડિયા જેવી ઝૂંબેશે ફિટનેસ અંગે લોકોનો અભિગમ બદલવાનું કામ કર્યું છે.







## સ્પોર્ટ્સ એકેડેમિક્સને પ્રોત્સાહન

સરકાર સ્પોર્ટ્સ એકેડેમીઝને વધુ સારી માળખાકીય સુવિધાઓ પૂરી પાડીને તેમને સહયોગ આપી રહી છે

## મહિલાઓ માટેની રમતો

એક સમય હતો જ્યારે ભારતમાં મહિલાઓની ભાગીદારી નગણ્ય હતી. પણ ખેલો ઈન્ડિયાને કારણે મહિલાઓની ભાગીદારી વધતા રમતગમત ક્ષેત્રનું ચિત્ર બદલાઈ ગયું છે. નાના અને પાયાના સ્તરે છોકરીઓ માટે અલગ સ્પોર્ટ્સ મીટની શરૂઆત કરવામાં આવી

## દિવ્યાંગો માટે પ્રોત્સાહન

ભારતના પેરા એથ્લીટ્સ (દિવ્યાંગ રમતવીરો)એ સતત સારું પ્રદર્શન કર્યું છે. ખેલો ઈન્ડિયા કાર્યક્રમ અંતર્ગત દિવ્યાંગ રમતવીરો પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. 2015માં ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમમાં નવ પેરા એથ્લીટ હતા. 2021માં 32 પેરા એથ્લીટ્સને સમાવવામાં આવ્યા છે.







## શાંતિ અને વિકાસ માટે રમતો

જમ્મુ કાશ્મીરમાં પ્રથમ વાર ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રશાસિત પ્રદેશો માટે શિયાળુ રમતોત્સવનું આયોજન લડાખમાં કરવામાં આવ્યું હતું. ખેલાડીઓને યોગ્ય મંચ પૂરો પાડવા માટે આ પહેલ કરવામાં આવી હતી.

## ગ્રામીણ અને સ્વદેશી / આદિવાસી સ્પોર્ટ્સને પ્રોત્સાહન

મલખંબ, યોગાસન સહિતની ભારતની પારંપારિક રમતોને પ્રોત્સાહન આપવા માટે 19 સ્થળો 'એક ભારત શ્રેષ્ઠ ભારત' થીમ હેઠળ 36 સ્પર્ધા યોજવામાં આવી છે. તેમાં અત્યાર સુધી 2250 ખેલાડીઓ ભાગ લઈ ચૂક્યા છે

**14** રાજ્યોના 95 જિલ્લામાં નવી પ્રતિભા ઓળખી કાઢવા માટે સ્પોર્ટ્સ સ્પર્ધાનાં આયોજન માટે રૂ. 10 લાખ આપવામાં આવ્યા હતા

સિધ્ધિઓ સમાજ અને રાષ્ટ્ર માટે પ્રેરણાદાયી છે. સતારા, મહારાષ્ટ્રના ગામડાંમાં રહેતા પ્રવીણ જાધવ પણ તીરંદાજી (આર્ચરી) દ્વારા ઓલિમ્પિકમાં પ્રવેશ કરી રહ્યા છે. આ જ રીતે, મહિલા હોકી ટીમના સભ્ય નેહા ગોયલની માતા અને બહેન ગુજરાન ચલાવવા સાઈકલ ફેક્ટરીમાં કામ કરે છે. તીરંદાજીમાં સુવર્ણચંદ્રક પર નજર ધરાવનાર દિપિકા કુમારીએ પણ જીવનમાં અનેક ચડાવઉતાર જોયા છે. દિપિકાના પિતા ઓટો રિક્ષા ચલાવે છે અને માતા નર્સ છે. એક સમયે તીરંદાજીના વૈશ્વિક રેન્કિંગમાં નંબર વન પર રહેલી દિપિકા ઓલિમ્પિકમાં ભાગ લેનાર એક માત્ર મહિલા તીરંદાજ છે.

હરિયાણાના ખેડૂત પરિવારના મનિષની કહાની પણ કંઈક આવી જ છે. બાળક તરીકે ખેતરમાં દોડતા રહેતા મનિષને બોક્સિંગનું ઘેલું લાગ્યું અને આ ધગશને કારણે તે ટોક્યો ઓલિમ્પિકની ટીમમાં સ્થાન મેળવી શક્યો. ચેન્નાઈ સ્થિત સી એ ભવાની ઓલિમ્પિક માટે ક્વોલિફાય થનાર પ્રથમ ભારતીય ફેન્સર છે. ભવાની તાલીમ લઈ શકે તે માટે તેની માતાએ ઝવેરાત ગીરવે મૂક્યાં. ભારતની પરંપરાગત રમતોમાં ખેલાડીઓ પોતાનું કૌવત દર્શાવી રહ્યા છે, જેની સાબિતી વારાણસીના શિવપાલ

# સ્પોર્ટ્સના વિકાસ માટે લેવામાં આવેલાં પગલાં

**પ્રતિભાશાળી ખેલાડીઓની સાચી ઓળખ સ્પોર્ટ્સ ઈકો-સિસ્ટમનો પ્રથમ તબક્કો છે. ખેલો ઈન્ડિયા જેવી યોજના દ્વારા પાયાના સ્તર પર પ્રતિભાશાળી ખેલાડીઓને પસંદ કરવા માટે આ સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે. એ પછી ખેલાડીને સારી તાલીમ આપીને તેના કૌશલ્યનું સંવર્ધન કરવામાં આવે છે. આ માટે જિલ્લા સ્તરથી માંડીને, રાજ્ય અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ટ્રેનિંગ સેન્ટરો સુધીની માળખાકીય સુવિધાઓને એક સૂત્રમાં બાંધવામાં આવી છે અને અહીં સુધી ખેલાડીઓની પહોંચ સરળ બનાવવામાં આવી છે.**

- સમગ્ર વ્યવસ્થાને શાળાથી માંડીને ખેલો ઈન્ડિયા સેન્ટર, ખેલો ઈન્ડિયા રાજ્ય સ્તરીય એક્સલન્સ સેન્ટર, ખેલો ઈન્ડિયાની માન્યતા પ્રાપ્ત એકેડમી, SAI ટ્રેનિંગ સેન્ટર, SAI નેશનલ સેન્ટર ઓફ એક્સલન્સ સુધી ક્રમબધ્ધ રીતે વહેંચવામાં આવી છે. આ તમામ તબક્કામાં સારો દેખાવ કરીને આગળ આવનારા વિદ્યાર્થીઓને TOPS યોજનામાં સામેલ કરવામાં આવે છે.
- સૌ પ્રથમ શાળાકીય સ્તરે બાળકોની રમતગમત પ્રતિભાને ચકાસવામાં આવે છે. એ પછી તેમને સ્પોર્ટ્સ સંકુલ અને નાના સ્તરના ખેલો ઈન્ડિયા સેન્ટર મોકલવામાં આવે છે. આવી નવ શાળાઓ અને 90 એક્સ્ટેન્શન સેન્ટરમાં 1300 બાળકોને તાલીમ આપવામાં આવે છે.
- આ બાળકો એક ચોક્કસ રમતની પસંદગી કરી લે છે પછી SAI ના ટ્રેનિંગ સેન્ટરમાં તેમની તૈયારી શરૂ કરવામાં આવે છે. હાલમાં, SAIના 67 સેન્ટર 4819 ખેલાડીઓને તાલીમ આપી રહ્યા છે.
- ખેલો ઈન્ડિયા અંતર્ગત SAI ના સેન્ટર્સ ઉપરાંત 159 એકેડેમીને પણ જોડવામાં આવી છે. ગોપીચંદ ફાઉન્ડેશન, પીટી ઉષા સ્કુલ ઓફ એથ્લેટ્સ, પૂણેની આર્મી સ્પોર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ, દ્રવિડ-પાદુકોણ સેન્ટર ઓફ સ્પોર્ટ્સ એક્સલન્સનો તેમાં સમાવેશ થાય છે.
- પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને રમતગમત ક્ષેત્રમાં યોગ્ય સ્થાન મળે તે માટે પાયાના સ્તરથી સર્વોચ્ચ સ્તર સુધી સંપૂર્ણ વ્યવસ્થા તૈયાર કરવામાં આવી છે.




સિંહનો પરિવાર છે. શિવપાલ સિંહ ઉપરાંત તેના પિતા, કાકા અને ભાઇ એમ સમગ્ર પરિવાર ભાલા ફેંકમાં નિષ્ણાત છે. ઓલિમ્પિકમાં સ્થાન મેળવનારા આ રમતવીરોની મુસાફરી સહેજ પણ સરળ નહોતી. રાષ્ટ્રનો ટેકો હોય તો જ સાચા રમત હીરો ઊભરી આવે છે. સ્પોર્ટ્સમેનશીપ સ્પિરિટથી એક ખુલ્લાપણું આવે છે. રમતગમતથી વ્યક્તિમાં ઝઝૂમવાની અને ક્યારેય હાર નહીં માનવાની ભાવના જાગે છે. તેથી, સામાજિક જીવન અને રાષ્ટ્ર નિર્માણમાં રમતગમતનું મહત્વ હોવું જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ વિચારને કારણે ભારતમાં નવું ‘સ્પોર્ટ્સ કલ્ચર’ વિકસ્યું છે.ત, જે રમતગમતને કારકિર્દી અપનાવવા પ્રોત્સાહન આપે છે.

### રમતગમત આપણી સંસ્કૃતિનો ભાગ બની રહ્યું છે

ભારતમાં બ્રિટિશરો ક્રિકેટની રમત લઈ આવ્યા અને પછીથી તે દેશની સૌથી લોકપ્રિય રમત બની પણ બીજી બાજુ એ જ ક્રિકેટે દેશમાં અન્ય રમતોને ઝાંખી પાડી દીધી.

અલબત, હવે અન્ય રમતોમાં પણ કારકિર્દી આગળ ધપાવવાનો અવકાશ હોવાથી સ્થિતિ બદલાઈ રહી છે. ખેલો ઈન્ડિયા અને ઓલિમ્પિક પોડિયમ જેવી સ્કીમ્સને કારણે ભારતમાં રમતગમત સામૂહિક ચળવળ બની રહી છે. આ યોજનાઓ દ્વારા પાયાના સ્તરના પ્રતિભાશાળી ખેલાડીઓને શોધીને તેમને

## ખેલો ઈન્ડિયા અંતર્ગત આયોજિત રાષ્ટ્રીય સ્તરની ચાર સ્પર્ધાઓમાં 18,000થી વધુ ખેલાડીઓ ભાગ લીધો છે

મોટા રમતોત્સમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. ટીમ પસંદગીમાં પારદર્શિતા પણ આવી રહી છે. દેશનું નામ ઉજળું કરનાર ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું અને નવી પ્રતિભાનું સંવર્ધન કરવાના પ્રયાસ થયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોમાં કહીએ તો, "દેશમાં એક વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે, જેણે ઓલિમ્પિકમાં ભારતની અપેક્ષાઓને બળ આપ્યું છે. રમતગમતને જીવનનો ભાગ બનાવો, તેના વિકાસ માટે સિસ્ટમ વિક્સાવો. આ માટે પરિવારોએ આગળ આવવું પડશે, સમાજે આગળ આવવું પડશે અને ભારત રમતની દુનિયામાં પણ તેનું નામ કરશે."

### રમતગમતને રાષ્ટ્રીય જીવનનો ભાગ બનાવવાની પહેલ

ટોક્યો ઓલિમ્પિકમાં ભાગ લઇ રહેલા ભારતીય રમતવીરોની આ સંઘર્ષ ગાથા દરેક ભારતીય અને દેશ માટે પ્રેરણા બની રહી છે. 2028માં લોસ એન્જલસમાં યોજાનારા ઓલિમ્પિકમાં ભારતને ટોચના 10 દેશોમાં સ્થાન અપાવવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જેનુ કારણ છે કેન્દ્ર સરકારનાં દૂરોગામી વિચારો. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીએ વડાપ્રધાનપદ સંભાળ્યું ત્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી વખતના પોતાના અનુભવોને આગળ ધપાવતા ભારતમાં રમતગમતનું માળખું, સુવિધાઓ અને ઓલિમ્પિકમાં પ્રદર્શન સુધારવાની પહેલ કરી. ઓગસ્ટ 2016માં વડાપ્રધાને કેબિનેટની બેઠકમાં જાહેરાત કરી કે 2020, 2024 અને 2028માં થનારા આગામી ત્રણ ઓલિમ્પિક રમતોમાં ભારતીય ખેલાડીઓ ઉત્કૃષ્ટ દેખાવ કરી શકે તે માટે વિસ્તૃત એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે, જેનાં માટે એક ટાસ્ક ફોર્સ રચવામાં આવશે. આ ટાસ્ક ફોર્સને રમતગમત માટે સુવિધાઓ, તાલીમ અને પસંદગીની પ્રક્રિયા સહિતનાં તમામ મુદ્દે સંપૂર્ણ રણનીતિ તૈયાર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો. આ ટાસ્ક ફોર્સમાં વિદેશના નિષ્ણાતોને પણ સમાવવામાં આવ્યા. ઓલિમ્પિક માટેનું બજેટ જે પહેલાં રૂ. 15થી 20 કરોડ રહેતું હતું, તેને વધારીને રૂ. 100 કરોડથી વધુ કરવામાં આવ્યું. આ કાર્યમાં સમાજને કઈ રીતે જોડી શકાય તે માટે વડાપ્રધાને એ જ વર્ષે 28 ઓગસ્ટનાં રોજ પોતાનાં 'મન કી બાત' કાર્યક્રમમાં દેશનાં લોકોને રમતગમત માટે વાતાવરણ તૈયાર કરવા સૂચન આપવાની અપીલ કરી હતી. તેમણે વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસ માટે રમતગમતને જીવનનું મહત્વનું પાસુ ગણાવ્યું. તેમનું કહેવું હતું કે, 100 ભાષાઓ, 1700થી વધુ બોલી, વૈવિધ્યપૂર્ણ ખાણીપીણી અને પોષાક ધરાવતા ભારત જેવા દેશમાં જિલ્લા સ્તરીય ટીમો



### ટોક્યો સુધીની સફર અને કોવિડના પડકારો

ભારતીય ટીમ ઓલિમ્પિકની તૈયારીમાં વ્યસ્ત હતી. પણ અચાનક કોવિડ મહામારીની વૈશ્વિક કટોકટીથી બધું જ થંભી ગયું. ઓલિમ્પિકમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓને કોવિડના સમયમાં શારિરીક અને માનસિક રીતે તૈયાર કરવા સરકાર સમક્ષ મોટો પડકાર હતો.

ગયા વર્ષે માર્ચમાં ઓલિમ્પિકને એક વર્ષ માટે સ્થગિત કરવામાં આવ્યો. છતાં પ્રારંભના બે મહિના ખેલાડીઓ માટે ઘણાં મુશ્કેલ રહ્યા કારણ કે તેઓ લાંબા સમય સુધી તાલીમ સ્થળોથી દૂર રહી શકે તેમ નહોતા. આ સ્થિતિમાં સલામતીના માપદંડોને ધ્યાનમાં રાખતા પ્રોટોકોલ તૈયાર કરવામાં આવ્યો. આ પ્રોટોકોલને આધારે તબક્કાવાર રીતે તાલીમ, જે રાજ્યમાં સુવિધા છે ત્યાં રાજ્ય સરકારની મંજૂરીથી તાલીમ શરૂ કરવી, કોવિડ પ્રોટોકોલનું સતત મોનિટરીંગ અને મેનેજમેન્ટ ઉપરાંત સરકારી માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવ્યું. પણ આ મહામારીએ એક વર્ષ પાછળ ધકેલી દીધાં. ગયા વર્ષે ઓગસ્ટમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, બેંગલુરુમાં હોકી શિબિર શરૂ થવાની હતી, ત્યારે કેપ્ટન મનપ્રીત સિંહ સહિત છ ખેલાડી કોવિડ પોઝિટિવ આવ્યા. મનપ્રીતને હોસ્પિટલ ખસેડવો પડ્યો. સાજા થયા પછી મનપ્રીતે ઓથોરિટીના અધિકારીઓનો આભાર વ્યક્ત કરતા કહ્યું, "જ્યારે હું તાલીમ માટે આવ્યો ત્યારે કોવિડ પોઝિટિવ આવ્યો. પછી ધીમે ધીમે રમવાની પ્રક્રિયા ફરી શરૂ થઇ. કોચે યોજના ઘડી અને ફરીથી પ્રેક્ટીસ કરીને હું ખુશ છું."

મેન્સ ડબલ્સ બેડમિન્ટનના ખેલાડી ચિરાગ શેટ્ટીના નાનાજીનું તાજેતરમાં જ કોવિડથી અવસાન થયું, તો તેના પાર્ટનર સાત્વિક સાઈરાજ પણ કોવિડ પોઝિટિવ આવ્યા. આ મુશ્કેલીઓ છતાં તમામ ખેલાડીઓ પોતાનું સર્વશ્રેષ્ઠ આપવા માટે ટોક્યો ગયા છે.



**અર્જુન એવોર્ડ, રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ, દ્રોણાચાર્ય એવોર્ડ, દ્રોણાચાર્ય લાઈફ ટાઈમ એચિવમેન્ટ અને ધ્યાનચંદ લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડની પુરસ્કાર રકમમાં 70 ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે.**

રમતી રહે તો રાષ્ટ્રીય એકતાનો સૌથી મોટો આધાર બની શકે.

**રમતગમતને પ્રોત્સાહન આપવા માળખાકીય સુવિધાઓ**

રમતગમતની પ્રતિભા રમતના મેદાનમાંથી જ ઊભરી આવે છે. ભારતની રમતગમત સંસ્કૃતિ 5,000 વર્ષથી પૂણ જુની છે. મોહેં-જો-દડો સંસ્કૃતિમાં પણ તે જોવા મળે છે. ગુજરાતના ધોળાવીરામાં પુરાતત્વવિદોએ ઉત્ખનન કર્યું ત્યારે હજારો લોકો બેસી શકે તેવું સ્ટેડિયમ મળી આવ્યું. બદલાયેલી સ્થિતિમાં, આધુનિક સંસાધનો દ્વારા રમતગમતને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં સ્થાપિત કરવું જરૂરી છે. રમતગમત માટે સામાજિક વાતાવરણ તૈયાર કરવાની સાથે સાથે કેન્દ્ર સરકારે છેલ્લાં સાત વર્ષમાં માળખાગત સુવિધાઓ ઊભી કરવા પર ભાર મૂક્યો છે. ખેલો ઈન્ડિયા, ફિટ ઈન્ડિયા, સ્પોર્ટ્સ ટેલેન્ટ સર્ચ પોર્ટલ, નેશનલ સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ ફન્ડ, મહિલા રમતવીરો માટે ઉચ્ચ સ્તરીય સમિતિ, સમગ્ર શિક્ષા યોજના, ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS) જેવી ડઝન યોજનાઓ ખેલાડીઓમાં આત્મવિશ્વાસ જગાવી રહી છે. રાષ્ટ્રીય રમતોમાં પુરસ્કારની રકમ વધારવામાં આવી છે, તો ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પણ રમતગમતનો ક્વોટા વધારવામાં આવ્યો છે. નવી શિક્ષણ નીતિમાં પણ રમતગમતનું મહત્વ વધારવામાં આવ્યું છે. પહેલાં તેને વધારાની પ્રવૃત્તિ માનવામાં આવતી હતી પણ હવે તેને અભ્યાસક્રમનો હિસ્સો બનાવવામાં આવી રહ્યો છે. તેને અન્ય વિષયોનાં માર્ક્સની જેમ જ ગણવામાં આવશે. હવે રમતગમત માટેની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ શરૂ કરવામાં આવી રહી છે, જેથી સ્પોર્ટસ સાયન્સ અને સ્પોર્ટસ મેનેજમેન્ટને

> રમતગમતને કારણે ટીમવર્ક મજબૂત બને છે. તેનાથી અન્યોના પ્રદાન અંગેનો સ્વીકાર ભાવ પેદા થાય છે. રમતગમતને દેશના યુવાનોના જીવનનો હિસ્સો બનાવવો ખૂબ જરૂરી છે.
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

છેવાડાના સ્તર સુધી લઈ જઈ શકાય.

ઓલિમ્પિકમાં જઈ રહેલા ખેલાડીઓએ ભારતનું ગૌરવ વધારવાની સાથે સાથે લોકોનાં હૃદય પણ જીતવાના છે. દેશવાસીઓની પણ ફરજ છે કે તેઓ દરેક ખેલાડીનો ઉત્સાહ વધારે. આપણે એ ન ભૂલવું જોઈએ કે રમતગમત ક્ષેત્રમાં ભારતને વિશ્વની મહત્વપૂર્ણ શક્તિ બનાવવાની સંપૂર્ણ શક્તિ યુવાનોમાં છે. આ માટે રમતગમતને જીવનની સાથે સાથે સમાજમાં પણ સંસ્કાર તરીકે સ્થાપિત કરવું પડશે. એક રાષ્ટ્ર તરીકે કેન્દ્ર સરકાર રમતગમતને સમાજ અને રાષ્ટ્રનુ જીવન બનાવવા પ્રયાસરત છે. સામાન્ય માણસોએ પણ તેને આંદોલન બનાવવું પડશે. આપણે એવી સંસ્કૃતિ અપનાવવી પડશે જેમાં રમતગમતની પ્રશંસા કરવામાં આવતી હોય, ખેલાડીને પરિવારની સાથે સાથે સમાજનો પણ સહયોગ મળતો હોય. ●

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# "આપણે ભારતમાં સ્પોર્ટ્સ કલ્ચર વિકસાવવા માટે આગળ વધી રહ્યા છીએ"



**ભારતમાં રમતગમતને સંસ્કૃતિના ભાગ રૂપે પ્રોત્સાહન આપવાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. તેને પરિણામે, ટોક્યો ઓલિમ્પિકમાં 100થી વધુ ખેલાડીઓ ચંદ્રક મેળવવા માટે તૈયારી કરી રહ્યા છે. દેશે ભવિષ્ય માટે તૈયારી શરૂ કરી દીધી છે. આપણા 259 જુનિયર ખેલાડીઓએ ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS)ની મદદથી 2024 અને 2028 ઓલિમ્પિક માટે તૈયારી શરૂ કરી દીધી છે. આગામી ઓલિમ્પિક સ્પર્ધાની પૃષ્ઠભૂમિમાં આ મુદ્દાઓની ચર્ચા કરવા ન્યૂ ઈન્ડિયા સમાચારના કન્સલ્ટિંગ એડિટર સંતોષ કુમાર અને આસિસ્ટન્ટ કન્સલ્ટિંગ એડિટર વિભોર શર્માએ રમતગમત અને યુવા બાબતોના કેન્દ્રીય રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) કિરણ રિજિજુ સાથે મુલાકાત કરી.**

- **કોવિડના સમયમાં ઓલિમ્પિકની તૈયારી કેટલી પડકારજનક રહી?**
- આ સમય માત્ર રમતગમત જ નહીં, પણ દરેક ક્ષેત્ર માટે પડકારજનક રહ્યો. જો કે રમતમાં સૌથી મોટો પડકાર મેદાનનો અને ખેલાડીઓને પ્રેક્ટીસનો હોય છે. કોવિડને કારણે અનેક ટુર્નામેન્ટ રદ થઈ. તૈયારીઓની રીતે તે એક મંચનું કામ કરે છે. કોવિડને ધ્યાનમાં રાખીને અમે ખેલાડીઓની ઈનડોર પ્રેક્ટીસ પર ધ્યાન આપ્યું. ઓનલાઈન ટ્રેનિંગની સાથે સાથે ઈનડોર પ્રેક્ટીસ પણ ચાલતી રહી. ખેલાડીઓને દરેક પ્રકારની મદદ પૂરી પાડવામાં આવી, પછી એ સાધનોની હોય કે ભથ્થાના રૂપમાં આર્થિક સહાયતા. તેમની શારિરીક અને માનસિક તાલીમનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું.

Q&A

**અગાઉની સરખામણીમાં કેટલું પરિવર્તન આવ્યું છે?**

વડાપ્રધાન પોતે ખેલાડીઓ સાથે વાત કરે, ઓલિમ્પિકની તૈયારીની સમીક્ષા કરે એવું ભારતમાં અગાઉ થયું હોય એવું સાંભળ્યું છે? આ પરિવર્તન છે. અમારું કામ દરેક પ્રતિભાને પાયાના સ્તરથી ઉપર લાવીને આંતરરાષ્ટ્રીય મંચ સુધી પહોંચાડવાનું અને તેનાં માટે શક્ય તમામ મદદ કરવાનું છે. હવે હું પોતે જ દરેક ખેલાડી સાથે વ્યક્તિગત રીતે વાત કરું છું. કોચથી માંડીને ટ્રેઈની સુધી બધાં સાથે સીધો સંપર્ક રાખું છું. ભારત માટે રમનાર દરેક ખેલાડી સુધી અમે મદદ પહોંચાડીએ છીએ. આ પરિવર્તન આવ્યું છે. દેશના લોકો હજુ સાથ આપશે તો ચોક્કસ, આપણે આશ્ચર્ય સર્જીશું.

**"ઓલિમ્પિકની તૈયારીઓ માટે ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ (TOPS) જેવી યોજનાની શરૂઆત ઓલિમ્પિકને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી, જેથી સારા ખેલાડીઓને સંપૂર્ણ સહયોગ મળે."**

**-કિરણ રિજિજુ, કેન્દ્રીય રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો)**

- **કોવિડના સમયમાં ખેલાડીઓની તાલીમમાં કયા પરિવર્તન કરવા પડ્યા? આ દરમિયાન કેવો વ્યૂહ અપનાવ્યો?**
- અમારા માટે ખેલાડીઓની સલામતી અને સ્વાસ્થ્ય વધુ મહત્વનાં હતા. પહેલાં અમે આ બે બાબતો પર ધ્યાન આપ્યું. તાલીમમાં કોઇ કમી ન રહે એ માટે અમે બાયો બબલ બનાવ્યા, મેડિકલ સપોર્ટ આપવામાં આવ્યો. જે ખેલાડી, જે સ્થળે હતા ત્યાં જ તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના નિર્દેશો પ્રમાણે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર (SOP) બનાવી. તેના આધારે ખેલાડીઓની તાલીમથી માંડીને બાકીની સુવિધાઓનું શીડ્યુલ તૈયાર કરવામાં આવ્યું.

- **ખેલાડીઓનાં રસીકરણ માટે કેવો વિશેષ વ્યૂહ ઘડવામાં આવ્યો?**
- આરોગ્ય મંત્રાલયની માર્ગદર્શિકામાં પહેલાં ખેલાડીઓ પ્રાથમિકતા યાદીમાં નહોતા. વડાપ્રધાને પોતે સમીક્ષા બેઠક યોજીને પહેલ કરી. ખેલાડીઓની સલામતીને ધ્યાનમાં લેતા ઓલિમ્પિક પહેલાં તેમનું અને સપોર્ટિંગ સ્ટાફનું રસીકરણ કરવામાં આવ્યું.

- **રિયોમાં આપણે બે ચંદ્રક સુધી જ પહોંચી શક્યા હતા. આ વખતે તમને કેટલા ચંદ્રકની આશા છે?**
- અગાઉની સરખામણીમાં તૈયારી ઘણી સારી છે. જ્યારે તૈયારી સારી હોય તો આશા પણ હોય જ. મને લાગે છે કે ટોક્યો ઓલિમ્પિકમાં ભારતના ખેલાડીઓ સારો દેખાવ કરશે.

- **ભારતમાં પહેલાં પણ પ્રતિભાઓની કોઇ કમી નહોતી. તો તૈયારીમાં ક્યાં કમી રહી જતી હતી? હંમેશા એ મુદ્દે આપણી ટીકા થતી રહે છે કે આટલો મોટો દેશ હોવા છતાં આપણે ઓલિમ્પિક મેડલના ટેબલમાં બહુ પાછળ રહી જઇએ છીએ?**

### Q&A

**TOPS જેવી યોજનાથી ઓલિમ્પિકની તૈયારીમાં કેટલી મદદ મળી છે?**

ઓલિમ્પિક રમતને ધ્યાનમાં રાખીને અમે 2014માં ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ (TOPS) યોજના શરૂ કરી હતી. રિયો બાદ ટોક્યો ઓલિમ્પિકની તૈયારીઓ માટે TOPS અંતર્ગત 160 ખેલાડીઓને શક્ય તમામ મદદ કરવામાં આવી છે. આજે રમતગમતનો વ્યાપ વધી ગયો છે. ટેકનિકની સાથે સાથે રિસર્ચ અને કોચિંગની વિશેષ સુવિધાઓની જરૂર હોય છે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને TOPS નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. દેશના ટોચના એથ્લીટ્સને TOPS અંતર્ગત પર્સનલ કોચિંગ સ્ટાફ, સપોર્ટ સ્ટાફ, પર્ફોમન્સ ટ્રેક કરનાર એનાલિસ્ટ્સ, પર્સનલ સ્પોર્ટ ઈક્વિપમેન્ટ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર ટ્રેઈનિંગ કેમ્પ, સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે આર્થિક સહિતની મદદ TOPS દ્વારા કરવામાં આવે છે. ટોક્યો પછી પેરિસ માટે TOPSનો પ્રારંભ કરવામાં આવશે.

- વાત માત્ર પ્રતિભાશાળી ખેલાડીઓને તૈયાર કરવાની નથી. સમગ્ર સિસ્ટમની છે. દેશનાં ગામે ગામ અને દરેક શહેરમાં પ્રતિભાશાળી ખેલાડીઓ છે. પણ જ્યાં સુધી તેમને યોગ્ય મંચ નહીં મળે ત્યાં સુધી પ્રતિભાઓ સામે કઈ રીતે આવશે? આ બાબતને ધ્યાનમાં રાખતા જ ખેલો ઈન્ડિયા જેવા કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો. દરેક રમત માટે ઝોનના હિસાબે સમિતિ બનાવવામાં આવી, ખેલાડીઓને પસંદ કરવામાં આવ્યા. તેઓને ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સ, વિન્ટર ગેમ્સ, યુનિવર્સિટી ગેમ્સ જેવા રમતોત્સવ દ્વારા મંચ પૂરો પાડવામાં આવ્યો. જે રમતમાં ભારતના ખેલાડીઓ સારો દેખાવ કરી શકે છે તેવી 14 રમતો પર વિશેષ ફોકસ કરવામાં આવ્યું. ઓલિમ્પિકને ધ્યાનમાં રાખીને ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ (TOPS) જેવી યોજના શરૂ કરવામાં આવી, જેથી સારા ખેલાડીઓને સંપૂર્ણ મદદ મળે. કોચિંગથી માંડીને આર્થિક મદદ સુધીનાં તમામ તબક્કામાં મદદની સંપૂર્ણ રણનીતિ તૈયાર કરી છે. સ્પોર્ટ્સમાં કોઇ રાતોરાત તૈયાર નથી થતું. અમારે લાંબા સમયનો વ્યૂહ ઘડીને આગળ ચાલવું પડે છે. પહેલાં આ બાબતો પર ધ્યાન નહોતું આપવામાં આવતું. હવે પાયાના સ્તરથી વધુ પ્રતિભાઓ સામે આવી રહી છે. ખેલો ઈન્ડિયા જેવા આયોજન દ્વારા અમે સાધારણ પૃષ્ઠભૂમિમાંથી આવેલા ખેલાડીઓને શોધ્યા છે જે આજે ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. આજે



> **રમતગમત સમગ્ર દેશને એક તાંતણે બાંધી રાખીને ઉત્સાહ ભરે છે. તો દેશના લોકો ખેલાડીઓ અને ખેલનું સમર્થન કરો. દેશના ગામડાંમાં રમત હોય કે આંતરરાષ્ટ્રીય સ્તર પર રમાતી રમત હોય, લોકો રમત જૂએ.**
>
> **--કિરણ રિજિજુ, કેન્દ્રીય રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો)**

જ્યારે આપણે ટોક્યોમાં દાવેદારી કરી રહ્યા છીએ ત્યારે હું વિશ્વાસપૂર્વક કહું છું કે પેરિસ અને તે પછી લોસ એન્જલસ ઓલિમ્પિક સુધી તમે ભારતના દેખાવમાં તફાવત અનુભવશો. લોસ એન્જલસમાં આપણે ટોપ ટેન દેશોમાં હોઈશું.

- **ઘણી વાર એવી ટીકા થતી હોય છે કે આપણે ટોચના રમતવીરો પર તો ધ્યાન આપીએ છીએ પણ સમગ્ર ટીમની તૈયારીમાં પાછળ રહી જઇએ છીએ, એટલે ઓલિમ્પિક પ્રદર્શનમાં અગાઉ કરતાં એટલો સુધારો નથી થતો જેટલો થવો જોઇએ. શું તમે આ બાબત પર ધ્યાન આપ્યું છે?**
- ખેલો ઇન્ડિયા જુનિયર લેવલ પર દેશનો સૌથી મોટો મંચ બની ગયો છે. તેનાં દ્વારા અનેક પ્રતિભાશાળી ખેલાડીઓ બહાર આવી રહ્યા છે. ટોપ લેવલના એથ્લીટ્સ માટે અમે જે રીતે TOPS યોજના શરૂ કરી એ જ રીતે ભવિષ્યની તૈયારીઓ માટે જુનિયર ખેલાડીઓને ધ્યાનમાં રાખીને ટોપ્સ ડેવલપમેન્ટ યોજના શરૂ કરવામાં આવી છે. હાલમાં તેમાં 259 ખેલાડીઓને તૈયાર કરવામાં આવી રહ્યા છે.

- **આપણને જેમાં ચંદ્રક મળવાની આશા છે તેવી 14 રમતો નક્કી કરી છે. શું આપણે એ 14 રમતો પર જ ફોકસ કરીશું?**
- અમે એ 14 રમતો પર ફોકસ કર્યું , જેમાં ચંદ્રક જીતવાની ભારતની સંભાવના સૌથી વધુ છે. ટોક્યો ઓલિમ્પિક બાદ અમે તેની સમીક્ષા કરીશું. તેનાં આધારે કેટલીક નવી રમતો ઉમેરી શકાશે. કેટલીક રમતોમાં ફેરફાર થઈ શકે છે.

- **એક વાર ચંદ્રક જીતી લેનાર ખેલાડીને પ્રારંભમાં તો માન-સન્માન મળે છે, પણ પછી તેમને ભૂલાવી દેવામાં આવે છે**
- કોઇ ખેલાડી ભારત માટે રમી ચૂક્યો હોય અને તકલીફમાં હોય અને અમારા ધ્યાનમાં આવે અને તેને મદદ ન મળે એવું ન બને. હું આ ગેરન્ટી સાથે કહી રહ્યો છું. ભારત માટે રમી ચૂકેલા, માન્યતા પ્રાપ્ત રમત માટે પ્રતિનિધિત્વ કરી ચૂકેલા અને બિમાર હોય અથવા આર્થિક મુશ્કેલીમાં હોય તેવા ખેલાડીઓ સુધી અમે સંપૂર્ણ મદદ પહોંચાડીએ છીએ. આ માટે પંડિત દિનદયાલ ઉપાધ્યાનના નામે ફન્ડ બનાવવામાં આવ્યું છે. આ ફન્ડમાંથી રૂ. 10 લાખ સુધીની મદદ કરવામાં આવે છે. માત્ર ખેલાડી જ નહીં, કોચ અને કોમેન્ટેટર પણ મદદ કરવામાં આવે છે.

- **આ ઓલિમ્પિક અંગે દેશમાં ઘણો ઉત્સાહ છે. થીમ સોંગ પણ બહાર પાડવામાં આવ્યું છે. આ ઉન્માદ અંગે તમે શું કહેશો?**
- હું બહુ ઉત્સાહિત છું, પણ હજુ બહુ ખુશ નથી. આટલો મોટો દેશ છે. આપણે ઓલિમ્પિક થીમ સોંગ લોંચ કર્યું છે, પણ તેની સાથે જોડાનારા પ્રશંસકોની સંખ્યા લાખોમાં પણ નથી. આટલો મોટો દેશ છે, ઓલિમ્પિકમાં એક સ્થાન મેળવવું હોય તો દરેક ખિલાડીના લાખો ફોલોઅર હોવા જોઇએ. તેમને સાથ મળવો જોઇએ. આ સપોર્ટ લોકોએ જ આપવાનો છે ને.

- **રમતગમતને પ્રોત્સાહન આપીને દેશ અને સમાજને જોડવા માટે એક મંત્રી તરીકે તમારો શો સંદેશ છે.?**
- હું હંમેશા એક વાત કહું છું કે રમતગમત સમગ્ર દેશને એક તાંતણે બાંધીને ઉત્સાહથી ભરી દે છે. દેશના લોકો ખેલાડીઓ અને ખેલને સમર્થન કરો. દેશના નાના ગામની રમત હોય કે આંતરરાષ્ટ્રીય સ્તરની રમત. લોકોએ રમત જોવી જોઇએ. એવું નહીં કે બેડમિન્ટનની રમત ચાલતી હોય અને બે લાખ દર્શકો પણ ન જોતા હોય. તો પછી કઈ રીતે આગળ વધાશે. પ્રો કબડ્ડી લીગનું ઉદાહરણ જૂઓ., આ લીગે ફરીથી કબડ્ડીને લોકપ્રિય બનાવી દીધી છે, સરકાર તો ખેલાડીને સંપૂર્ણ મદદ કરશે જ. પણ લોકોની ય જવાબદારી છે, અમે ઇચ્છીએ છીએ કે ભારત ઉમદા ખેલ રાષ્ટ્ર બને. આ માટે દરેક ભારતીયએ ખેલ અને ખેલાડીઓ સાથે જોડાવું પડશે. તો જ આ એક આંદોલન બની શકશે. ●

# વરિષ્ઠ નાગરિકોને આર્થિક સલામતીની ખાતરી



## स्वस्तिः प्रजाभ्यः परिपालयंतां. न्यायेन मार्गेण महीं महीशाः !

**દરેક નાગરિકને લાભ મળે અને દરેક નાગરિકને ન્યાય મળે એ સુનિશ્ચિત કરવાની જવાબદારી સરકારની છે.**

**'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ' નો મૂળ મંત્ર જ શાસનનો આધાર છે. પછી એ ગરીબ હોય, મહિલા હોય, મધ્યમ વર્ગ હોય, વિદ્યાર્થી હોય કે પછી આપણા વડીલો હોય. વડીલો તો અનુભવોનો એવો ખજાનો છે, જે આપણા જીવનપથના મહત્વના પડાવ પર યોગ્ય માર્ગદર્શન પુરું પાડે છે. પણ નિવૃત્તિ પછી તેમને ઘણી વાર આર્થિક રીતે બીજાઓ પર આધાર રાખવો પડે છે. જીવનના મહત્વના પડાવ પર તેમને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવા માટે 2017માં પ્રધાનમંત્રી વય વંદના યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો. આ યોજનામાં નિશ્ચિત રકમ ભરવાથી આજીવન માસિક, ત્રિમાસિક, છ માસિક કે વાર્ષિક પેન્શન મળે છે...**

મધ્યપ્રદેશના કટનીમાં રહેતા ગોવિંદ દાસ ગુપ્તાને નિવૃત્તિ પછી પેન્શનની ચિંતા હતી, પણ પ્રધાનમંત્રી વય વંદના યોજનાએ તેમની ચિંતા દૂર કરી દીધી. રેલવેમાંથી નિવૃત્ત થયેલા ગોવિંદ દાસે આ યોજના અંતર્ગત બેંકમાં રકમ જમા કરાવી દીધી. હવે તેમને દર મહિને પેન્શનના સ્વરૂપમાં મહિને નિશ્ચિત રકમ મળી જાય છે. આ રકમમાંથી તેમનું ભરણપોષણ સહેલાઈથી થઈ જાય છે. ગોવિંદ કહે છે, "હું હવે આર્થિક રીતે આત્મનિર્ભર છું." બેંકમાંથી નિવૃત્ત થયેલા અધિકારી અજીત સાહુ પણ આ યોજનાનો લાભ લઈ રહ્યા છે. તેઓ કહે છે, "આ યોજના અમારા જેવા વૃદ્ધો માટે વરદાન સમાન છે. આ યોજના માટે અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બહુ આભારી છીએ. જીવનમાં આનાથી વધુ સારી યોજના મને કોઈ ન લાગી." ત્રિપુરાના અગરતલામાં રહેતા સુશાંત ગુપ્ત પણ પ્રધાનમંત્રી વય વંદના યોજનાના લાભાર્થી છે. તેમને પોતાના મિત્ર પાસેથી આ યોજનાની માહિતી મળી. એ પછી તેમણે તેમાં રોકાણ કર્યું અને હવે દર મહિને રૂ. 5,000નું પેન્શન મળે છે. તેઓ કહે છે, "આ બહુ સારી યોજના છે. હું બીજા લોકોને પણ આ યોજના અંગે કહેતો રહું છું, જેથી તેઓ પણ તેનો લાભ ઉઠાવી શકે."

ભારતમાં છેલ્લાં 50 વર્ષોમાં વરિષ્ઠ નાગરિકોની સંખ્યા ચાર ગણાથી પણ વધી ગઈ છે, જ્યારે કુલ વસતિમાં તેમનું પ્રમાણ ત્રણ ગણું જ વધ્યું છે. વિશ્વના મોટા ભાગના

# પીએમ વય વંદના યોજના-ઘડપણની લાકડી

- ભારતમાં વૃધ્ધાવસ્થા પેન્શન જેવી સામાજિક સલામતીનો લાભ સંગઠિત ક્ષેત્રના કર્મચારીઓને જ મળી છે. પણ આ યોજનાનો લાભ 60થી વધુ વયની કોઈ પણ વ્યક્તિ લઈ શકે છે. કેન્દ્ર સરકારની આ યોજનાના સંચાલનની જવાબદારી ભારતીય જીવન વીમા નિગમ (LIC) પાસે છે.

- આ યોજનાની મુદત 31 માર્ચ, 2020 સુધીની જ હતી, જેને વધારીને માર્ચ 2023 સુધી કરવામાં આવી છે. તેનાં પર 7.4 ટકા વ્યાજ આપવામાં આવે છે. જો કે વાર્ષિક પેન્શનનો વિકલ્પ પસંદ કરો તો 7.66 ટકા વળતર મળે છે.

- આ યોજના સૌ પ્રથમ કેન્દ્રીય બજેટ 2003-2004માં તત્કાલીન વડાપ્રધાન અટલબિહારી વાજપેયીના કાર્યકાળમાં શરૂ કરવામાં આવી હતી.

- તેમાં મહત્તમ રૂ. 9250નું માસિક પેન્શન મળે છે. ત્રિમાસિક પેન્શન રૂ. 27,750, છ માસિક પેન્શન રૂ. 55,500 અને વાર્ષિક રૂ.. 1,11,000 પેન્શનની જોગવાઈ છે.

- આ યોજના અંતર્ગત રોકાણકાર 10 વર્ષની પોલિસી મુદત પછી પણ જીવિત રહે તો તેને પેન્શનના અંતિમ હપ્તાની સાથે રોકાણ કરેલી રકમ પાછી મળે છે અને જો પોલિસીની મુદત દરમિયાન રોકાણકારનું અવસાન થાય તો તેના નોમિનીને પૂરી રકમ આપવામાં આવે છે.

- **આ યોજનામાં પેન્શન માટે એક સાથે રોકાણ કરવાનું હોય છે. લાભાર્થી પેન્શન માટે માસિક, ત્રિમાસિક, છ માસિક કે વાર્ષિક ચૂકવણીનો વિકલ્પ પસંદ કરી શકે છે.**

**15** | **લાખ રૂપિયા રોકાણની મહત્તમ મર્યાદા**

**1000**

**રૂપિયા માસિક પેન્શન મેળવવા માટે સબસ્ક્રાઈબરે રૂ. 1.62 લાખનું રોકાણ કરવાનું હોય છે**

**ત્રિમાસિક પેન્શન માટે રૂ. 1.61 લાખ, છ માસિક માટે રૂ. 1.59 લાખ અને વાર્ષિક પેન્શન માટે લઘુતમ રૂ. 1.56 લાખનું રોકાણ કરવાનું રહેશે**

- આ સ્કીમને સર્વિસ ટેક્સ અને જીએસટીમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ યોજનામાં પતિ કે પત્ની બેમાંથી કોઈની ગંભીર બિમારીની સારવાર માટે મુદત પહેલાં ઉપાડની પણ સુવિધા છે.

- પતિ અને પત્ની બંને વરિષ્ઠ નાગરિક હોય તો પ્રત્યેક રૂ. 15 લાખનું રોકાણ કરી શકે છે. NEFT અથવા આધાર સંલગ્ન પેમેન્ટ સિસ્ટમ દ્વારા પેન્શન ચૂકવવામાં આવશે.

### સ્કીમનો લાભ આવી રીતે લઈ શકો

વધુ માહિતી માટે 022-67819281 અથવા 022-67819290 પર કોલ કરી શકો છો

ટોલ ફ્રી નંબર

1800-227-717

ઈમેલ આઈડી

onlinedmc@licindia.com

વેબસાઈટ

https://eterm.licindia.in/onlinePlansIndex/pmvvymain.do

દેશોમાં વરિષ્ઠ નાગરિકો સંખ્યા બમણી થવામાં 100 વર્ષથી વધુ સમય લાગ્યો, પણ ભારતમાં માત્ર 20 વર્ષ જ લાગ્યા. 2025 સુધી ભારતમાં વરિષ્ઠ નાગરિકોની સંખ્યા આશરે 17.3 કરોડ અને 2050 સુધી આશરે 24 કરોડ હશે. તેઓને માત્ર સામાજિક સુરક્ષા કવચ જ નહીં, આર્થિક સુરક્ષા કવચની પણ જરૂર હોય છે. કેન્દ્ર સરકારે આ દિશામાં છેલ્લાં સાત વર્ષમાં અનેક પગલાં લીધા છે. વરિષ્ઠ નાગરિકો સાથેના દુર્વ્યવહારની વધતી જતી ઘટનાઓને ધ્યાનમાં રાખતા 'મેઈન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરન્ટ્સ એન્ડ સિનિયિર સિટીઝન્સ એક્ટ 2007'ની વ્યાખ્યાનું વિસ્તરણ કરવામાં આવ્યું. હોમ કેર સર્વિસિસ, વયોશ્રી સ્કીમ અને પેન્શનર્સને ડિજિટલ સર્ટિફિકેટ્સ જેવી સામાજિક સલામતી જોગવાઈઓ કરવામાં આવી અને રિટાયરમેન્ટ હોમ્સના પુનર્વિકાસ અને નિયમન માટે માર્ગદર્શિકા જારી કરવામાં આવી. વરિષ્ઠ નાગરિકોને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવા માટે રૂ. પાંચ લાખ સુધીની આવક કરમુક્ત છે. તો નિવૃત્તિ વય બાદ આર્થિક આત્મનિર્ભરતા સુનિશ્ચિત કરવા માટે પ્રધાનમંત્ર વય વંદના યોજના અમલી છે. આ યોજનાનો પ્રારંભ 21 જુલાઈ, 2017નાં રોજ થયો હતો. ●



# પ્રસારણમાં ક્રાંતિ મફતનું મનોરંજન

**વિજ્ઞાનના વધતા પ્રભાવને કારણે લોકોના જીવન ધોરણમાં ધડમૂળથી પરિવર્તિન આવ્યું છે. રોટી, કપડાં અને મકાન જેટલું જ અનિવાર્ય મનોરંજન થઈ ગયું છે. મનોરંજન હવે જીવનની મુળભૂત જરૂરિયાત બની ગયું છે. ટેલિવિઝન મનોરંજનનું સૌથી ઉત્તમ સાધન છે અને જો તેની પહોંચ છેવાડાના માનવી સુધી હોય અને એ પણ મફતમાં, તો તેની મજા બમણી થઈ જાય છે. કેન્દ્ર સરકારની 'ડીડી ફ્રિ ડિશ' આ મજા પૂરી પાડે છે, જેમાં એક વાર નજીવો ખર્ચ કરીને જીવનભર મફતનું મનોરંજન મળે છે. આ પ્લેટફોર્મની વધતી જતી લોકપ્રિયતાને જોતાં ખાનગી ચેનલોને પણ "ડીડી ફ્રી ડિશ'ના પ્લેટફોર્મ પર આવવાની ફરજ પડી છે. ચાર કરોડ કનેક્શનનો આંક વટાવનાર "ડીડી ફ્રી ડિશ' 2025 સુધી પાંચ કરોડ કનેક્શનને વટાવી જશે તેવો અંદાજ છે.**

મનોરંજન જીવનની મહત્વની જરૂરિયાત છે અને તે માટે અનેક માધ્યમો ઉપલબ્ધ છે. કોઈને સંગીત સાંભળવું ગમે છે તો કોઈને ફરવા જવાનું ગમે છે. પણ જો તમે ઘરે હોવ તો પરિવારની સાથે બેસીને મનોરંજન મેળવવા માટે ટેલિવિઝન સૌથી ઉત્તમ સાધન છે. કોવિડના સમયમાં લોકડાઉન અને તેનાં પછી મહામારીના પ્રોટોકોલથી માંડીને ડોક્ટરોની સલાહ, રસીકરણની સંપૂર્ણ માહિતી મેળવવા ટીવી સામાન્ય લોકોને ઘણું મદદરૂપ પુરવાર થયું. દેશ-વિદેશ સાથે સંકળાયેલા સમાચારો માટે એક જુની કહેવત છે- તમારું માહિતી તંત્ર મજબૂત હોય તો તકને ઝડપવી સરળ બની જાય છે. પણ જો માહિતીની સાથે સાથે મનોરંજનનું સાધન પણ માસિક ખર્ચ વગર મળી જાય તો.. કેન્દ્ર સરકારની ડીડી ફ્રી ડિશ ફ્રી-ટુ-એર યોજના મધ્યમ વર્ગના આ સ્વપ્નને સાકાર કરી રહી છે. બસ, એક વાર એક સાથે રૂ. 1200 ભરી દો અને આજીવન મફત ચેનલ જૂઓ.



**23 જુલાઈ, 1927નાં રોજ ભારતમાં પ્રથમ વાર સત્તાવાર રીતે રેડિયો પર અવાજ ગુંજ્યો. આજે રેડિયોનો અવાજ આકાશવાણી દ્વારા દેશનાં 99 ટકા વિસ્તારોમાં સંભળાય છે.**

**દર વર્ષે 23 જુલાઈનાં રોજ રાષ્ટ્રીય પ્રસારણ દિવસની ઉજવણી કરવામાં આવ છે**

### ગ્રામીણ ભારતના દર્શકોની તાકાત

તાજેતરમાં જ જારી કરવામાં આવેલા ફિક્કી-EY મિડિયા એન્ટરટેઈનમેન્ટના વાર્ષિક અહેવાલ પ્રમાણે વર્ષ 2020માં મિડિયા અને મનોરંજન ક્ષેત્રમાં 24 ટકાનો ઘટાડો નોંધાયો, તો ડીડી ફ્રી ડિશના ગ્રાહકોની સંખ્યા ચાર કરોડને વટાવી ગઈ. વર્ષ 2025 સુધી તે પાંચ કરોડનો આંક વટાવી દે તેવી સંભાવના છે. અન્ય ડીટીએચ (ડાયરેક્ટ ટુ હોમ) માટે એક વાર ઈન્સ્ટોલેશન ચાર્જની સાથે સાથે દર મહિને નિશ્ચિત રકમ ઓપરેટરને આપવાની હોય છે. આ ડિશ પર એટલી જ ચેનલ

# એ જવાબ જે તમારા માટે જાણવા જરૂરી છે...

Q&A

**Q&A હું ડીડી ફ્રી ડિશ લગાવવા માગું છું. ક્યાંથી મળશે?**
તમે ઈલેક્ટ્રોનિક્સની કોઈ પણ દુકાનેથી ખરીદી શકો છો. તેને ઈ-કોમર્સ પ્લેટફોર્મ પરથી પણ ખરીદી શકાય.

**Q&A ડીડી ફ્રી ડિશનો લાભ લેવા માટે કેટલાં રૂપિયા ચૂકવવા પડે?**
જો તમે ડીટીએચ દ્વારા વસૂલવામાં આવતા મોંઘા માસિક ચાર્જથી બચવા માગતા હોવ તો ડીડી ફ્રી ડિશ સૌથી સારો વિકલ્પ છે. આ માટે તમારે ડીટીએચ એન્ટીના, Ku-બેન્ડ યુનિવર્સલ LNB, કેબલ અને સેટ ટોપ બોક્સ ખરીદવું પડશે. રૂ. 1200થી રૂ. 1500માં બજારમાં આ ડીશ મળી શકશે. એક વાર પૈસા ખર્ચ્યા પછી તમે ડીડી ફ્રી ડિશ પર આવતી તમામ ચેનલો મફતમાં જોઈ શકશો.

**Q&A શું આનાથી એક જ ટીવી સેટ ચલાવી શકાય?**
ના. એક ડીટીએચ એન્ટીનાથી તમે 4,6 કે 8 ટીવી સેટ પણ ચલાવી શકો. આ માટે તમારે ડીશ પર લગાવેલા સિંગલ LNB Ku બેન્ડને હટાવીને તેમાં 2,3 કે 8 આઉટપુટવાળું LNB Ku બેન્ડ લગાવવું પડશે.

**તેમાં કઈ કઈ ચેનલો જોઈ શકાશે?**

- જ્યારે ડીડી ફ્રી ડિશ લૉંચ કરવામાં આવી ત્યારે તેમાં માત્ર દૂરદર્શનની ચેનલો જ આવતી હતી. પછીથી તેમાં સ્ટાર ઉત્સવ, આજતક, બીબીસી ન્યૂઝ, ઝી મ્યુઝીક સહિતને ખાનગી ચેનલો પણ ઉમેરવામાં આવી. જાન્યુઆરી 2021 સુધી ડીડી ફ્રી ડિશ પર 161 ટીવી ચેનલોને લાવવામાં આવી છે.
- તેમાં દૂરદર્શનની 91 ચેનલો (51 શૈક્ષણિક ચેનલો), 70 ખનગી ચેનલો અને 48 રેડિયો ચેનલો સામેલ છે.
- એપ્રિલ 2021થી ડીડી ફ્રી ડિશના ખાનગી ચેનલના બુકેમાં ઝી, સોની, સ્ટાર અને કલર્સ સહિતની 10 મનોરંજન ચેનલો પણ સામેલ કરવામાં આવી.
- 15 હિન્દી ફિલ્મ, 6 સંગીત, 20 સમાચાર, 8 ભોજપુરી, 3 ભક્તિ અને 2 વિદેશી ચેનલ પણ સામેલ છે. હજુ બીજી ચેનલો ઉમેરવામાં આવશે..

**ડીડી ફ્રી ડિશ પર આવતી ચેનલો અને તેની સાથે સંકળાયેલી તમામ માહિતી વેબસાઈટ HTTPS://HINDI.FREEDISH.IN પર ઉપલબ્ધ છે.**

**પ્રશ્નઃ કઈ કઈ ભાષામાં ચેનલ ઉપલબ્ધ છે?**

જવાબઃ સૌથી વધુ ચેનલ હિન્દી ભાષામાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત, ભોજપુરી, પંજાબી, મરાઠી અને બંગાળી સહિત અનેક ભાષાઓની ચેનલ પણ જોઈ શકાય છે.

જોઈ શકો જેનાં માટે દર મહિને પૈસા આપો છો. જ્યારે ડીડી ફ્રી ડિશ પર આવતી તમામ ચેનલ સંપૂર્ણપણે મફત જોઈ શકાય છો, એ પણ કાયમ માટે. તેની આ વિશેષતાને કારણે આ યોજના દેશના અંતરિયાળ, દુર્ગમ અને સરહદી વિસ્તારોમાં માહિતી અને મનોરંજનનું સશક્ત સાધન બની ગયું છે. આટલું જ નહીં, લોકડાઉન દરમિયાન જુની સિરિયલો અને જુના ગીત-સંગીતના ખજાનાને કારણે ડીડી ફ્રી ડિશની લોકપ્રિયતા વધી છે. ખાસ તો, ગ્રામીણ ભારતના લોકોનો ડીડી ફ્રી ડિશમાં વધેલા વિશ્વાસને કારણે મનોરંજન સાથે સંકળાયેલી ખાનગી ચેનલોને પણ હવે ડીડી ફ્રી ડિશ પર આવવાની ફરજ પડી છે. મફત હોવાને કારણે તેઓ પહેલાં આ પ્લેટફોર્મ પર આવતા નહોતા. લોકો મુખ્ય પ્રવાહ સાથે જોડાય, તેમને તેમના વિકાસ માટે જરૂરી હોય તેવી તમામ માહિતીની સાથે સાથે મનોરંજન મળે એ કેન્દ્ર સરકારનો હેતુ છે. આ યોજના અત્યંત અસરકારક સાબિત થઈ રહી છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરના જણાવ્યા અનુસાર દેશના ગરીબ અને મધ્યમ વર્ગને મોદી સરકારની આ ભેટ છે. તમે કોઈ પણ ઈલેક્ટ્રોનિક્સની દુકાને જઈને તે ખરીદી શકો છો. ગયા વર્ષે જમ્મુ-કાશ્મીર અને લડાખમાં ડીડી ફ્રી ડિશના 30,000 સેટ ટોપ બોક્સ વહેંચવામાં આવ્યા. અંતરિયાળ અને આતંકવાદગ્રસ્ત વિસ્તારોમાં 1.20 લાખ સેટ ટોપ બોક્સ વહેંચવામાં આવ્યા છે.

### લોકો માટે મફત, સરકારને આવક

અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન હતા ત્યારે કેન્દ્રીય મંત્રીમંડળે ડીડી ફ્રી ડિશ યોજનાને મંજૂરી આપી હતી. પ્રસાર ભારતી દ્વારા તેના પર અમલ શરૂ કરવામાં આવ્યો. 2003માં 30 ચેનલો સાથે તેને મંજૂરી મળી. 2014 પછી આ યોજનાને સાચા અર્થમાં વેગ મળ્યો. 2019માં બાકીના 11 રાજ્યોમાં ડીડી ફ્રી ડિશ સાથે ડીડી ચેનલ સેટેલાઈટ દ્વારા જોડવામાં આવી. પ્રથમ વાર એવું બન્યું કે છત્તીસગઢ, ગોવા, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ત્રિપુરા અને ઉત્તરાખંડને સેટેલાઈટ નેટવર્ક પર પોતાની ચેનલ મળી. હાલમાં, ડીડી ફ્રી ડિશ પર ખાનગી ચેનલો સહિત કુલ 160થી વધુ ચેનલો ઉપલબ્ધ છે. ડીડી ફ્રી ડિશ પર આવવા માટે ખાનગી ટીવી ચેનલોએ દર વર્ષે યોજાતી પારદર્શી ઓનલાઈન ઈ-હરાજી પ્રક્રિયામાં ભાગ લેવો પડે છે. આ હરાજીથી કેન્દ્ર સરકારને 2020-21માં રૂ. 620 કરોડની આવક થઈ હતી. ગયા વર્ષની સરખામણીમાં આવકમાં 23 ટકા વધારો થયો છે. ●



# કૌશલ્ય વિકાસથી
## સ્વસ્થ ભારત હવે સશક્ત ભારત તરફ

**સ્કિલ, રિ-સ્કિલ અને અપ-સ્કિલ. આ મંત્ર કેટલો મહત્વનો છે તે કોવિડના સમયમાં સાબિત થઈ ગયું. દેશના આરોગ્ય ક્ષેત્રના કર્મચારીઓ કુશળ તો હતા જ, પણ આ મહામારીના સમયમાં તેઓ કોવિડનો સામનો કરવા ઘણુ બધું નવું શીખ્યા છે અને પોતાનું કૌશલ્ય વધાર્યું છે. ટેકનોલોજીના આ જમાનામાં નવાં નવા કૌશલ્યનો વિકાસ કરવો અનિવાર્ય બની ગયું છે. આ બાબતને ધ્યાનમાં રાખીને કૌશલ્ય વિકાસના મિશનના આગામી તબક્કામાં કોવિડ યોધ્ધાઓ માટે વિશેષ ક્રેશ-કોર્સ દ્વારા કોવિડ અનુકુળ કૌશલ્ય તાલીમ આપવામાં આવી રહી છે.**

મહામારીએ વિશ્વના દરેક દેશ, સંસ્થા, સમાજ, પરિવાર અને લોકોના મનોબળની પરીક્ષા કરી છે, તો સાથે સાથે એ વાતનો અહેસાસ પણ કરાવ્યો છે કે વિજ્ઞાન, સરકાર, સમાજ, સંસ્થા કે વ્યક્તિના સ્તરે ગ્રહણ ક્ષમતાને પણ વધારવી પડશે. આ વિચાર સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડ-19ના ફ્રન્ટલાઈન વર્કર્સ માટે 18 જુને વિશેષ ક્રેશ-કોર્સ કાર્યક્રમ લોંચ કર્યો. આ અંતર્ગત બે-ત્રણ મહિનામાં એક લાખ યુવાનોને કોવિડ સામેની લડાઈ માટે તાલીમ આપવામાં આવશે. કોવિડ યોધ્ધાઓને કૌશલ્ય સહિતની વિશેષ ભૂમિકાઓ માટેની તાલીમ આપવા પીએમ કૌશલ વિકાસ યોજના 3.0 તૈયાર કરવામાં આવી છે, જે 26 રાજ્યોના 111 તાલીમ કેન્દ્રો પરથી શરૂ થઈ ગઈ છે.

કોવિડ યોધ્ધાઓને છ વિશિષ્ટ ભૂમિકાઓ માટે તૈયાર કરવામાં આવશે. તેનો હેતુ રાજ્યો દ્વારા કુશળ આરોગ્ય કર્મચારીઓની વધી રહેલી માગને પૂરી કરવા માટે એક લાખ ઉમેદવારોને તાલીમ આપીને તૈયાર કરવાનો છે, જેથી આરોગ્ય ક્ષેત્રની વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતો પૂરી કરી શકાય. આ યોજના અંતર્ગત રૂ. 273 કરોડની ફાળવણી કરવામાં આવી છે.

### કોવિડ-19 હેલ્થકેર ફ્રન્ટલાઇન વર્કર્સ માટે વિશેષ તાલીમ કાર્યક્રમ

સ્કિલ ઈન્ડિયા દ્વારા તાલીમબધ્ધ યુવાનો બનશે કોવિડ સહાયક. કોર્સ પૂરો થયા બાદ ઉમેદવારો DSC/SSDMની વ્યવસ્થા અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂદાયિક આરોગ્ય કેન્દ્રો, આરોગ્ય સુવિધા, હોસ્પિટલમાં કામ કરી શકશે.

આ કાર્યક્રમમને સફળ બનાવવા માટે કડક નીરિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમાં ઉમેદવારોની અનિવાર્ય હાજરી, તાલીમ કેન્દ્રોમાં મુળભૂત સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન આપવામાં આવશે.

આ યોજનાને હેલ્થકેર સેન્ટર સ્કિલ કાઉન્સિલના નિષ્ણાતો દ્વારા સાથે મળીને વિકસાવી છે અને રાષ્ટ્રીય વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ કેન્દ્ર (NCVET) દ્વારા માન્ય કરવામાં આવી છે.

આરોગ્ય મંત્રાલયને ઉમેદવારોની નિયુક્તિના સમયે ક્રમાંક આપવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. આ માટે પ્રાથમિકતાના આધારે રસીકરણ, મુવમેન્ટ પાસ, જરૂર પ્રમાણે પીપીઈ કિટ આપવાનો અનુરોધ કરવામાં આવ્યો છે.

**આ સુવિધાઓ પણ મળશે...**

ક્રેશ કોર્સ બેથી ત્રણ મહિનામાં પૂરો કરી શકાય. તાલીમ દરમિયાન ઉમેદવારોને મફતમાં તાલીમ, સ્કિલ ઈન્ડિયાનું સર્ટિફિકેટ, ભોજન અને રહેવાની સુવિધાની સાથે સાથે સ્ટાઈપેન્ડ ઉપરાંત સર્ટિફાઈડ ઉમેદવારોને અકસ્માત વીમો આપવામા આવશે.



### મેડિકલ ઈક્વિપમેન્ટ સહાયકઃ

**કામગીરીઃ** વેન્ટિલેટર, BIPAP-CPAP, ઓક્સિજન ઉપકરણ (કોન્સન્ટ્રેટર અને સિલિન્ડર), ડિજિટલ થર્મોમીટર, ફ્લોમીટર, હ્યુમિડિફાયર, પલ્સ ઓક્સિમીટર, મલ્ટીપેરા મોનિટર, નેબ્યુલાઇઝર, બીપી જેવા ઉપકરણોનું મોનિટરીંગ કરે છે.



### સેમ્પલ કલેક્શન આસિસ્ટન્ટઃ

**કામગીરીઃ** સેમ્પલ કલેક્શન પહેલાંની પ્રક્રિયા કરવી, સ્વેબ અને સેમ્પલ કલેક્શન, રેપિડ એન્ટીજન ટેસ્ટ, કોઇ પણ સ્થળની મુલાકાત લેતી વખતે સમગ્ર પ્રક્રિયા માટેની તૈયારી

### એડવાન્સ કેર આસિસ્ટન્ટ

**કામગીરીઃ** કાર્ડિયોપલ્મોનરી રિસસિટેશન અને અન્ય કામગીરીમાં મદદ, ક્રિટિકલ કેર યુનિટ (CCU)માં દર્દીની સારવારમાં નર્સને મદદ, દર્દીની દવાઓ અને ડોક્યુમેન્ટ્સના મેનેજમેન્ટમાં મદદ



# સ્કિલ ઈન્ડિયા દ્વારા તાલીમબધ્ધ યુવાનો છ વિશિષ્ટ ભૂમિકામાં બનશે દેશની નવી તાકાત

### ઈમરજન્સી કેર આસિસ્ટન્ટ

**કામગીરીઃ** કટોકટીની સ્થિતિમાં તમામ ડિવાઇસ અન્ય ઈવેન્ટરીની સાથે એમ્બ્યુલન્સ તૈયાર કરવી, દર્દીની પોઝિશનિંગ, એમ્બ્યુલેશન અને પ્રોનિંગ માટે મદદ કરવી.



### હોમ કેર આસિસ્ટન્ટ

**કામગીરીઃ** ઓક્સિજન કોન્સન્ટ્રેટર, ઓક્સિજન સિલિન્ડર, નેબ્યુલાઇઝર, ઈસીજી અને પલ્સ ઓક્સિમીટર જેવા બેઝિક ઉપકરણોને વાપરવામાં સહાયતા, પીપીઈની ડોનિંગ અને ડફિંગ, એન્ટ્રી કરવી અને રેકોર્ડ રાખવો.



### બેઝિક કેર આસિસ્ટન્ટ

**કામગીરીઃ** ઉપયોગનાં પહેલાં અને પછી તમામ સામગ્રી /પુરવઠાને સાફ અને જંતુમુક્ત કરવો, ઉપયોગ પહેલાં અને પછી ડેટા એકત્ર કરવો



વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## કૌશલ્ય અભિયાનના પ્રારંભે વડાપ્રધાને કરેલા સંબોધનના મુખ્ય મુદ્દાઃ

- છેલ્લાં છ વર્ષોમાં નવી એઇમ્સ, મેડિકલ કોલેજો અને નર્સિંગ કોલેજ શરૂ કરવા માટે કેન્દ્રીત અભિગમ સાથે કામ કરવામાં આવ્યું
- ફ્રન્ટલાઈન વર્કર્સ વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનમાં કામ કરી રહ્યા છે એટલું જ નહીં, પણ અંતરિયાળ વિસ્તારોમાં કોરોનાનો ફેલાવો રોકી રહ્યા છે.
- કોવિડ-19 વિરુધ્ધ લડાઈમાં ASHA, ANM અને આંગણવાડી કાર્યકરોની ભૂમિકાની હું પ્રશંસા કરું છું.
- 45 વર્ષથી નીચેની ઉંમરના લોકોના રસીકરણની જે સુવિધા મળે છે તે જ સુવિધા 21 જુનથી 45 વર્ષથી નીચેની વયના લોકોને મળશે.
- કોરોનાએ સ્કિલ, રિ-સ્કિલ અને અપ-સ્કિલનું મહત્વ દર્શાવ્યું છે. આ અંતર્ગત બે-ત્રણ મહિનામાં એક લાખ ફ્રન્ટલાઈન વર્કર્સને તાલીમ આપવામાં આવશે.
- કોરોના યોધ્ધાઓને છ કસ્ટમાઇઝ્ડ નોકરી અંગેની તાલીમ આપવામાં આવશે અને તેનું આયોજન 111 કેન્દ્રો પર કરવામાં આવશે. વાયરસ હજુ પણ હાજર છે અને મ્યુટેશનની સંભાવના પણ યથાવત છે, આપણે તૈયાર રહેવું પડશે.
- સ્કિલ ઈન્ડિયા મિશન દર વર્ષે આપણા લાખો યુવાનોને તાલીમ પૂરી પાડી રહ્યું છે. ગયા વર્ષે મહામારી છતાં લાખો આરોગ્યકર્મીઓને તાલીમ આપવામાં આવી ચૂકી છે.



# યોગ બન્યું કોવિડ કવચ

**વિશ્વના મોટા ભાગનાં દેશો માટે યોગ દિવસ તેમનો વર્ષો જુનો સાંસ્કૃતિક તહેવાર નથી. પણ કોવિડના દોઢ વર્ષ દરમિયાન યોગ પ્રત્યે વિશ્વનો પ્રેમ વધ્યો છે. લાખો નવા યોગ સાધક બન્યા છે. આ કપરાં સમયમાં યોગ આત્મબળનું મોટું માધ્યમ અને સલામતી કવચ બન્યું છે. યોગે લોકોમાં એ વિશ્વાસ પેદા કર્યો છે કે આપણે આ બિમારીથી લડી શકીએ છીએ. મહામારી સામે લડવા માટે યોગે લોકોને આત્મવિશ્વાસ અને શક્તિ આપી, તો 21 જૂને સાતમાં યોગ દિવસના પ્રસંગે વડાપ્રધાને 'એક વિશ્વ-એક સ્વાસ્થ્ય'ના લક્ષ્યને હાંસલ કરવા 'M-યોગ એપ' લોંચ કરી.**

આજે જ્યારે સમગ્ર વિશ્વ કોવિડ મહામારીનો સામનો કરી રહ્યું છે ત્યારે યોગ આશાનું કિરણ બની રહ્યું છે. બે વર્ષથી વિશ્વભરના દેશો અને ભારતમાં ભલે મોટા જાહેર કાર્યક્રમનું આયોજન ન થયું હોય, પણ યોગ દિવસનો ઉત્સાહ ઓછો નથી થયો. તેની ઝલક સાતમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસનાં રોજ જોવા મળી, જ્યારે 'આરોગ્ય માટે યોગ'ની થીમ પર વિશ્વના કરોડો લોકોએ ભાગ લઈને બતાવી આવ્યું કે દરેક દેશ, દરેક સમાજ અને દરેક વ્યક્તિ સ્વસ્થ રહે અને બધાં એક સાથે મળીને એકબીજાની તાકાત બને. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'M-યોગ એપ'લોંચ કરી, જેમાં કોમન યોગ પ્રોટોકોલના આધારે વિશ્વની અલગ અલગ ભાષાઓમાં યોગ તાલીમના સંખ્યાબંધ વિડિયો ઉપલબ્ધ છે. આ એપ આધુનિક ટેકનોલોજી અને પ્રાચીન વિજ્ઞાનના મિશ્રણનું  ઉત્તમ ઉદાહરણ છે. તેમણે આ એપને વિશ્વભરમા યોગનો ફેલાવો કરતું અને 'એક વિશ્વ-એક સ્વાસ્થ્ય'ના લક્ષ્યને હાંસલ કરનારું પગલું ગણાવ્યું.

## ભારતની વર્ષો જુની યોગ પરંપરાએ સહારો આપ્યો

કોવિડના આ મુશ્કેલ સમયમાં યોગ કેટલું મદદરૂપ સાબિત થયું છે તેને વિશ્વએ પણ અનુભવ્યું. લોકોમાં યોગ અંગેનો ઉત્સાહ વધ્યો છે, પ્રેમ વધ્યો છે. છેલ્લાં દોઢ વર્ષમા વિશ્વના ખૂણે ખૂણે લાખો નવા યોગ સાધક બન્યા છે. સંયમ અને શિસ્તને યોગનો પર્યાય કહેવામાં આવે છે. લોકો તેને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયાસ પણ કરી રહ્યા છે. આ



પ્રસંગે વડાપ્રધાને કહ્યું, "કોરોનાના અદ્રશ્ય વાયરસે કેર મચાવવાનું શરૂ કર્યું ત્યારે કોઇ પણ દેશ પોતાના સાધનો દ્વારા કે માનસિક રીતે તેનાં માટે તૈયાર નહોતાં. આપણે બધાંએ જોયું છે કે આવા મુશ્કેલ સમયમાં યોગ આત્મબળનું મોટું માધ્યમ બન્યું. યોગે લોકોમાં વિશ્વાસ ફેલાવ્યો કે આપણે આ બિમારી સામે લડી શકીએ છીએ."

**યોગ એટલે બિમારીઓ સામે સલામતીનું કવચ**

કોવિડ મહામારી વિરુધ્ધની લડાઈમાં સંકળાયેલા ડોક્ટરો અને કોવિડ યોધ્ધાઓએ યોગને પોતાનું વિશેષ સલામતી કવચ બનાવ્યું છે. ડોક્ટરોએ યોગથી પોતાની જાતને સ્વસ્થ રાખી એટલું જ નહીં, દર્દીઓને સાજા કરવામાં પણ તેનો ઉપયોગ કર્યો. આ દરમિયાન, હોસ્પિટલોમાંથી એવી અનેક તસવીરો સામે આવી જેમાં ડોક્ટર અને નર્સ દર્દીઓને યોગ કરતા શીખવાડતા જોવા મળ્યા. યોગના મહત્વ અંગે વડાપ્રધાન મોદીએ મહાન તામિલ સંત શ્રી થિરુવલ્લુવરને ટાંકીને કહ્યું,

**நோய்நாடிநோய்முதல்நாடிஅ துதணிக்கும்வாய்நாடிவாய்ப் பச்செயல்.**"મતલબ કે જો કોઈ બિમારી હોય તો તેનું નિદાન કરો, તેનાં જડ સુધી જાવ, બિમારીનું કારણ શું છે તે શોધો અને પછી તેનો ઉપાય સુનિશ્ચિત કરો. વડાપ્રધાને ભારપૂર્વક કહ્યું, યોગ જ રસ્તો બતાવે છે. કોવિડના યુગમાં યોગથી માનવ શરીરને થતા લાભ અને રોગ પ્રતિકારક ક્ષમતા પર પડતી સકારાત્મક અસરો પર રિસર્ચ થવા માંડ્યું છે. દુઃખથી મુક્તિને જ યોગ કહે છે. બધાંને સાથે લઈને ચાલતી માનવતાની આ યોગ યાત્રા આપણે આ રીતે જ આગળ વધારવાની છે. આપણે બધાંએ યોગનો સંકલ્પ લેવાનો છે અને સ્વજનોને પણ આ સંકલ્પ લેવડાવવાનો છે. યોગથી સહયોગ સુધીનો મંત્ર દેશને નવા ભવિષ્યનો માર્ગ દર્શાવશે અને માનવતાને મજબૂત કરશે. ●








### યોગની દુનિયામાં 'M-યોગ એપ'દ્વારા નવી પહેલ

- વિશ્વભરના દેશોનાં 12થી 65 વર્ષની ઉંમરના લોકોને તેમની ભાષામાં યોગ શીખવાડવા માટે ભારતે વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા અને સંયુક્ત રાષ્ટ્ર સાથે મળીને 'M-યોગ એપ' ની શરૂઆત કરી છે.
- આ એપને વૈજ્ઞાનિક સાહિત્યની સમીક્ષા અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો સાથે વ્યાપક પરામર્શ કરીને વિક્સાવવામાં આવી છે. તેમાં વપરાશકારનો કોઇ ડેટા નથી લેવામાં આવતો. એન્ડ્રોઇડ યુઝર્સ તેને ગુગલ પ્લેસ્ટોર પરથી ડાઉનલોડ કરી શકે છે.
- આ એપમાં યોગ અંગેના વિડિયો જારી કરવામાં આવશે, જે અલગ અલગ ભાષાઓમાં હશે. હાલમાં, તે ફ્રેન્ચ, અંગ્રેજી અને હિન્દીમાં ઉપલબ્ધ છે. આગામી મહિનાઓમાં તેમાં બીજી ભાષાઓને જોડવામાં આવશે. અલગ અલગ દેશોમાં આ એપના માધ્યમથી યોગનો પ્રચાર અને પ્રસાર કરવામાં મદદ મળશે.



સાતમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પ્રસંગે મનને શાંત કરનારા વિશેષ ગીત સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો




# વિશ્વનું સૌથી મોટું મફત રસીકરણ અભિયાન

**કોવિડ મહામારીએ વિશ્વના દરેક દેશ, સંસ્થા, સમાજ, પરિવાર, વ્યક્તિની ધીરજ અને મર્યાદાની વારંવાર કસોટી કરી છે. તો, આ મહામારીએ વિજ્ઞાન, સરકાર, સમાજ, સંસ્થા અને વ્યક્તિ તરીકે પણ પોતાની ક્ષમતા વધારવા માટે સતર્ક કરી છે. ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટના મૂળ મંત્રની સાથે કોવિડની પહેલી લહેરમાં ભારતે સફળતા હાંસલ કરીને વિશ્વ સમક્ષ ઉદાહરણ રજૂ કર્યું હતું, તો બીજી લહેર દરમિયાન આ જ મૂળ મંત્રની સાથે ઝડપી રસીકરણના સિધ્ધાંત પર વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આને કારણે દૈનિક નવા સંક્રમિતોની સંખ્યામાં ઘટાડો થયો. બધાંને મફત રસીકરણનું અભિયાન શરૂ કરીને રસીકરણની ઝડપમાં ભારતે અમેરિકાને પાછળ છોડી દીધું..**


જમ્મુ કાશ્મીરના બાંદીપુરાનું વેયાન ગામ દેશનું પહેલું એવું ગામ છે જ્યાં 100 ટકા લોકોનું રસીકરણ થઈ ચૂક્યું છે. નાગાલેન્ડનાં લોંગજેમડાંગ, મોલેનડેન અને યાલી ગામે પણ રસીકરણનાં મુદ્દે દાખલો બેસાડ્યો છે. આ ગામડાંઓમાં 18 વર્ષથી ઉપરની વયના તમામ લોકોને રસી લગાવવામાં આવી છે. મહત્વની વાત એ છે કે 100 ટકા રસીકરણનું આ લક્ષ્ય નિર્ધારિત સમયના ત્રણ મહિના પહેલાં જ પુરું કરવામાં આવ્યું છે. છત્તીસગઢના દુર્ગ જિલ્લાનાં તર્રા ગામમાં પણ 100 ટકા રસીકરણ થઈ ગયું છે. આ ગામનાં લોકોમાં પહેલાં એવી અફવા હતી કે રસી લગાવવાથી મૃત્યુ થઈ શકે છે. પણ સરપંચ યોગેશ કુમાર ચંદ્રાકરે સૌ પ્રથમ પોતે અને પછી પોતાના પરિવારને રસી લગાવડાવીને તેમનો વહેમ દૂર કરી દીધો.

અરૂણાચલ પ્રદેશમાં આશા વર્કર 400 ગામોમાં પગપાળા ફરીને કોવિડ રસી લગાવવા લોકોને રસી લગાવવા પ્રેરણા આપે છે. કાશ્મીર ખીણમાં નદી, પર્વત જેવા દુર્ગમ વિસ્તારોમાં રહેતા લોકોને રસી આપવામાં આવી રહી છે. પુલવામાની જિલ્લા હોસ્પિટલમાં કામ કરતી તબસ્સુ કહે છે, જે ખેડૂતો ખેતરમાં કામ કરી રહ્યા છે તેમને અમે ખેતરમા જઈને રસી આપીએ છીએ.

21 જુનનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 18 વર્ષથી ઉપરનાં તમામ લોકોનું મફતમાં રસીકરણ અભિયાન શરૂ કર્યું ત્યારથી રસી લેવા માટે લોકોમાં ઉત્સાહ અને હેલ્થવર્કર્સમાં સમર્પિતતાના આવા ઉદાહરણ સામે આવી રહ્યા છે. એટલું જ નહીં, લોકોના મનમાં રસી અંગે ઉઠી રહેલા સવાલોના જવાબ આપતા તેમણે 'મન કી બાત' કાર્યક્રમમાં જણાવ્યું કે, "મારી માતા લગભગ 100 વર્ષની છે અને તેણે પણ બંને ડોઝ લીધા છે. રસી લીધા પછી ક્યારેક ક્યારેક નજીવો તાવ આવે છે. રસી ન લેવાથી તમે પોતાની સાથે સાથે પરિવારને પણ જોખમમાં મૂકો છો. એટલે, જેટલું જલ્દી શક્ય હોય એટલું જલ્દી રસી લગાવી લો."

# રસીકરણની ઝડપે તોડ્યા વિક્રમ

- 18 વર્ષથી ઉપરની ઉંમરના લોકોને મફતમાં રસી આપવાના પ્રારંભના પ્રથમ દિવસે જ ભારતે આશરે 86 લાખ લોકોને રસીનો વિક્રમ સર્જ્યો હતો.
- આમાંથી લગભગ 74 ટકા લોકો 18થી 44 વર્ષથી ઉપરની વયના છે. 21 જુને અભિયાનના પ્રથમ દિવસે મધ્યપ્રદેશે આશરે 17 લાખ ડોઝ લગાવીને કોઈ પણ રાજ્ય દ્વારા એક દિવસમાં સૌથી વધુ ડોઝ લગાવીને વિક્રમ સર્જ્યો હતો.
- એટલું જ નહીં, ભારતમાં 16 જાન્યુઆરીથી શરૂ થયેલા રસીકરણ અભિયાનના 163માં દિવસ સુધી 32.36 કરોડ લોકોએ રસી લગાવી છે. અમેરિકામાં આ આંક સુધી પહોંચતા 196 દિવસ લાગ્યા હતા.







**સરકાર દરેક ભારતવાસી માટે મફતમાં રસીકરણ કાર્યક્રમ શરૂ કરી રહી છે. રસીકરણ અભિયાનના આ તબક્કામાં સૌથી મોટો લાભ ગરીબો, મધ્યમ વર્ગ અને દેશના યુવાનોને થશે. આપણે ભારતવાસી રસી લગાવીશું અને સાથે મળીને કોરોનાને હરાવીશું.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**


(21 જુને આંતરરાષ્ટ્રીય યોગ દિવસે 18 વર્ષથી ઉપરની વયની વ્યક્તિ માટે મફતમાં રસીકરણની શરૂઆત કરતી વખતે)

**ચોથી રસીને મંજૂરીઃ રસીકરણમાં ઝડપ આવશેઃ**

સ્પુતનિક- v બાદ ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ ભારતમાં ઈમરજન્સી ઉપયોગ માટે મોડર્નાને મંજૂરી આપી દીધી છે. સિપ્લાને આ કંપનીની રસીની આયાત કરવા મંજૂરી આપવામાં આવી છે. ભારતમાં મળનારી આ ચોથી રસી હશે. રાષ્ટ્રીય રસીકરણ અંગેના સલાહકાર જૂથના વર્કિંગ ગ્રૂપના પ્રમુખ ડો. નરેન્દ્ર કુમાર અરોરાના જણાવ્યા અનુસાર ભારતમાં બહુ જલ્દી હજુ બીજી કોવિડ રસી ઉપલબ્ધ થશે. ઝાયડસ કેડિલા અને બાયોલોજીકલ-ઈની રસીના પરીક્ષણના પરિણામ ઉત્સાહજનક રહ્યા છે. સપ્ટેમ્બર સુધી આ રસી ઉપલબ્ધ થવાની સંભાવના છે. આ ઉપરાંત સીરમ ઈન્સ્ટિટ્યૂટની નોવાવેક્સ પણ બહુ જલ્દી મળવાની સંભાવના છે. કોવેક્સિન, કોવિશીલ્ડ અને સ્પુતનિક હાલમાં ઉપલબ્ધ છે. જુલાઈ સુધી ભારત બાયોટેક અને સીરમ ઈન્સ્ટિટ્યૂટની ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે. આ સાથે ભારતમાં એક મહિનામાં આશરે 30થી 35 કરોડ રસીના ડોઝ મળવા માંડશે. આનાથી રસીકરણ અભિયાનમાં ઝડપ આવશે.

# 16 દિવસમાં ચાર લાખ સક્રિય કેસ ઓછા થયા

**ભારતમાં દૈનિક નવા કેસોની સંખ્યા ઘટીને 40,000ની નીચે આવી ગઈ છે. 14 જુનનાં રોજ એક દિવસમાં 70,000થી વધુ નવા કેસો નોંધાયા હતા, જ્યારે 29 જુનનાં રોજ આશરે 37,000 કેસો નોંધાયા હતા. 29 જુને સતત 47માં દિવસે નવા કેસોની સરખામણીમાં સાજા થનારા દર્દીઓની સંખ્યા વધુ હતી. આ કારણસર 14 જુનનાં રોજ ભારતમાં સક્રિય કેસો 9.73 લાખ હતા, જે 29 જુનનાં રોજ ઘટીને 5.52 લાખ થઈ ગયા હતા.**




**96.87**
ટકા ભારતનો રિકવરી રેટ

**2.12%**
ટકા છે 29 જુન સુધીનો પોઝિટિવિટ રેટ

**સતત 22માં દિવસે પાંચ ટકાથી ઓછો**

સક્રિય કેસ
નવા કેસ
સાજા થયેલા લોકો

## દેશમાં કોવિડ પરીક્ષણની ઝડપ યથાવત

17 માર્ચનાં રોજ મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દૈનિક પરીક્ષણો વધારવાના નિર્દેશ આપ્યા હતા. આ કારણસર દરરોજ નોંધાનારા નવા કેસોની સંખ્યા ઘટીને 40,000ની નીચે આવી ગઈ હોવા છતાં ભારતમાં દૈનિક પરીક્ષણોની સંખ્યામાં કોઇ ઘટાડો નથી થયો. ભારતમાં અત્યાર સુધી 40.81 કરોડ કોવિડ પરીક્ષણો થઈ ચૂક્યા છે. આ આંક અનેક દેશોની વસતિ કરતાં વધુ છે.

| તારીખ | ટેસ્ટિંગ | તારીખ | ટેસ્ટિંગ | તારીખ | ટેસ્ટિંગ |
|---|---|---|---|---|---|
| 14 જુન | 17,51358 | 19 જુન | 18,11,446 | 24 જુન | 17,35,781 |
| 15 જુન | 19,30, 987 | 20 જુન | 13,88,699 | 25 જુન | 17,45,809 |
| 16 જુન | 19,31,249 | 21 જુન | 16,64,360 | 26 જુન | 17,77,309 |
| 17 જુન | 19,29,476 | 22 જુન | 19,01,056 | 27 જુન | 15,70,515 |
| 18 જુન | 19,02,009 | 23 જુન | 18,59,469 | 28 જુન | 17,68,008 |

# જમીન સંરક્ષણની દિશામાં ભારત પર વિશ્વનો ભરોસો

**જમીનના ધોવાણને કારણે તેની ગુણવત્તા ઘટવાથી (લેન્ડ ડિગ્રેડેશન) વિશ્વના બે તૃતીયાંશ વિસ્તારો પર અસર થઈ છે. તેની સીધી અસર સમાજ, અર્થવ્યવસ્થા, અન્ન સલામતી, આરોગ્ય, જીવનની ગુણવત્તા પર પડે છે. આ સ્થિતિમાં ભારતે છેલ્લાં 10 વર્ષમાં 30 લાખ હેક્ટર વન વિસ્તાર ઉમેર્યો છે અને 2030 સુધી 2.6 કરોડ હેક્ટર ખરાબાની જમીનનો નવસંચાર કરવાનો લક્ષ્ય નિર્ધારિત કરીને જમીન સંરક્ષણની દિશામાં વિશ્વનો ભરોસો મેળવ્યો છે. ભારતીય સંદર્ભમાં તો જમીનનું સંરક્ષણ ઘણું મહત્વ ધરાવે છે, કારણ કે આપણે પવિત્ર ધરતીને માતાનું બિરૂદ આપ્યું છે.**

સંયુક્ત રાષ્ટ્રસંઘની કોઈ પણ બેઠકમાં ભારતનો બુલંદ અવાજ હવે વિશ્વને ભરોસો અપાવી રહ્યો છે. 14 જુનનાં રોજ સંયુક્ત રાષ્ટ્ર ખાતે ડેઝર્ટીફિકેશન (જમીનનું રણમાં પરિવર્તન થવું), દુકાળ અને લેન્ડ ડિગ્રેડેશન મુદ્દે ઉચ્ચ સ્તરીય સંમેલનને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતે કઈ રીતે છેલ્લાં 10 વર્ષમાં 30 લાખ હેક્ટર વન વિસ્તારનો ઉમેરો કર્યો તે અંગે વિશ્વને જણાવ્યું. હવે દેશના કુલ વિસ્તારનો ચોથા ભાગનો વિસ્તાર જંગલ છે. ગુજરાતના કચ્છની જમીનને બિનઉપજાઉ થતી રોકવા લેવામાં આવેલાં પગલાં અંગે તેમણે જણાવ્યું કે, આ જમીનને ફળદ્રુપ બનાવવા માટે ઘાસ વાવવા પર ફોકસ કરવામાં આવ્યું, જેને કારણે જમીન વેરાન રણ બનતાં અટકાવી શકાઈ. આ કુદરતી પધ્ધતિ ખૂબ અસરકારક સાબિત થઈ. તેમણે વિશ્વના સૌથી મોટા મંચ પર એ પણ જણાવ્યું કે, ભારત કઈ રીતે 2030 સુધી 2.6 કરોડ હેક્ટર બિનઉપજાઉ જમીનનું નવસંચાર કરવાન યોજના પર કામ કરી રહ્યું છે. **ભારતે આંતરરાષ્ટ્રીય મંચો પર જમીન સંરક્ષણના મુદ્દાને ઉપાડવાનું બીડું ઝડપ્યું છે, જેથી આવનારી પેઢીઓ માટે પૃથ્વીને સારી સ્થિતિમાં છોડીને જઈએ. વડાપ્રધાને સંયુક્ત રાષ્ટ્રના મંચ પર જે કહ્યું તેનાં મહત્વનાં મુદ્દાઓઃ**



- છેલ્લાં 10 વર્ષોમાં ભારતમાં 30 લાખ હેક્ટર વન વિસ્તાર ઉમેરવામાં આવ્યો, જેને પગલે સંયુક્ત વન વિસ્તાર વધીને કુલ ક્ષેત્રફળનો લગભગ 25 ટકા થઈ ગયો છે.
- ભારત જમીન સંરક્ષણ તટસ્થતાની પોતાની રાષ્ટ્રીય પ્રતિબધ્ધતા હાંસલ કરવાના માર્ગે છે.
- ભારત સરકાર વર્ષ 2030 સુધી 2.6 કરોડ એકર બિનઉપજાઉ જમીનનો નવસંચાર કરવાની યોજના પર કામ કરી રહી છે. આ કામથી ભારત પર્યાવરણમાં આશરે ત્રણ અબજ ટન કાર્બન ઉત્સર્જન રોકવામાં મદદ કરશે.
- ભારતે હંમેશા જમીનને મહત્વ આપ્યું છે અને પૃથ્વીને પોતાની માતા સ્વરૂપ માની છે. જમીનના ધોવાણે વિશ્વના બે તૃતીયાંશ ભાગ પર અસર કરી છે. જો તેનાં પર ધ્યાન નહીં આપવામાં આવે તો તે સમાજ, અર્થતંત્ર, અન્ન સલામતી, આરોગ્ય, જીવનની ગુણવત્તાને નબળાં પાડશે.
- જમીન સંરક્ષણના મુદ્દાઓ પ્રત્યે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને પ્રોત્સાહન આપવા માટે ભારતમાં ઉત્કૃષ્ટતા કેન્દ્ર સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.
- માનવીય પ્રવૃત્તિઓને કારણે જમીનને થયેલા નુકસાનને ફરી અગાઉની સ્થિતિમાં લાવવી તે આપણાં બધાંની સામૂહિક જવાબદારી છે. આપણી આગામી પેઢીઓ માટે એક સ્વસ્થ ગ્રહ છોડીને જવું એ આપણી પવિત્ર ફરજ છે.

યુએનમાં વડાપ્રધાનના સંપૂર્ણ ભાષણને સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.



# ટોય્ઝ સેક્ટરમાં આત્મનિર્ભરતા તરફ પગલાં 'ટોયકોનોમી'માં પરિવર્તનની તૈયારી

**આત્મનિર્ભરતાની પહેલી શરત છે, સ્વદેશી બનાવટની ચીજો પર ગર્વ હોવો. કોરોના જેવી વૈશ્વિક મહામારી વચ્ચે ભારતે આત્મનિર્ભરતા તરફ ડગલાં માંડ્યા ત્યારે એવા સેક્ટર પર વિશેષ ફોકસ કર્યું, જેનાં વૈશ્વિક બજારમાં આપણો હિસ્સો તો ઘણો ઓછો છે. સ્થાનિક બજારમાં પણ આપણે બીજા દેશોનાં ઉત્પાદનો પર નિર્ભર છીએ. રમકડાં ઉદ્યોગ આવું જ એક સેક્ટર છે, જ્યાં 100 અબજ ડોલરના વૈશ્વિક બજારમાં આપણો હિસ્સો માત્ર 1. 5 ટકા જ છે. આપણે 80 ટકા રમકડાંની આયાત કરીએ છીએ. આત્મનિર્ભરતા દ્વારા ભારત હવે પરંપરાગત રમકડાંની સાથે સાથે ડિજિટલ ગેમિંગના વૈશ્વિક બજારમાં પણ પોતાની મજબૂત ઉપસ્થિતિ નોંધાવવાની શરૂઆત કરી ચૂક્યો છે. પ્રથમ વાર કોઈ સરકારે ટોય ફેર અને ટોયકાથોન જેવા આયોજન દ્વારા પરિવર્તનની શરૂઆત કરી....**

કોવિડ મહામારીમાં દુનિયા ઘરોમાં કેદ હતી ત્યારે વર્ચ્યુઅલ એટલે કે આભાસી દુનિયાનું એક અલગ જ ચિત્ર સામે આવ્યું. તામિલનાડુના 19 વર્ષીય અતીક અહેમદે પોતાની ઓનલાઇન ગેમ 'હેરિટેજ રેસ'માં આભાસી વિશ્વ સર્જ્યું છે, જેમાં લોકો સાઇકલ દ્વારા દેશની ધરોહરોની વર્ચ્યુઅલ મુલાકાત કરી શકે છે. ઘરમાં સાઇકલ પર સવાર થઈને પેડલ મારતા રહેવાનું અને વર્ચ્યુઅલ માધ્યમથી સ્મારકનું ભ્રમણ કરતા રહેવાનું. બેકગ્રાઉન્ડમાં સંગીત વાગતું રહે છે. અતીકે ટોયકાથોનની ફાઇનલમાં 'હેરિટેજ રેસ' દ્વારા તાજમહલની વર્ચ્યુઅલ મુલાકાતને પ્રદર્શિત કરી હતી.

ચેન્નાઈની કેસીજી કોલેજ ઓફ ટેકનોલોજીની ટીમે એક એપ બનાવી છે, જે બોડી પોઝ સરખો કરવામાં મદદ કરે છે. ટીમે ગેમિંગ દ્વારા યોગનો પ્રચાર કરવાની રીત શોધી છે. આ ટીમે ટેકનિક અને પરંપરાનું મિશ્રણ કર્યું છે, જેનાં દ્વારા યોગનો પ્રસાર કરી શકાય. દહેરાદૂનની આરોગ્ય ટીમે એક એપ બનાવી છે, જેનાં દ્વારા બાળકોની ખાનપાનની આદત સુધારવાની સાથે સાથે પૌષ્ટિક ભોજનની પણ સાચી માહિતી મળી શકે છે.

22 જુનથી 24 જુન સુધી ટોયકાથોનના ફાઇનલ રાઉન્ડમાં પ્રદર્શિત 1567 ઓનલાઇન અને વર્ચ્યુઅલ ગેમ્સનાં આ માત્ર કેટલાંક ઉદાહરણ છે. પ્રથમ વાર આયોજિત આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે હાજર રહ્યા હતા. સ્પર્ધક સાથે સંવાદ કરતા તેમણે કહ્યું હતું, "વીતેલા 5-6 વર્ષોમાં હેકાથોનને દેશની સમસ્યાઓનાં સમાધાન માટેનું મોટું પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે. તેની પાછળનો આશય દેશની ક્ષમતાને સંગઠિત કરવાનો, તેને એક માધ્યમ પૂરું પાડવાનો છે. દેશનાં પ્રથમ ટોયકાથોનનો હેતુ પણ એ જ છે."

**24 જુનનાં રોજ યોજાયેલી ટોયકાથોનની ફાઈનલમાં સ્પર્ધકો સાથે વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વદેશી રમકડાંની જરૂરિયાતથી માંડીને વૈશ્વિક બજારમાં ભારતની ભાગીદારી અને ભવિષ્યની સાથે સાથે કેન્દ્ર સરકારના વ્યૂહનો રોડમેપ આપ્યો હતો. તેમના સંબોધનના કેટલાંક અંશ...**




### માનસિક વિકાસમાં રમકડાંની ભૂમિકા

રમકડાં અને ગેમ્સ આપણી માનસિક શક્તિ, સર્જનાત્મકતા, અર્થતંત્ર સહિતની અનેક બાબતો પર અસર કરે છે. આપણે બધાં જાણીએ છીએ કે બાળકની પ્રથમ શાળા તેનો પરિવાર છે, તો પ્રથમ પુસ્તક અને પ્રથમ દોસ્ત રમકડાં જ હોય છે.

### વૈશ્વિક બજારમાં ભારત

રમકડાં-ગેમ્સની દુનિયાનું અર્થતંત્ર એટલે કે ટોયકોનોમીનું વૈશ્વિક બજાર આશરે 100 અબજ ડોલરનું છે. આમાં, ભારતનો હિસ્સો માત્ર દોઢ અબજ ડોલર જ છે. આજે આપણે આપણી જરૂરિયાતના લગભગ 80 ટકા રમકડાંની આયાત કરીએ છીએ. એટલે કે રમકડાંની ખરીદી પર દેશનાં કરોડો રૂપિયા વિદેશમાં જાય છે. આ સ્થિતિને બદલવી બહુ જરૂરી છે.

### રમકડાં ઉદ્યોગની સંભાવનાઓ

ટોય સેક્ટર દેશના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. જે વર્ગ અને જે વિસ્તારમાં રોજગારીની જરૂર છે ત્યાં રમકડાં ઉદ્યોગ વિક્સાવી શકાય છે. ગામડાં, ગરીબ, દલિત, આદિવાસી સમાજમાં કારીગરો કુટિર ઉદ્યોગ સાથે સંકળાયેલો છે. આ ઉપરાંત, મહિલાઓ પણ તેમાં મહત્વની કામગીરી કરી રહી છે. ટોય સેક્ટરનાં વિકાસથી આ મહિલાઓ ઉપરાંત અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓ અને ગરીબોને ઘણો લાભ થશે.

### સંયુક્ત પ્રયાસો દ્વારા માર્ગ તૈયાર થશે

આપણે આપણા ‘લોકલ’ રમકડાં માટે ‘વોકલ’ બનીને તેમને વૈશ્વિક બજારમાં સક્ષમ બનાવવા માટે દરેક સ્તરે પ્રોત્સાહન આપવું પડશે. આ માટે ઈનોવેશનથી માંડીને ફાઈનાન્સિંગ સુધીનાં નવા મોડલ વિક્સિત કરવા ખૂબ જરૂરી છે. દરેક નવા વિચારનું સંવર્ધન કરવુ જરૂરી છે. નવા સ્ટાર્ટઅપને પ્રમોટ કરવાની અને રમકડાંની પરંપરાગત કલા સાથે સંકળાયેલી લાકારોને નવી ટેકનોલોજી અને બજારની માગ પ્રમાણે તૈયાર કરવા જરૂરી છે. ટોયકાથોન પાછળનો વિચાર પણ આ જ છે. ભારતે સ્થાનિક ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે રમકડાંનું વ્યાપારીકરણ કરવાની વિસ્તત યોજના તૈયાર કરી લીધી છે. પણ સામૂહિક પ્રયાસો દ્વારા જ આવી યોજના સફળ થઈ શકે છે. તેથી, ‘લોકલ માટે વોકલ’ થવાની દરેક ભારતીયની જવાબદારી છે. ●

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.

## વડાપ્રધાને પોતે પહેલ કરી

**આ પહેલાં તમે ક્યારેય સાંભળ્યું હતું કે કેન્દ્ર સરકારની કોઈ નીતિ કે કાર્યક્રમમાં દેશના રમકડાં ઉદ્યોગનો ઉલ્લેખ થયો હોય?**

- આ સેક્ટર વર્ષોથી કેન્દ્ર સરકારની નીતિઓમાં કેન્દ્રીય ભાગીદારીથી વંચિત રહ્યું છે. પ્રથમ વાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલ કરી છે. ગયા વર્ષે જુન અને ઓગસ્ટમાં પોતાના ‘મન કી બાત’ કાર્યક્રમમાં વડાપ્રધાને રમકડાં ઉદ્યોગમાં આત્મનિર્ભર બનવા માટે ‘લોકલ’ રમકડાં માટે ‘વોકલ’ બનવાનું આહવાન કર્યું.
- ગયા વર્ષે ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રિયલ એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) અને વાણિજ્ય મંત્રાલયે આ સેક્ટરનો સંપૂર્ણ અભ્યાસ કર્યો. ઓનલાઈન ગેમિંગના કદ અને પ્રકાર પર અભ્યાસ કરવા માટે પણ એક સમિતિ બનાવવામાં આવી, જેણે વડાપ્રધાનને તેનો અહેવાલ સોંપ્યો હતો.
- શિક્ષણ મંત્રાલયની સાથે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, એમએસએમઈ મંત્રાલય, DPIIT, કાપડ મંત્રાલય, સૂચના અને પ્રસારણ મંત્રાલય અને AICTE ને સાંકળીને ટોય સેક્ટરને આત્મનિર્ભર બનાવવાની સાથે સાથે વૈશ્વિક બજારમાં ભારતનો હિસ્સો વધારવાની શરૂઆત કરવામાં આવી.
- રમકડાંમાં ભારતીય સંસ્કૃતિની સભ્યતાની ઝલક દેખાતી હોય તે માટે નવા વિચારો સાથે રમકડાં ઉદ્યોગને મંચ પુરુ પાડવાનું હતું. આ માટે દેશમાં પ્રથમ વાર 5 જાન્યુઆરીથી 25 ફેબ્રુઆરી દરમિયાન ટોયકાથોનનું આયોજન કરવામાં આવ્યું.
- આ વર્ષે 27 ફેબ્રુઆરીથી 4 માર્ચ સુધી દેશમાં પ્રથમ ટોયકાફેરનું આયોજન કરવામાં આવ્યું. તેનો હેતુ નવા વિચારો અને ઈનોવેશન સાથે દેશના રમકડાં ઉદ્યોગનો મંચ પૂરો પાડવાનું હતું. તેમાં 12,000થી વધુ પ્રદર્શકોએ ભાગ લીધો હતો.
- જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં આયોજિત ટોયકાથોનના અંતિમ તબક્કાનું આયોજન 22થી 24 જુન દરમિયાન કરવામાં આવ્યું. ટોયફેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રદર્શકો સાથે આત્મનિર્ભરતા અંગે સરકારનો રોડ મેપ જણાવ્યો અને ટોયકાથોનની ફાઈનલમાં પણ તેમણે પોતે સ્પર્ધકો સાથે સંવાદ કર્યો.




# ...જ્યારે કલમે પ્રજ્વલિત કરી આઝાદીની મશાલ

**દેશને સ્વતંત્રતા અપાવવામાં અંગ્રેજો સામે લડનારા સ્વાતંત્ર્ય સૈનિકો ઉપરાંત લેખકો અને સાહિત્યકારોની પણ મોટી ભૂમિકા રહી છે. કલમના સૈનિકોએ પોતાનાં લખાણો દ્વારા સમાજનું માર્ગદર્શન કર્યું છે. પછી એ કુરિવાજો સામે લડવાનું હોય કે રાષ્ટ્રપ્રેમની ભાવના જગાવવાની હોય...**

અંગ્રેજો સામેની લડાઈમાં સાહિત્યકાર, લેખક અને કવિઓએ પોતાની કલમથી સામાન્ય માણસોનું મનોબળ વધારવાનું કામ કર્યું. સ્વતંત્રતા સંગ્રામના અમર સૈનિકોએ પણ લોકો સુધી પોતાની વાત પહોંચાડવા માટે કલમની ધારનો ઉપયોગ કર્યો.એક બાજુ, માખનલાલ ચતુર્વેદી, રાહુલ સાંક્રિત્યાયન, બાલક્રિશ્ન શર્મા નવીન, સુભદ્રા કુમારી ચૌહાણ, પાંડે બેચન શર્મા ‘ઉગ્રા’, જગદંબા પ્રસાદ હિતૈષી, રામવૃક્ષ બેનીપુરી, બનારસી પ્રસાદ ભોજપુરી, યશપાલ, ફણીશ્વર નાથ રેણુ, સુબ્રમણ્ય ભારતી, વેંકટરામા રામલિંગમ પિલ્લાઇ, ચિલાકમારથી લક્ષ્મી નરસિમ્હન જેવા લેખકોને જેલમાં જવું પડ્યું, તો પ્રેમચંદ જેવા મહાન લેખકે મહાત્મા ગાંધીના કહેવાથી સરકારી નોકરી છોડી દીધી. બીજી બાજુ, બાલ ગંગાધર તિલકે ‘કેસરી’ અને ‘મરાઠા’ દ્વારા અંગ્રેજી શાસનની જડ હલાવવાનું કામ કર્યું. ખુદ મહાત્મા ગાંધીએ પણ પોતાનાં લેખન દ્વારા લોકો સુધી પોતાની વાત પહોંચાડી. આઝાદી કા અમૃત મહોત્સવ શ્રેણીમાં આ અંકમાં આવાં જ બે વ્યક્તિત્વની વાત કરીએ...

## મુન્શી પ્રેમચંદ: કલમના સિપાઇ



કોઈ લેખકના શબ્દો તેનાં ગયા પછી એક સદી સુધી પ્રાસંગિક અને પ્રેરક બની રહે તો સમજી લેવું જોઈએ કે એ લેખક તેના કાર્યમાં સફળ રહ્યા. 31 જુલાઇ, 1880ના રોજ વારાણસી પાસેના લમહી ગામમાં જન્મેલા ધનપતરાય એવા જ લેખક છે, જેમને દુનિયા આજે પણ મુન્શી પ્રેમચંદના નામે યાદ

# લોકમાન્ય તિલકઃ જેમણે મરાઠા અને કેસરી અખબારો દ્વારા સામાજિક પરિવર્તનનો પ્રારંભ કર્યો

'સ્વરાજ મારો જન્મસિધ્ધ અધિકાર છે'નું સૂત્ર આપનાર 'લોકમાન્ય' બાલ ગંગાધર તિલક એવા સ્વતંત્રતા સેનાની હતા જેમણે પોતાના લખાણથી વૈચારિક ક્રાંતિને પ્રજ્વલિત કરી અને લોકોનું મનોબળ મજબૂત કરીને તેમને આઝાદી માટે ઝનૂન પેદા કર્યું. આ કારણસર જ તેમને બ્રિટિશ અધિકારીઓ 'ભારતીય અશાંતિના પિતા' કહેતા હતા. 23 જુલાઈ, 1856નાં રોજ મહારાષ્ટ્રના રત્નાગિરીમાં જન્મેલા તિલકે મરાઠા દર્પણ અને કેસરીનામા નામના બે અખબારો શરૂ કર્યા હતા. તેમણે પોતાના અખબાર કેસરીમાં પુર્ણ સ્વરાજની માગ કરી, તો ક્રાંતિકારી ખુદીરામ બોઝ અને



પ્રફુલ્લ ચાકી પર મુઝફ્ફરપુરમાં થયેલા કેસ વિરુધ્ધ પણ લખ્યું. લેખ લખવા બદલ તેમને છ વર્ષની સજા પણ થઈ. તેમને 1908થી માંડીને 1914 સુધી રાજદ્રોહના કેસમાં માંડલે (હાલનું મ્યાંમાર)માં જેલની સજા ભોગવવી પડી. તિલક જીવનના અંતિમ સમય સુધી એનસી કેળકર સાથે મળીને મરાઠાનું સંપાદન કરતા રહ્યા. 1891થી 1897 સુધી આ અખબારના માલિક અને સંપાદક રહ્યા. આમ તો, તિલકે અનેક પુસ્તકો લખ્યા પણ માંડલે જેલમાં હતા ત્યારે ભગવદ્ ગીતાની સમીક્ષા કરતાં લખેલી 400 પાનાની 'ગીતા રહસ્ય' તેમની ઉત્કૃષ્ટ રચના ગણવામાં આવે છે. અનેક ભાષાઓમાં તેનો અનુવાદ થયો. એટલું જ નહીં, તિલકે જનજાગૃતિ ફેલાવવા માટે મહારાષ્ટ્રમાં ગણેશ ઉત્સવ અને શિવાજી ઉત્સવ મનાવવાનો પણ પ્રારંભ કર્યો. આ તહેવારોનો હેતુ જનતામાં દેશપ્રેમ અને અંગ્રેજોના અન્યાય વિરુધ્ધ સંઘર્ષ કરવા ઉત્સાહ જગાવવાનો અને સમાજમાં જાગૃતિ લાવીને બ્રિટિશ રાજ વિરુધ્ધ લડવાનો હતો. એમ માનવામાં આવે છે કે મહાત્મા ગાંધી પહેલાં કોઈ રાષ્ટ્રીય કદના નેતા હતા તો તે તિલક જ હતા. ખુદ ગાંધીજીએ પણ તિલકને શ્રધ્ધાંજલિ આપતી વખતે તેમને પોતાના સમયના સૌથી મોટા જન નેતા ગણાવ્યા હતા. 1 ઓગસ્ટ, 1920નાં રોજ મુંબઈમાં તેમનું અવસાન થયું.

કરે છે. કહેવાય છે કે બહુ નાની ઉંમરમાં જ પ્રેમચંદને દુનિયાના રંગ જોવા મળ્યા. પરિવાર આર્થિક તંગીમાં હતો. આઠ વર્ષના હતા ત્યારે માતાનું અવસાન થયું. તેમની દાદીએ તેમનો ઉછેર કર્યો પણ બહુ જલ્દી દાદીનું પણ અવસાન થયું પિતાએ બીજા લગ્ન કરતા સાવકી માતા સાથે રહેવું પડ્યું. 15 વર્ષની ઉંમરમાં તેમનાં લગ્ન થયા પણ પત્નીથી અલગ થવું પડ્યું. આમાં બીજી એક સમસ્યા હતી અંગ્રેજોનો અત્યાચાર. એટલે પ્રેમચંદના લેખનમાં આ બધું સ્વાભાવિક રીતે જ આવી ગયું. 1905ની વાત છે. પ્રેમચંદ સરકારી નોકરીમાં હતા. 'સોઝ-એ-વતન' નામનો તેમનો વાર્તાસંગ્રહ પ્રકાશિત થયો. આ સંગ્રહ ઉર્દુ ભાષામાં હતો અને તેમાં બ્રિટિશ શાસન વિરુધ્ધ બળવાનો સૂર હતો. તેમના કાકા તેમને પ્રેમથી નવાબ રાય કહેતા હતા. આ વાર્તાસંગ્રહ તેમણે નવાબ રાયના નામે લખ્યો. અંગ્રેજોએ તેને દેશદ્રોહ ગણાવી તેના પર પ્રતિબંધ મૂક્યો, નકલો બાળી નાખી. હમીરપુરના કલેક્ટરે હવે પછી લખવાનું બંધ કરી દેવાનો આદેશ આપ્યો. એ પછી તેમણે પ્રેમચંદના નામે લખવાનું શરૂ કર્યું. 1921માં અસહકારની ચળવળ વખતે ગાંધીજીના કહેવાથી પ્રેમચંદે સરકારી નોકરી છોડી દીધી અને સ્વતંત્રતા સંગ્રામમાં જોડાઇ ગયા. પ્રેમચંદે સમાજમાં ફેલાયેલી બદીઓ પર પ્રહાર કર્યો છે, તો બીજી બાજુ પોતાના પાત્રો દ્વારા રચનાત્મકતાનો સંસાર ગુંથ્યો છે, જેમણે ચર્ચા અને સંવાદ દ્વારા દેશ અને દેશવાસીઓની પરિસ્થિતિઓનો આભાસ કરાવ્યો છે. 'શતરંજ કે ખિલાડી', 'જુલૂસ', 'આહૂતિ', 'દો બૈલો કી કથા' જેવી વાર્તાઓ અને 'રંગભૂમિ', 'કર્મભૂમિ', 'પ્રેમાશ્રમ' જેવી નવલકથાઓમાં પણ તેની ઝલક જોવા મળે છે. એ સમયના રૂઢિચુસ્ત સમાજમાં તેમણે જાગૃતિ ફેલાવવાનું કામ કર્યુ હતું. તેમની બીજી ટૂંકી નવલકથા હમખુર્મા-ઓ-હમસવાબ (હિન્દીમાં પ્રેમા)માં વિધવા પુનર્લગ્નની વાત હતી. પ્રેમચંદે પોતે બાળ વિધવા સાથે લગ્ન ક્યા હતા. તેમની નવલકથા 'નિર્મલા'માં ભારતમાં દહેજપ્રથાનો વિષય હતો. 'પ્રતિજ્ઞા'માં વિધવા પુનર્લગ્નની વાત હતી. ગોદાનમાં સામાજિક-આર્થિક વંચિતોનો મુદ્દો ઉઠાવ્યો હતો. 'ગબન'માં મધ્યવર્ગની લાલચનો વિષય હતો.

'કફન', 'ગોદાન', 'સેવાસદન' જેવી નવલકથાઓમાં પણ તેમણે સામાજિક કુરીતિઓ અને તત્કાલીન વ્યવસ્થા પર ચાબખાં માર્યા હતા. 8 ઓક્ટોબર, 1936નાં રોજ તેમનું અવસાન થયું.

'હામિદ કા ચિમટા' નામની વાર્તા આજે પણ પ્રેરણા આપે છે, જેનો ઉલ્લેખ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ સાથેની વાત દરમિયાન કર્યો હતો- "ઈદગાહના હામિદ પાસેથી મને પ્રેરણા મળી, કે હામિદ જો તેની દાદી માટે એક ચિપિયો ખરીદીને લાવે છે. એટલા માટે કે રસાઇ બનાવતી વખતે તેની દાદીના હાથ ન બળે, તો દેશનો વડાપ્રધાન કેમ એવું ન કરી શકે?"●

# સલામતી અને સુવિધા સાથે હવે **આવકવેરો ભરવો** બન્યો સરળ

**ઝડપી રિફન્ડ:** નવા પોર્ટલને આવકવેરા રિટર્નની તત્કાલ પ્રોસેસિંગ સુવિધા સાથે જોડવામાં આવ્યા છે. તેનાથી કરદાતાઓને ઝડપથી રિફન્ડ જારી કરી શકાશે.

**સિંગલ ડેશબોર્ડ:** તમામ ટ્રાન્ઝેક્શન અને અપલોડ અથવા પેન્ડિંગ કામોને સિંગલ ડેશબોર્ડ પર દર્શાવવામાં આવશે, જેથી કરદાતા આગળની કાર્યવાહી કરી શકે

**પહેલેથી ભરેલા ફોર્મ ઉપલબ્ધ:** કરદાતાઓ માટે જરૂરી નિર્દેશ અને તમામ ફર્મની માહિતી પહેલેથી ઉપલબ્ધ હશે. પહેલેથી ભરેલા ફોર્મ ઉપલબ્ધ હશે



**યુઝર ફ્રેન્ડલી:** કરદાતાઓના પ્રશ્નોના તાત્કાલિક જવાબ આપવા માટે નવું કોલ સેન્ટરઃ વારંવાર પૂછાતા સવાલ (FAQ), યુઝર મેન્યુઅલ, વિડિયો અને ચેટબોટ /લાઇવ એજન્ટ પણ ઉપલબ્ધ છે. એપ પર પણ આ સુવિધા ઉપલબ્ધ

**પેમેન્ટ માટે અનેક વિકલ્પ:** નવા પોર્ટલમાં એક નવી ટેક્સ પેમેન્ટ સિસ્ટમ લાવવામાં આવી છે, જેમાં નેટ બેન્કિંગ, યુપીઆઇ, આરટીજીએસ, એનઈએફટી જેવા પેમેન્ટ વિકલ્પો ઉપલબ્છે.

**ફેસલેસ સુવિધા:** આવકવેરા ફોર્મ ભરવા, ટેક્સ પ્રોફેશનલ્સને જોડવા, ફેસલેસ સ્ક્રુટિની અથવા અપીલમાં નોટિસનો જવાબ આપવાની સુવિધા ઉપલબ્ધ હશે

**આવકવેરાનું રિટર્ન ભરવાનો સમય આવી રહ્યો છે. ત્યારે ઈઝ ઓફ લિવિંગની દિશામાં વધુ એક ડગલું ભરતાં કેન્દ્ર સરકારે કરદાતાઓની સુવિધા માટે એક નવું પોર્ટલ ઈ-ફાઈલિંગ 2.0 લોંચ કર્યું છે. આ પોર્ટલ યુઝર ફ્રેન્ડલી, મોબાઈલ દ્વારા સરળ, હેલ્પડેસ્ક, ચેટબોટ સહિતનાં અનેક ફીચર્સથી સજ્જ છે. સરકાર દરેક કરદાતાને 'રાષ્ટ્રના ઘડવૈયા' ગણે છે અને તેમને વિવિધ સુવિધાઓ પૂરી પાડવા માટે સતત પ્રયાસશીલ છે...**

પરિવર્તન ભલે સરળ ન હોય, પણ જરૂરી છે, જેથી લોક ભાગીદારીની સાથે નવા ભારતના નિર્માણનો સંકલ્પ પૂરો થાય. આ બાબતને ધ્યાનમાં રાખતા દેશની સલામતી, શિક્ષણ અને વિકાસમાં કરદાતાઓના યોગદાનને ધ્યાનમાં રાખતા કેન્દ્ર સરકારે ફેસલેસ આવકવેરા વ્યવસ્થા પછી હવે એક નવું પોર્ટલ તૈયાર કર્યું છે, જે કરદાતાઓ દ્વારા પેમેન્ટની પ્રક્રિયા સરળ કરે છે. 7 જુનથી ઈ-ફાઈલિંગ પોર્ટલની શરૂઆત કરવામાં આવી છે. તેમાં ઓનલાઇન પેમેન્ટનાં અનેક વિકલ્પો ઉપલબ્ધ કરવામાં આવ્યા છે, પહેલેથી ભરેલા ફોર્મ અને ઉપયોગિતાની સુવિધા, હેલ્પડેસ્ક, સ્ટેપ-વાઈઝ મેન્યુઅલ્સ અને ચેટબોટ સાથે વિડિયો ગાઈડ્સને કારણે કરદાતાઓની સગવડતા વધી છે. ●

## આવકવેરો ભરનારાની સંખ્યામાં સતત થઈ રહેલો વધારો

- કાયદામાં સુધારો, માહિતીનો પ્રસાર અને કરદાતાઓને આપવામાં આવતી સુવિધાઓને કારણે દેશમાં આવકવેરો જમા કરાવનારાઓની સંખ્યા સતત વધી રહી છે.
- વર્ષ 2013-14માં કુલ 3.79 કરોડ રિટર્ન ફાઇલ કરવામાં આવ્યા હતા, જ્યારે 2020-21માં તેની સંખ્યા વધીને 7.38 કરોડ થઈ હતી
- વર્ષ 2013-14માં 3.31 કરોડ લોકોએ રિટર્ન ફાઇલ કર્યા હતા, જ્યારે 2020-21માં 6.72 કરોડ લોકોએ રિટર્ન ફાઇલ કર્યા હતા.



# દરેક ભારતીયની સાંસ્કૃતિક ચેતનામાં વસેલું અયોધ્યા

**ભારતીય સંસ્કૃતિના પ્રતીક સમાન રામ મંદિરના નિર્માણ અને અયોધ્યામાં વિકાસની યોજનાની સમીક્ષા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી. તેમણે લોકો, ખાસ કરીને યુવાનો દ્વારા આ કાર્યક્રમમાં સહભાગી બનવા પર ભાર મૂક્યો હતો ,જેથી સદીઓ સુધી રાહ જોયા પછી અયોધ્યામાં સાકાર થઈ રહેલું રામ જન્મભૂમિ મંદિર યુગો યુગો સુધી માનવતાનું માર્ગદર્શન કરતું રહે.**

અયોધ્યાને આધ્યાત્મિક કેન્દ્ર, વૈશ્વિક પર્યટન કેન્દ્ર અને સ્થાયી સ્માર્ટ સિટીના રૂપમાં વિકસાવવામાં આવશે. 26 જુને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સંદર્ભમાં કહ્યું હતું, "અયોધ્યામાં પ્રગતિને નવો આકાર આપવાનો સમય આવી ગયો છે. અયોધ્યામાં આપણી સુંદર પરંપરાઓ અને આપણા વિકાસનું સર્વોત્તમ પરિવર્તન દેખાવું જોઈએ." અયોધ્યા વિકાસ યોજનાની સમીક્ષા દરમિયાન તેમનો સંદેશો સ્પષ્ટ હતો કે, રામ મંદિરનું નિર્માણ થયા પછી દેશના લોકો જ નહીં, વિદેશથી પણ કોઈ ભારત આવશે તો તે અયોધ્યા જવાની ઈચ્છા જરૂર રાખશે. ઉત્તરપ્રદેશના સરકારી અધિકારીઓએ વડાપ્રધાન સમક્ષ અયોધ્યાથી કનેક્ટિવિટી સુધારનારી આગામી પ્રસ્તાવિત યોજનાઓની માહિતી આપી. તેમાં એરપોર્ટ, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, રોડ તથા હાઈવેઝ જેવી મુળભૂત સુવિધાઓ અંગે વિગતવાર ચર્ચા થઈ.

**ગ્રીનફીલ્ડ ટાઉનશીપઃ** આગામી દિવસોમાં ગ્રીનફીલ્ડ ટાઉનશીપ બનાવવામાં આવશે, જેમાં ભક્તોની રહેવાની સુવિધા, આશ્રમો, મઠો, હોટલો અને વિવિધ રાજ્યના ભવન માટેની જગ્યાનો સમાવેશ થાય છે. અહીં પર્યટન સહાયતા કેન્દ્ર અને વિશ્વસ્તરીય સંગ્રહાલયનું નિર્માણ પણ કરવામાં આવશે.

**ક્રુઝ ઓપરેશનઃ** સરયુ નદી અને તેના ઘાટોની આસપાસ માળખાકીય વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. સરયુ નદીમાં ક્રુઝ ચલાવવામાં આવશે.

**સ્માર્ટ સિટી જેવું મેનેજમેન્ટઃ** સાઈકલ ચાલકો અને પગે ચાલનારાઓ માટે પૂરતી જગ્યા મળે તે રીતે શહેરનો વિકાસ કરવામાં આવશે. વાહનવ્યવહારની આધુનિક સુવિધા પૂરી પાડીને સ્માર્ટ સિટી બનાવવામાં આવશે.●




## સમીક્ષા દરમિયાન વડાપ્રધાનની વિશેષ વાતોઃ

- અયોધ્યા એવું શહેર છે જે દરેક ભારતીયની સાંસ્કૃતિક ચેતનામાં વસેલું છે. અયોધ્યામાં આપણી સુંદર પરંપરાઓ અને આપણા વિકાસનું સર્વોત્તમ પરિવર્તન દેખાવું જોઈએ.
- અયોધ્યા આધ્યાત્મિક અને વિશિષ્ટ બંને છે. આ શહેરના માનવીય લાક્ષણિકતા સાથે ભાવિ માળખાકીય વિકાસનો મેળ ખાવો જોઈએ, જે પર્યટકો અને યાત્રાળુ બંને માટે લાભદાયી હોય.
- આવનારી પેઢીઓને તેમનાં જીવનમાં ઓછામાં ઓછું એક વાર અયોધ્યાની યાત્રા કરવાની ઈચ્છા થવી જોઈએ.
- નજીકના ભવિષ્યમાં અયોધ્યામાં વિકાસ કાર્ય ચાલુ રહેશે. આ સાથે, અયોધ્યાની પ્રગતિને નવો આયામ આપવાનો સમય આવી ગયો છે. અમારો સામૂહિક પ્રયાસ છે કે અયોધ્યાની ઓળખનો ઉત્સવ મનાવવામાં આવે અને ઈનોવેટિવ ઉપાયોની સાથે તેની સાંસ્કૃતિક જીવંતતા જાળવી રાખવામાં આવે.
- જે રીતે ભગવાન શ્રીરામમાં લોકોને સાથે રાખવાની ક્ષમતા હતી, એ જ રીતે અયોધ્યાના વિકાસનું કામ લોકો, ખાસ કરીને યુવાનોની ભાગીદારીથી થવું જોઈએ.




# સેવા અને નિષ્ઠાને સમર્પિત સીઆરપીએફ

**27 જુલાઈ, 1939ની સવાર. નિડર યોધ્ધાઓની એક બટાલિયને ક્રાઉન રિપ્રેઝન્ટેટિવ પોલિસ બનવાનું પસંદ કર્યું, ત્યારે કોઇને એ વાતનો અંદાજ નહીં હોય તેઓ આ બટાલિયન આઝાદ ભારતની અદમ્ય શક્તિનાં સંગઠનની રચનાના સાક્ષી બની રહ્યા છે...**

આઝાદી પછી આ દળ ચાલુ રાખવું કે તેનું વિસર્જન કરવું એ દ્વિધાનો અંત લાવતા સરદાર વલ્લભભાઈ પટેલે સંસદના ટેબલ પર કેન્દ્રીય રિઝર્વ પોલિસ દળ વિધેયક, 1949ને રજૂ કરતી વખતે કહ્યું હતું, "આ દળને વધુ મજબૂતી આપવામાં આવશે, જેથી તે ભાગલાની કમી પૂરી કરવામાં રાજ્યો અને કેન્દ્રની વધતી જતી માગને આંશિક રીતે પૂરી કરવામાં મદદરૂપ નીવડે. આ દળે વિવિધ પ્રકારના ઉપયોગી કાર્ય કર્યા છે અને બહુ સારું અનામત દળ રહ્યું છે, જેને સમય સમયે સ્થાનિક પોલિસ દળોની મદદ માટે મોકલવામાં આવે છે." સીઆરપીએફની ક્ષમતાઓ અને સંભાવનાઓને લઈને સરદાર પટેલના આ આકલનને ચોક્કસપણે દૂરદર્શિતા અને ફરજ કહી શકાય.

આ રીતે ઐતિહાસિક પરિવર્તનની સાથે ક્રાઉન રીપ્રેઝન્ટેટિવ પોલિસ, કેન્દ્રીય અનામત પોલિસ દળ (CRPF) બની ગઈ. 27 જુલાઈએ સીઆરપીએફ તેની સ્થાપનાની 82મી વર્ષગાંઠ મનાવશે, જેની 246 બટાલિયન છે. આ દળની વૈવિધ્યપૂર્ણ કામગીરીને જોતાં તેનો સામનો વિશ્વની કોઇ સેના કરી ન શકે. સ્વતંત્રતા મળ્યા પછી આ દળે અનેક દેશી રજવાડાંઓને ભારતીય સંઘમાં સામેલ કરવામાં યોગદાન આપ્યું. તેને જમ્મુ અને કાશ્મીર તથા પૂર્વોત્તરના રાજ્યોમાં પણ ખડકવામાં આવ્યું હતું, સીઆરપીએફની કેટલીક ટુકડીઓને સરહદ પાર પણ તૈનાત કરવામાં આવી હતી. સીઆરપીએફે 21 ઓક્ટોબર, 1959નાં રોજ હોટ સ્પ્રિંગ્સ (લડાખ)માં ચીનના પ્રથમ હૂમલાનો સામનો કર્યો હતો. ચીની હૂમલાખોરોએ સીઆરપીએફની નાની ટૂકડી પર હૂમલો કર્યો હતો. ચીની હૂમલાખોરોની સંખ્યા મોટી હતી. આ સંઘર્ષમાં સીઆરપીએફના 10 જવાનોએ માતૃભૂમિ ખાતર પોતાના જીવ આપી દીધાં. 21 ઓક્ટોબરનાં રોજ તેમનાં આ બલિદાનની યાદમાં સમગ્ર દેશમાં 'પોલિસ સ્મરણોત્સવ દિવસ' તરીકે મનાવવામાં આવે છે.

થોડાં વર્ષો પછી દળે ફરી ઈતિહાસ સર્જ્યો. 9 એપ્રિલ, 1965નાં રોજ સીઆરપીએફની બીજી બટાલિયને કચ્છના રણમાં સરદાર પોસ્ટ પર પાકિસ્તાની બ્રિગેડના હૂમલાનો પ્રતિકાર કર્યો અને 34 પાકિસ્તાની સૈનિકોનો ખાત્મો બોલાવીને ચારને જીવતા પકડ્યા. લશ્કરી સંઘર્ષના ઈતિહાસમાં મુઠ્ઠીભર સૈનિકોએ સંપૂર્ણ ઈન્ફેન્ટ્રી બ્રિગેડને આ રીતે પરાસ્ત કરી હોય એવું બન્યું નથી. આ સંઘર્ષમાં છ જાંબાઝ સીઆરપીએફ જવાનો શહીદ થયા. સીઆરપીએફની આ બહાદુરીને શ્રધ્ધાંજલિ આપવા દર વર્ષે 9 એપ્રિલનાં રોજ

**આઝાદી પછીના દાયકાઓમાં તેનાં સાહસ, બલિદાન, નિપુણતાને કારણે રાજ્યો દ્વારા સીઆરપીએફની માગમાં ઝડપી વધારો થયો**

દેશભરમાં 'વીરતા દિવસ' મનાવવામાં આવે છે. ઉગ્રવાદથી અસરગ્રસ્ત પૂર્વોત્તરમાં અને સરહદ પારથી પ્રેરિત ત્રાસવાદનો ભોગ બનેલા કાશ્મીરમાં આ દળને મોટા પાયે ખડકવામાં આવ્યું હતું. 80નાં દાયકામાં પંજાબમાં ત્રાસવાદને નાબૂદ કરવામાં પણ આ દળને મહત્વની ભૂમિકા ભજવી હતી. હાલમાં આ દળ LWE (લેફ્ટ વિંગ એક્સ્ટ્રીમિસ્ટ) રાજ્યો, જમ્મુ કાશ્મીર અને ઉત્તરપૂર્વ તૈનાત છે. દળના મોટા ભાગના જવાનો LWE રાજ્યો, ખાસ કરીને છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા અને મહારાષ્ટ્રમાં ફરજ બજાવે છે. અસંખ્ય ઓપરેશન અને બલિદાનો બાદ દળે માઓવાદીઓનો ડામી દીધા છે, જેઓ હવે નાના વિસ્તારો પૂરતા મર્યાદિત છે. સીઆરપીએફ જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદને અસરકારક રીતે ડામી રહી છે.

જનરલ ડ્યુટી બટાલિયન ઉપરાંત સીઆરપીએફમાં



સ્પેશ્યલાઇઝ્ડ યુનિટ્સ પણ છે, જેમને વિશિષ્ટ કાર્યો માટે તાલીમ આપવામાં આવે છે. CoBRA અથવા તો કમાન્ડો બટાલિયન ફોર રીઝોલ્યુટ એક્શન એ કમાન્ડોની 10 બટાલિયન્સની વિંગ છે, જે સપ્તાહો સુધી જંગલમાં સતત ઓપરેશન કરી શકે છે. તેમની અત્યંત કડક તાલીમને કારણે તે જંગલમાં કામ કરતી વિશ્વની સૌથી અસરકારક સેના ગણાય છે. તેમને મોટે ભાગે માઓવાદી હિંસાને ડામવા માટે તૈનાત કરવામાં આવે છે અને માઆવોદીઓમાં તેણે ભય ફેલાવ્યો છે.

સીઆરપીએફનો એક હિસ્સો રેપિડ એક્શન ફોર્સ (RAF) છે, જે વાદળી યુનિફોર્મવાળા યોધ્ધા તરીકે પણ જાણીતા છે. આ ફોર્સ શસ્ત્રોનો ઉપયોગ કર્યા વિના રમખાણો અને રમખાણો જેવી સ્થિતિઓને નિયંત્રિત કરવામાં નિપુણતા ધરાવે છે. આ બળે રમખાણો અને ભીડની હિંસાને નિયંત્રિત કરવામાં ઉલ્લેખનીય ક્ષમતા પ્રદર્શિત કરી છે. તાજેતરમાં દિલ્હીમાં થયેલા રમખાણોને કાબુમાં લેવા સીઆરપીએફે ફરી એક વાર પોતાની ક્ષમતા પ્રદર્શિત કરી.

મહત્વની ભૂમિકા ભજવી હતી, જ્યાં તૈનાતીના ગણતરીના કલાકોમાં જ શાંતિ સ્થપાઇ હતી. વર્ષોથી પોતાની સફળતા, વિશેષતા અને અનુભવને કારણે આરએએફ માત્ર દેશમાં જ નહીં, વિદેશોમાં પણ સલામતી અને પોલિસ દળોને તાલીમ આપે છે. સીઆરપીએફને પોતાની છ મહિલા બટાલિયન પર ગર્વ છે. દળને 1986માં વિશ્વની પ્રથમ સંપુર્ણ કક્ષાની મહિલા બટાલિયન તૈયાર કરવાનો ગર્વ છે. 2007માં સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સેનામાં વિશ્વનું પ્રથમ મહિલા દળ મોકલવાનું પણ ગૌરવ છે. તાજેતરમાં જ, દળની મહિલા યોધ્ધાઓને વિશિષ્ટ કોબરામાં પ્રવેશ મળ્યો છે. પ્રજાસત્તાક દિનની પરેડમાં રાજપથ પર પોતાના પ્રદર્શન બાદ સીઆરપીએફ ડેરડેવિલ બાઇકર્સ જૂથે દેશભરમાં લોકપ્રિયતા મેળવી હતી.

સીઆરપીએફ પાસે દેશની ટોચની હસ્તીઓને સલામતી પૂરી પાડવા વીઆઇપી સિક્યોરિટી વિંગ છે, જ્યારે સંસદ

**80નાં દાયકામાં જ્યારે પંજાબમાં આતંકવાદીઓએ માઝા મૂકી હતી ત્યારે તેને રોકવામાં સીઆરપીએફે મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી**

પરિસરની સલામતી માટે પીડીજી એટલે કે પાર્લિયામેન્ટ્રી ડ્યુટી ગ્રૂપ છે. વડાપ્રધાન નિવાસની સલામતી માટે તેની પાસે વિશેષ ડ્યુટી ગ્રૂપ છે. આ ઉપરાંત, સીઆરપીએફ, લોકસભા અને રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં સલામતી માટેનું નોડલ ફોર્સ છે. ચૂંટણીનું મોટા પાયે આયોજન, કર્મચારીઓ અને ચૂંટણી સામગ્રીની હેરફેર કરવી એ પડકારજનક કામ છે. પણ, અન્ય એજન્સીઓની સાથે સીઆરપીએફે લોકશાહીના આ તહેવારો દરમિયાન સલામતી પૂરી પાડવામાં કુશળતા દર્શાવી છે.

માતૃભૂમિની સેવામાં દળના 2235 સૈનિકોએ સર્વોચ્ચ બલિદાન આપ્યું છે. બળના યોધ્ધાઓને આપવામાં આવેલા 2,113 શૌર્યચંદ્રક તેમનાં અદમ્ય સાહસ, વીરતા અને કર્તવ્ય પ્રત્યે સમર્પણનું પ્રમાણ છે. દળને સૌથી પ્રશંસનીય કેન્દ્રીય સશસ્ત્ર પોલિસ દળ હોવાનો ગર્વ છે, જેમાં એક અશોક ચક્ર (સર્વોચ્ચ શાંતિકાલીન વીરતા પુરસ્કાર), 10 કીર્તિ ચક્ર, 26 શૌર્ય ચક્ર અને 201 રાષ્ટ્રપતિ પોલિસ ચંદ્રકનો સમાવેશ થાય છે. ●

# “ભારતનો રસીકરણ કાર્યક્રમ વિશ્વ માટે કેસ સ્ટડી બની શકે છે”



***કોવિડ મહામારીસો સામનો કરવા માટે રસીકરણ હોય કે પછી ભારતીય સંસ્કૃતિ અને ગૌરવને આગળ ધપાવવાનું હોય, ‘ઇન્ડિયા ફર્સ્ટ’ની નીતિ કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ‘મન કી બાત’ કાર્યક્રમમાં રસી, ડોક્ટરોનું સમર્પણ, જળ સંરક્ષણ, ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અને ઓલિમ્પિક સહિતના વિષયો પર વાત કરી. પ્રસ્તુત છે ‘મન કી બાત’ના કેટલાંક અંશઃ***

- **ઓલિમ્પિકમાં ભારતઃ** આપણે મહાન દોડવીર મિલ્ખા સિંહને નહીં ભૂલી શકીએ. રમત પ્રત્યે તેમની સમર્પિતતાથી મને બહુ પ્રેરણા મળી હતી. ટોક્યો જઈ રહેલો દરેક ખેલાડી સંઘર્ષ કરી રહ્યો છે. માત્ર પોતાનાં માટે નહીં, પણ દેશ માટે મહેનત કરી રહ્યા છે. આપણે આ ખિલાડીઓનો ઉત્સાહ વધારવાનો છે. સોશિયલ મિડિયા પર તમે #Cheer4India સાથે શુભકામના આપી શકો છો.
- **રસીકરણઃ** હું આપ સૌને વિજ્ઞાન અને વૈજ્ઞાનિકો પર ભરોસો કરવાનો આગ્રહ કરું છું. આપણે અફવાઓથી દૂર રહેવું જોઇએ. કાશ્મીરના વેયન ગામમાં 100 ટકા રસીકરણનું લક્ષ્ય રાખ્યું અને હાંસલ કર્યું. ક્યારેક ને ક્યારેક વિશ્વ માટે તે અભ્યાસનો વિષય બનશે કે ભારતના ગામડાંના લોકોએ, આપણા વનવાસી-આદિવાસી ભાઇ બહેનોએ કોવિડના સમયમાં પોતાની તાકાત અને સમજણનો પરિચય આપ્યો.
- **નેશનલ ડોક્ટર્સ ડેઃ** આપણા ડોક્ટરોએ પોતાના જીવની પરવાહ કર્યા વિના આપણી સેવા કરી છે. તેથી આ વખતે 1 જુલાઇનો રાષ્ટ્રીય ડોક્ટર દિવસ વધુ મહત્વનો બની જાય છે. એ દિવસે મહાન ડોક્ટર અને રાજકારણી ડો. બી સી રોયની જન્મજંયતિ હોવાથી તેને ડોક્ટર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. કોવિડ કાળમાં ડોક્ટરો સંપૂર્ણ સમર્પણ સાથે આપણી સેવા કરે છે અને આપણી એ ફરજ છે કે આપણે એટલાં જ પ્રેમથી તેમનો આભાર માનીએ.
- **ઔષધીય વનસ્પતિઃ** પૃથ્વી પર એવી કોઇ વનસ્પતિ નથી, જેમાં કોઇ ઔષધીય ગુણો ન હોય. પણ ઘણી વાર આપણને તેનાં વિષે ખબર નથી હોતી. નૈનિતાલના પરિતોષે મને લખ્યું છે કે ગિલોય અને બીજી વનસ્પતિઓના ચમત્કારીક ઔષધીય ગુણો અંગે કોવિડ પછી ખબર પડી. સતનાના રામલોટન કુશવાહાએ પોતાનાં ખેતરમાં ઔષધીય છોડ અને બીજનું સંગ્રહાલય બનાવ્યું છે. દેશનાં અન્ય વિસ્તારોમાં પણ આવું કરવું જોઇએ.
- **જળ સંરક્ષણઃ** જ્યારે વાદળ વરસે છે ત્યારે માત્ર આપણાં માટે નહીં, પણ આવનારી પેઢીઓ માટે પણ વરસે છે. વરસાદનું પાણી જમીનનું જળ સ્તર પણ ઉપર લાવે છે, તેથી હું જળ સંરક્ષણને દેશની સેવા જ માનું છું. સચ્ચિદાનંદ ભારતીએ ઉત્તરાખંડના ઉફરૈંખાલમાં 30,000થી વધુ તળાવોનું નિર્માણ કરાવ્યું છે. બાંદા જિલ્લાના અંધાવ ગામમાં લોકોએ પણ અનોખો પ્રયાસ કર્યો છે.
- **તામિલ ભાષાઃ** ચેન્નાઇના થિરુ આર ગુરુપ્રસાદે લખ્યું છે, “જ્યારે પણ તમે તામિલનાડુની વાત કરો છો ત્યારે મારો રસ વધી જાય છે. તમે તામિલનાડુની તામિલ ભાષા, સંસ્કૃતિ, તહેવારો અને સ્થળોની મહાનતા પર ચર્ચા કરી છે.” ગુરુપ્રસાદે તેનાં પર એક ઇ-બુક લખી છે. દરેક ભારતીયએ એ વાત પર ગર્વ અનુભવવો જોઇએ કે વિશ્વની સૌથી પ્રાચીન ભાષા આપણા દેશની છે.
- **અમૃત મહોત્સવઃ** આઝાદીના 75 વર્ષનો અમૃત મહોત્સવ આપણા માટે મોટી પ્રેરણા છે. આપણો મંત્ર હોવો જોઇએ-‘ઇન્ડિયા ફર્સ્ટ’. આ માટે દેશે અનેક સામૂહિક લક્ષ્ય નક્કી કર્યા છે. હું લોકોને અનુરોધ કરું છું કે તેઓ આ નવી પધ્ધતિથી ઉજવણી કરવા આગળ આવે.

**‘મન કી બાત’ સંપૂર્ણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો**



**Narendra Modi** @narendram...
India's vaccination drive keeps gaining momentum!

Congrats to all those who are driving this effort.

Our commitment remains vaccines for all, free for all.

सबको वैक्सीन, मुफ्त वैक्सीन।




**Rajnath Singh** @rajnathsingh
The Union Government's decision to bifurcate Jammu & Kashmir and Ladakh as two separate UTs has bolstered national security and led to major reduction in terrorist activities and also opened new avenues for the socio-economic development of the people in both the regions.



**Amit Shah** @AmitShah
On International Day Against Drug Abuse and Illicit Trafficking, PM @narendramodi govt reiterates its commitment towards the zero-tolerance policy against all kind of narcotics.

I applaud the efforts of our @narcoticsbureau personnel towards eliminating the drug menace in India.



**Nitin Gadkari** @nitin_gadkari ·
Paving way for the transformation of the fossil fuel ecosystem in the country, the Ministry of Road Transport and Highways has issued a draft notification dated 28th June 2021,...



**Dr. Mahendra Nath Pa...**
मा. पीएम श्री @narendramodiजी के 'आत्मनिर्भर भारत' के विजन को आगे बढ़ाते हुए 1 लाख से अधिक युवाओं को हेल्थसेक्टर में कौशल प्रशिक्षण दिया जाएगा। इससे हेल्थकेयर को एक नया बल मिलेगा व युवाओं को ऑन-द-जॉब प्रशिक्षण के साथ भविष्य में रोजगार के अधिक अवसर मिलेंगे। #SKill4HealthyIndia



**Kiren Rijiju** @KirenRijiju ·
Let's cheer for our Indian Contingent participating in the Tokyo Olympics.

Please click selfies at the SELFIE POINTS installed across Railway Stations and in other locations and share widely to encourage India's participating athletes. #Cheer4India

MANN KI BAAT

## 'Cheer for Olympics team, fight vaccine rumours'

OUR BUREAU
New Delhi, June 27

Prime Minister Narendra Modi on Sunday touched upon a variety of topics including India's preparedness for upcoming Tokyo Olympics, vaccine hesitancy, need to conserve rainwater during the ongoing monsoon as well as Independence Day celebrations coming up soon.

Modi also used his monthly national broadcast Mann ki Baat pay tributes to former Olympian Milkha Singh as well as Guru Prasad Mohapatra, former Secretary of the Department for Promotion of Industry and Internal Trade, both died of Covid-19.

The Prime Minister recollected how legendary Milkha ...

Hockey team member Neha Goyal, race-walker Priyanka Goswami and Shivpal Singh, all whom hailed from humble backgrounds.

He also cited the names of boxer Manish Kaushik and C A Bhavani Devi, first Indian fencer to qualify for Olympics, reminded all Indians about the sacrifices that they and their families made for making them eligible for competing at the highest level and urged people to cheer for them without putting pressure on them.

**Fighting Covid in rural areas**

Talking to two villagers hailed from a village in Betul district of Madhya Pradesh, the Prime Min...



Prime Minister Narendra Modi

100 per cent among people above 18 years of age.

Modi said someday how people living in villages in India during the Covid period displayed their capabilities and understanding by setting up quarantine centres and making Covid protocols as per local requirements among other things ...

contribution of doctors in the Corona period. Our doctors have served us without caring about their lives. Therefore, this time around National Doctors Day becomes all the more special," Modi said. He also cited how Tariq Ahmad Patloo, a Shikara owner in Dal Lake in Srinagar, started a boat ambulance service to help people.

Patloo himself fought the battle with Covid-19 and this inspired him to start the Ambulance Service. A campaign is also underway to make people aware of this ambulance, and continuous announcements from the ambulance are being made by him, the Prime Minister said.

## PM cites mom to fight vax hesitancy

▸ Continued from P 1

Covid is like a master of disguise. It keeps changing its looks, surfaces in myriad new forms and colours," PM Modi said during his conversation with two persons of Dulariya village in Madhya Pradesh's Betul district.

With villagers telling him about rumours in their village that vaccines were even causing deaths, Modi cited his own example and that of his elderly mother to instil a sense of confidence among naysayers. "I've myself been vaccinated with both doses. My mother who is close to a ...



Stop the rumours not only in your village but in other villages too, PM Narendra Modi said in his Mann ki Baat radio address

"You know how much hard work our scientists ...

propagators of falsehood that nothing untoward happened to so many people who have taken vaccine.

"I would urge you and friends like you to stop these rumours not only in your village but in other villages too. Tell people that you interacted with me. Tell them my name," he said.

The Prime Minister also spoke about the upcoming Tokyo Olympics and paid tribute to the legendary Milkha Singh who recently died of Covid-19. Recalling his last conversation with Singh when the latter was in hospital, Modi said he had urged him to motivate the ... Indian contin...

morale of our athletes, and have to motivate them. He was so committed and emotional for sports that he immediately gave his consent even during his illness. But, unfortunately, fate had other plans," Modi added.

The Prime Minister also spoke about certain difficulties faced by some Tokyo-bound athletes due to their poor backgrounds, noting how they reached the highest stage where they will represent India in the Olympics after braving tough phases of their lives. He urged all Indians to cheer for sportspersons who are representing the country.

Emphasising on rainwa...

## Modi: Current challenges demand deeper India-Japan ties

TIMES NEWS NETWORK

**New Delhi:** Underlining the significance of ties with Japan, PM Narendra Modi on Sunday said current challenges demanded that the India-Japan friendship and partnership get even deeper. Modi said the partnership was relevant for global stability and prosperity during the times of Covid-19.

The PM was speaking after virtually inaugurating a Japanese Zen garden and Kai...



PM Modi virtually inaugurates a Zen garden and Kaizen Academy set up in Ahmedabad, on Sunday

zen Academy set up at the Ahmedabad Management Association (AMA).

"The current prime minister of Japan, Yoshihide Suga is a very straight-forward person. PM Suga and I believe during this Covid-19 pandemic crisis, the Indo-Japanese friendship and our partnership has become even more relevant for global stability ...

## Believe in science, shed vaccine hesitancy: Modi

HT Correspondent



Health workers administer doses of Covid-19 vaccines, in Rajasthan's Beawar on Sunday.

## Ayodhya should manifest finest traditions of India, says Modi

**New Delhi:** PM Modi on Saturday reviewed the development plan for Ayodhya and asserted that the temple town in Uttar Pradesh should manifest "the best of our traditions and the best of our developmental transformations".

Speaking at a virtual meeting, which was also attended by Uttar Pradesh chief minister Yogi Adityanath, Modi described Ayodhya as a city that is etched in ...



PM Modi said the human ethos of Ayodhya must be matched by futuristic infrastructure

global tourism hub and a sustainable smart city.

At the meeting, the PM was informed about various upcoming and proposed infrastructure projects to improve connectivity with Ayodhya and various projects like airport, expansion of railway station, bus station, roads and highways were discussed. The PM said. Modi said that the coming generations should feel the desire to visit Ayodhya ...

RNI No. :
DELGUJ/2020/78810
July 16-31, 2021

New India SAMACHAR Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date July 1, 2021, Pages - 48)



# રાષ્ટ્ર રત્ન

## ડો. એપીજે અબ્દુલ કલામ

**15 ઓક્ટોબર 1931 | 27 જુલાઈ 2015**

ડો. અવુલ પાકીર જૈનુલબદીન અબ્દુલ કલામ બાળપણમાં અખબારો વહેંચવાનું કામ કરતા હતા. પક્ષીઓને ઉડતા જોઈને એરોનોટિકલ એન્જિનિયર બનવાનું સ્વપ્ન જોયું. આ સપનું હકીકતમાં પરિવર્તિત થયું તો દુનિયા તેમને 'મિસાઈલ મેન'ના નામે ઓળખવા માંડી. ઈસરોમાં વૈજ્ઞાનિક, ડીઆરડીઓના મહાનિદેશક, 1998નાં પોખરણ પરીક્ષણમાં મહત્વની ભૂમિકા, પૃથ્વી, અગ્નિ, ત્રિશુળ, નાગ જેવી મિસાઈલોના જનક, સંરક્ષણ મંત્રીના વૈજ્ઞાનિક સલાહકારથી ભારતના 11મા રાષ્ટ્રપતિ સુધીની તેમની યાત્રા માણસને સપનાં જોવાની અને તેને પૂરાં કરવા માટે ખૂબ મહેનત કરવાની પ્રેરણા આપે છે. સાદગીસભર એવી વ્યક્તિ, જેઓ હૃદયને, ભાવનાઓને, સપનાઓને, ઈચ્છાઓ અને આશાઓને નજીકથી સ્પર્શી શક્યા. ડો. કલામને તેમની સાધારણ જીવનશૈલી માટે પણ યાદ કરવામાં આવે છે. તેમણે સામાન્ય માણસો માટે રાષ્ટ્રપતિભવનના દરવાજા ખોલ્યા. 1981માં પદ્મ ભૂષણ અને 1990માં પદ્મ વિભૂષણ અને 1997માં ભારત રત્નથી સન્માનિત ડો. કલામ કહેતા હતા, "સપના એ નથી હોતા, જે રાત્રે ઉંઘતી વખતે આવે, પણ સપના એ છે જે રાત્રે સુવા જ ન દે." તેઓ હંમેશા વિદ્યાર્થીઓને પ્રિય હતા. લેખનની સાથે તેઓ મોટો વારસો છોડતા ગયા. 27 જુલાઈએ તેમની છઠ્ઠી પૂણ્યતિથીએ નમન....

" કલામ ઈચ્છતા હતા કે દેશ શક્તિશાળી બને, ભારત શક્તિશાળી બને. માત્ર શસ્ત્રોથી દેશ શક્તિશાળી બને એ કલામ સાહેબની દ્રષ્ટી નહોતી, દેશનાં સામાન્ય લોકોની તાકાત પણ વધવી જોઈએ. તેથી, તેઓ નવી ટેકનિક અને રિસર્ચ પર પણ ભાર મૂકતા હતા. કલામ એવી શખ્સિયત હતી, જે પહેલાં રાષ્ટ્ર રત્ન હતા, પછી રાષ્ટ્રપતિ બન્યા."   - **નરેન્દ્ર મોદી**

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from Bureau of Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Viba Press Pvt. Ltd. C-66\3, Okhla Industrial Area Phase-II, New Delhi-110020